### શિક્ષણ સર્વદાનો ૧૨માં વર્ષમાં પ્રવેશ

# શિક્ષણ જગત માટે અખબારી ધર્મ નિભાવ્યાનો આત્મસંતોષ

**જયેશ બ્રહ્મભટ્ટ**

૨૩મી ઓક્ટોબર ૨૦૦૬ના દિવસે શિક્ષણ સર્વદા પખવાડિકનો પ્રથમ અંક પ્રકાશિત થયો હતો ત્યારથી અત્યાર સુધીની લાગલગાટ સફરમાં શિક્ષણ સર્વદાનો આ સળંગ ૨૬૩મો અંક છે. દર વર્ષે ૨૪ અંકો અને કારકિર્દી પુસ્તક પ્રકાશિત કરતા શિક્ષણ સર્વદાની ટીમને એ વાતનો આત્મસંતોષ છે કે ૧૧ વર્ષની સફર દરમિયાન અમે શિક્ષણ જગતને પોતિકુ અખબાર આપવા ઉપરાંત અમે અખબારી ધર્મને સુપેરે બજાવી શક્યા છીએ. સમગ્ર ગુજરાતમાં આજે શિક્ષણ સર્વદા ગણનાપાત્ર સ્થાન ધરાવે છે એ બાબતનો હરખ થાય સ્વાભાવિક છે. અમે શિક્ષણ સર્વદાના માધ્યમથી શિક્ષણ જગતમાં થઈ રહેલા ફેરફારો, નવીનત્તમ સમાચારો, ઘટનાઓ વગેરેથી અમારા લવાજમધારકો અને વાચકોને વાકેફ કર્યા છે. કારકિર્દી પુસ્તક થકી અંદાજે ૨ લાખથી વધુ વિદ્યાર્થીઓને કારકિર્દીની દિશા સૂચવી શકયા છીએ. ૨૦૫ જેટલા કરિયર ગાઇડન્સ સેમિનાર કરીને શિક્ષણ સર્વદાએ કારકિર્દી માર્ગદર્શન ક્ષેત્રમાં જે કામગીરી કરી છે તેનો આત્મસંતોષ અમને વધુને વધુ પ્રોત્સાહિત કરે છે. અમે ટીમ શિક્ષણ સર્વદા કંઈક નવું પ્રદાન કરવા માટે ટેવાય ગયા છીએ.

સમગ્ર ગુજરાતમાં આજે શિક્ષણ જગતનું પોતિકું અખબાર ભાગ્યે જ કોઈ હશે જે, શિક્ષણ સર્વદાની જેમ સંસ્થાઓની પ્રવૃતિઓને પ્રોત્સાહિત કરતું હોય, જે અખબાર મુક્ત મને અને નિસ્વાર્થ પણે સંસ્થાઓની અખબારી યાદીઓ તસ્વીરો સમેત પ્રકાશિત કરતું હોય, અને સૌથી વધુ પ્રોત્સાહિત કરતી બાબત જો કોઇ હોય તો એ નિયમિત રીતે થઇ રહેલું શિક્ષણ સર્વદાનું પ્રકાશન છે.

અમને એ વાતનો પણ અદ્વિતિય આનંદ છે કે અમે માહિતી આપનાર બની શક્યા છીએ. આજના જમાનામાં સચોટ ઇન્ફર્મેશન પ્રોવાઇડર હોવું એ ગૌરવ પ્રેરક બાબત છે. સુરત શહેર કે દક્ષિણ ગુજરાતના વિસ્તારોની શાળામાં જ્યારે કારકિર્દીના વિકલ્પો અંગેનો કોઇક પ્રશ્ન ઉપસ્થિત થયો હોય કે પ્રવેશ પરીક્ષા કે પ્રક્રિયા સંદર્ભે કોઇ મૂંઝવણ હોય, શિક્ષણ સર્વદાને લોકોએ સૌપ્રથમ યાદ કર્યું છે અને અમે સચોટ માહિતી પૂરી પાડી શક્યા છીએ. અમે જે કામગીરી કરીએ છીએ તેના માટે અમારે કોઈના પ્રમાણપત્રની જરૂર નથી. આત્મસંતોષ અમારા માટે પ્રેરકબળ સમાન છે અને આજથી ૭ વર્ષ અગાઉ જે ધૂણી ધખાવેલી હતી એ જ ધૂણી અને ધખાવેલી રાખીશું તેમાં બે મત નથી.

વધુમાં અમને ભૂતકાળમાં શુભેચ્છા જાહેરાત આપીને આર્થિક રીતે સહાયભૂત થનાર સૌ કોઈ સંસ્થા, વ્યક્તિઓ, હસ્તીઓનું અમે જાહેર રુણ અદા કરીએ છીએ . શિક્ષણ સર્વદાના સંવર્ધન માટે આપનો સહયોગ અત્યંત અમૂલ્ય છે. હરહંમેશ આપનો સહકાર મળતો રહે તેવી અમે અપેક્ષા રાખીએ છીએ.

અંતમાં શિક્ષણ સર્વદાના દશાબ્દિ વર્ષ નિમિત્તે શિક્ષણ સર્વદાને પોતિકું અખબાર માનતા સર્વે શાળા સંચાલકો, આચાર્યો, શિક્ષણ શ્રેષ્ઠીઓ વગેરેને નમ્ર અપીલ છે કે વર્ષ દરમિયાન શિક્ષણ સર્વદાને ફૂલ નહીં તો ફૂલની પાંખડી સમાન જાહેરાત સહયોગ કરે, જેથી વિદ્યાર્થીઓના હિતમાં આ અખબાર સતત સક્રિય રહી શકે. ફરી એક વખત આ સૌના અમો આભારી છીએ.

# સ્પર્ધાત્મક પરીક્ષા વિના ઉજ્જવળ કારકિર્દી શક્ય નથી

**સર્વદા ન્યૂઝ**

સુરત શહેર અને જિલ્લા કે દક્ષિણ ગુજરાતમાંથી ધો. ૧૨ સાયન્સના બહુ અલ્પ સંખ્યામાં વિદ્યાર્થીઓ દેશ-વિદેશમાં પ્રખ્યાત મેડિકલ અને એન્જિનિયરિંગ કોલેજોમાં પ્રવેશ માટેના ગેટવે ગણાતી નીટ(એઆઈપીએમટી), સેટ, ગેટ, એઇમ્સ, બીટસ, કોમેડ-કે, આઇઆરએસ, પીવીટી, ક્લેટ, કેટ, જેઇઇ, એડવાન્સ્ડ, નાટા, જી.આર.ઇ., નેટ, સ્લેટ, ટાટ, એચ ટાટ, પબ્લિક, નીમ્સ, યુગેટ, આઇઆઇએમ આઇપીએમ, એન.ડી.એ. સર્વિસ કમિશન જેવી રાષ્ટ્રવ્યાપી પ્રવેશ પરીક્ષામાં ભાગ લે છે. પરીણામે સુરતના વિદ્યાર્થીઓ આઈઆઈટી જેવી પ્રીમિયર સંસ્થાઓમાં પ્રવેશથી વંચિત રહે છે. સુરત શહેર જિલ્લા ઉપરાંત સમગ્ર દક્ષિણ ગુજરાતના વિસ્તારોમાંથી વધુને વધુ વિદ્યાર્થીઓ પ્રીમિયર એન્ટ્રન્સ ટેસ્ટમાં ભાગ લે તે માટે પ્રયાસો થવા ઘટે છે. હવે આગામી શૈક્ષણિક સંત્રથી રાષ્ટ્રીય કક્ષાની વધુ સ્પર્ધાત્મક પરીક્ષાઓ લોંચ થઇ રહી છે ત્યારે દરેક શાળાના આચાર્યો આ પૂર્વે શાળામાં વાલી મિંટીંગો યોજીને વિદ્યાર્થીઓને અત્યારથી જ સ્પર્ધાત્મક પ્રવેશ પરીક્ષાઓ માટે માનસિક રીતે પ્રિપેર કરાવે તે ખૂબ જરૂરી બન્યું છે. વિદ્યાર્થી ભલે પ્રવેશ માટે ગુજરાતની કે સુરતની કોલેજોમાં જ આશા રાખતો હોય પરંતુ, સ્પર્ધાત્મક પ્રવેશ પરીક્ષા આપવામાં વાંધો શું? વિદ્યાર્થીને પોતે તેની કાર્યક્ષમતાનો ખ્યાલ આવે એટલું જ નહીં પરંતુ, શક્ય છે કે વિદ્યાર્થી પોતાની કાર્યકુશળતાના આધારે દેશ વિદેશમાં ખ્યાતનામ અભ્યાસક્રમોમાં પ્રવેશ મેળવી પણ શકે.

આઈઆઈટી તથા આઈઆઈએમ

## સાયન્સ કે કોમર્સ ભણતા વિદ્યાર્થીઓએ નાટા, ક્લેટ, એઈમ્સ, એડવાન્સ્ડ, ગેટ, જીસેટ સહિતની એપ્ટિટ્યુડ ટેસ્ટ જેવી રાષ્ટ્રવ્યાપી પરીક્ષાઓ આપવી જોઈએ

જેવી સંસ્થાઓ ભારત દેશમાં જ નહીં બલ્કે વિદેશોમાં પણ અગ્રગણ્ય અને પ્રતિષ્ઠિત શૈક્ષણિક સંસ્થાઓ ગણાય છે. તદુપરાંત એઇમ્સ જેવી મેડિકલ કોલેજો વિશ્વ વિખ્યાત છે. આવી સંસ્થાઓમાં તેમજ જુદા જુદા રાજ્યોમાં આવેલી ખ્યાતનામ મેડિકલ, ઇજનેરી કોલેજોમાં પ્રવેશ માટે એપેક્ષ બોડી ગણાતી સંસ્થાઓ દ્વારા પ્રવેશ પરીક્ષાઓ લેવામાં આવે છે. આ પૈકી સીબીએસઇ બોર્ડ દ્વારા ઓલ ઇન્ડિયા પ્રી મેડિકલ ટેસ્ટ (એઆઈપીએમટી) લેવાય છે તદુપરાંત આઈઆઈટી માં પ્રવેશ માટેની જોઇન્ટ એન્ટ્રન્સ એકઝામ (જેઇઇ) દર વર્ષે લેવાય છે. ધો. ૧૨ની પરીક્ષાઓ બાદ રાષ્ટ્રવ્યાપી ધોરણે આ પરીક્ષાઓનું આયોજન થાય છે.

બીજી તરફ કોમર્સના વિદ્યાર્થીઓએ પણ ઇન્દૌર આઇ.આઇ.એમ.ની ઇન્ટિગ્રેટેડ પી.જી. કોર્સની ટેસ્ટ, કોમન લો એન્ટ્રન્સ ટેસ્ટ (ક્લેટ), સી.એ. માટે કોમન પ્રોફિશ્યીન્સી ટેસ્ટ, આર્કીટેક્ચરમાં પ્રવેશ માટેની નાટા, બેંક તેમજ ઇન્સ્યુરન્સમાં પ્રવેશ માટેની એન્ટ્રન્સ એકઝામ આપવી જોઇએ. કેટલાક કિસ્સાઓમાં તો એમ.એસસી. આઇટી તેમજ પાંચ વર્ષના અન્ય ઇન્ટીગ્રેટેડ અભ્યાસક્રમોમાં પ્રવેશ માટેની પણ પરીક્ષાઓ વગર ઉજ્જવળ કારકિર્દી શક્ય જણાતી નથી.

દેશમાં આવેલી નેશનલ કક્ષાની સંસ્થાઓમાં પ્રવેશ માટે આ સ્પર્ધાત્મક પ્રવેશ પરીક્ષાઓ ફરજિયાત છે. આમ છતાં, સુરત શહેરના બહુ ઓછા વિદ્યાર્થીઓ આ પરીક્ષા આપતા હોય છે. સુરત શહેર જિલ્લા કે દક્ષિણ ગુજરાતના વિદ્યાર્થીઓ ગુજરાત માધ્યમિક બોર્ડ દ્વારા લેવામાં આવતી ગુજરાત કોમન એન્ટ્રન્સ ટેસ્ટ જ આપીને સંતોષ માનતા હોય છે.

તદુપરાંત હવે તો સરકારી નોકરી હોય કે શિક્ષક પ્રોફેસરની જોબ હોય કે પછી બેંક અગર તો વિમા કંપનીઓની નોકરી હોય બધી જ જગ્યાએ સ્પર્ધાત્મક પરીક્ષાનો જ માહોલ આવી ચૂક્યો છે. આવી સ્થિતિમાં સ્પર્ધાત્મક પરીક્ષા વગર ઉજ્જવળ કારકિર્દી શક્ય બની શકતી નથી.

### લાઈસન્સ વિના વાહન ચલાવતા છાત્રોને પકડવા માટે ચેકિંગ કરાશે

સ્કૂલના બાળકો લાઈસન્સ ન હોવા છતાં વાહનો લઈ બેફામ ડ્રાઈવિંગ કરતા હોવાનું ધ્યાને આવતા હવે છઝઘ દ્વારા સ્કૂલો પર ઓચિંતી તપાસ હાથ ધરવાનો નિર્ણય લીધો છે. જેના માટે રાજ્યના તમામ આર.ટી.ઓ.ની ટીમ સ્કૂલ શરૂ થવાના સમયે અથવા તો સ્કૂલ છુટવાના સમયે સ્કૂલની બહાર ઉભા રહીને લાઈસન્સ વગર વાહન લઈને આવતા વિદ્યાર્થીઓને પકડશે. જો વિદ્યાર્થીઓ લાઈસન્સ વગર વાહનો લઈને આવેલા જણાશે તો તેમની સામે દંડની જોગવાઈ કરાશે. સ્કૂલના બાળકો લાઈસન્સ ન હોવા છતાં વાહનો લઈને સ્કૂલે જતાં હોઈ રાજ્યમાં મોટા શહેરોના આરટીઓ દ્વારા જિલ્લા શિક્ષણાધિકારીને પત્ર લખી કાર્યવાહી અંગે જાણ કરી હતી.

### કોલેજમાં પ્રવેશ મળે એટલે કારકિર્દી બની જતી નથી

ધો.૧૨ સાયન્સમાં મેથ્સ ગ્રુપ પાસ કર્યા બાદ ઓનલાઇન એડિમશન મારફતે એન્જિનિયરિંગ કોલેજમાં પ્રવેશ મેળવી રહેલા વિદ્યાર્થીઓ તથા તેમના વાલીઓએ એ વાત ખાસ નોંધવી જોઈએ કે એન્જિનિયરિંગમાં પ્રવેશ મેળવી લેવાથી એન્જિનિયરની ડિગ્રી મેળવી શકાતી નથી. આ હકીકત એવી છે કે કદાચ કોઈ કોલેજ સંચાલક, આચાર્ય કે પ્રોફેસર તમને કહેશે નહીં પણ વિદ્યાર્થી હિતમાં શિક્ષણ સર્વદા કહે છે કે એન્જિનિયરિંગના એક બેચમાં જોડાતા ૬૦ વિદ્યાર્થીમાંથી માંડ ૧૦ જેટલા વિદ્યાર્થીઓ નિર્ધારિત સમય મર્યાદામાં ડિગ્રી એન્જિનિયરિંગની પદવી હાંસલ કરી શકતા હોય છે. મોટા ભાગે ધો.૧૨ વિજ્ઞાન પ્રવાહ પાસ કર્યા પછી વિદ્યાર્થીઓમાં એવો ઓવર કોન્ફિડન્સ આવી જાય છે કે તેઓ બધી વસ્તુને લાઈટલી લેવા માંડે છે અને તેમાં કારકિર્દી ધૂળધાણી બની જતી હોય છે. વિદ્યાર્થીઓએ ખુદ સમજવું જોઈએ કે ધો.૧૨માં તેઓ જે ભણ્યા છે તેનાથી સાવ વિપરિત વિષયો તેઓ ભણી રહયા છે. ધો.૧૨ અને એન્જિનિયરિંગના પહેલા સેમેસ્ટરના અભ્યાસક્રમ વચ્ચે બહુ મોટી ખાય હોય છે.




## શિક્ષણ સર્વદાનું પર્વ !

સુરત શહેરનું ખમીર છે,
સુરત શહેરનું હીર છે.
શ્રી ફળના ફળ મળે સર્વદા...
કોઇ દિ'વાતો કરે યુનિવર્સિટીની,
તો કોઇ દિ'વાતો કરે પરસોનોલિટીની.
શ્રીફળના ફળ મળે સર્વદા...
પળ પળ વાતો કરે સિક્-ક્ષણની,
હરપળ વાતો કરે સાચા શિક્ષણની.
શ્રીફળના ફળ મળે સર્વદા...
વાતો કરે શાળા-કોલેજની,
વાતો કરે ભરપુર નોલેજની.
શ્રીફળના ફળ મળે સર્વદા...
થાય વાતો વિદ્યાર્થી ઘડતરની,
દુર થાય કચાશ ભણતરની.
શ્રી ફળના ફળ મળે સર્વદા...
વાતો થાય ચાલક, બાલક અને પાલકની,
મળે ખજાનો મજાનો વાંચકને.
શ્રી ફળના ફળ મળે સર્વદા...
ફેલાવો શહેરમાં શિક્ષણની લહેર,
કુદરતી રહેશે સદાય મહેર.
શ્રીફળના ફળ મળે સર્વદા...
શિક્ષણમાં સર્વદા છે, વિશેષ,
મળે ચારે કોરથી આશિષ.
શ્રીફળના ફળ મળે સર્વદા,
કરો બીજા વર્ષમાં મંગળ પ્રવેશ,
ભાઇશ્રી જયેશ.
શ્રીફળના ફળ મળે સર્વદા...

**ડૉ. કિશોરભાઇ** પટેલ



શ્રેષ્ઠ શિક્ષક રાજ્ય
પારિતોષિક વિજેતા ૨૦૦૬
ટેકરાવાળા ઉ.મા. શાળા, સુરત



આનંદભરી દિવાળી ની ખુબ ખુબ શુભકામનાઓ અને
નૂતન વર્ષાભિનંદન!

Laxmi Diamond ESTD. 1972
GAJERA TRUST
Laxmi Developers
CYGNUS

શિક્ષણ સર્વદાને ૧૧ વર્ષ પૂર્ણ કરવા બદલ હાર્દિક શુભકામનાઓ

ગુજરાતનું શ્રેષ્ઠ શૈક્ષણિક સંકુલ
GATEWAY TO BRIGHT FUTURE



★ PHARMACY ★ ENGINEERING ★ DIPLOMA ENGINEERING ★ MANAGEMENT
★ PHYSIOTHERAPY ★ NURSING ★ COMPUTER APPLICATION ★ BIO-TECH ★ MICRO BIOLOGY ★ CHEMISTRY
★ MATHEMATICS ★ STATISTICS ★ COMMERCE ★ ARCHITECTURE ★ FASHION DESIGNING ★ INTERIOR DESIGNING

બારડોલી પ્રદેશ કેળવણી મંડળ સંચાલિત
UKA TARSADIA UNIVERSITY
Approved by: Gujarat Govt. under Private University act No. 25 of 2011 & Section 22 of UGC act 1956
માલીબા કેમ્પસ
બારડોલી-મહુવા રોડ ફોનઃ ૦૨૬૨૫ ૨૯૦૦૨૦, ૨૯૦૦૭૪ website: www.utu.ac.in

એડમિશન લેતાં પહેલાં માલીબા સંકુલની અવશ્ય મુલાકાત લો.

## ગૂગલ માહિતી આપી શકે, જ્ઞાન નહીં

વિદ્યાર્થીઓના સમૂહને પોતાના એક સંબોધનમાં વડાપ્રધાને જણાવ્યું હતું કે, આજે દુનિયામાં સારા શિક્ષકોની કમી છે. ભારત યુવાઓનો દેશ છે તો શું આપણે સારા શિક્ષકો વિશ્વને પૂરા ન પાડી શકીએ? આપણા બાળકો કેમ સાર શિક્ષકો બનવાનું નથી ઈચ્છતા? તેમણે વિદ્યાર્થીઓને કહ્યું હતું કે, તમારા પણ સ્વપ્ન હશે, જો તમે આગળ વધવા ઈચ્છશો તો કોઈ તાકાત તમને રોકી નહીં શકે.

વિદ્યાર્થીઓએ પણ વડાપ્રધાનને અનેક સવાલો કર્યા હતા. તેમણે કહ્યું હતું કે, શિક્ષકનું કામ છે વિદ્યાર્થીઓના સારા ગુણ ઓળખવાનું, તેને મઠારવાનું. જેમ મા પોતાના દરેક બાળકનું બરાબર ધ્યાન રાખે છે તેમ શિક્ષકે પણ પોતાના બધા વિદ્યાર્થીઓનું બરાબર ધ્યાન રાખવું જોઈએ. ટેક્નોલોજીના જમાનામાં વિદ્યાર્થીઓ ઈન્ટરનેટનો વધુ ઉપયોગ કરતાં થયા છે ત્યારે, પીએમે તેમને કહ્યું કે, ગૂગલ તમને માહિતી આપી શકશે પણ જ્ઞાન નહીં. વિદ્યાર્થીઓને પીએમે વાંચનનું મહત્વ સમજાવી તેમને મહત્તમ વાંચન કરવા જણાવ્યું હતું.

વિદ્યાર્થીઓને જીવનચરિત્રો વાંચવાની અને તેમાંથી પ્રેરણા લેવાની તેમજ સત્ય શોધવાની પીએમે સલાહ આપી હતી કે, ખૂબ કામ કરો, ખૂબ રમો અને ખૂબ પરસેવો વહાવો. પીએમે પોતાના જાપાનના પ્રવાસના અનુભવો પણ વિદ્યાર્થીઓ સાથે શેર કર્યા હતા. જાપાનમાં બાળકોને પહેલાથી જ ચોખ્ખાઈ, શિસ્ત અને બીજાઓને માન આપતા શિખવવામાં આવે છે. રાજકારણ પર પુછવામાં આવેલા સવાલનો જવાબ આપતા તેમણે કહ્યું હતું કે, પોતે રાજકારણને વ્યવસાય નહીં પરંતુ, સેવા માને છે. દરેકે કંઈક બનવાનું નહીં પરંતુ કંઈક કરવાનું સ્વપ્ન જોવું જોઈએ.

# શિક્ષકત્વ એક નશો!!!

મુંબઇની એક મોટી હૉસ્પિટલમાં એક વૃદ્ધ વ્યક્તિને ઇમરજન્સી વોર્ડમાં દાખલ કરવામાં આવી. તેના થોડાં જ કલાકોમાં હોસ્પિટલના ખૂબ કાબેલ અને હોશિયાર ડોક્ટર દોડતાં-દોડતાં આવ્યા અને તેમની સેવામાં લાગી ગયા. દિવસ-રાત જોયા વિના તેમણે પેલા વૃદ્ધની સેવા ચાલી રાખી. તેમની સેવામાં એક નર્સને પણ નિયુક્ત કરી. એક દિવસ નર્સથી  ન રહેવાતા તેમણે પેલી વૃદ્ધ વ્યક્તિને પૂછ્યું, ‘સાહેબ, તમે કોઇ મોટા ઉદ્યોગપતિ કે નેતા છો?’ અમારા સાહેબ તમને જરાય છોડતા નથી. હસતાં-હસતાં પેલી વૃદ્ધ વ્યક્તિએ જવાબ આપ્યોઃ ‘હું કોઇ ઉદ્યોગપતિ કે નેતા નથી, હું તો તમારા આ ડોક્ટર સાહેબની શાળાનો શિક્ષક છું.’


શિક્ષકત્વ એક નશો છે. જે વ્યક્તિમાં આ નશો ન હોય તેમણે ડિગ્રી હોવા છતાં શિક્ષક થવાનું ટાળવું જોઇએ. કયા શિક્ષકે અભ્યાસક્રમ સૌથી પહેલો-વહેલો પૂર્ણ કર્યો હતો તે વિદ્યાર્થીઓને ક્યારેય યાદ રહેતું નથી, પરંતુ, મુશ્કેલીના સમયે કયા શિક્ષકે ખભે હાથ મૂકેલો તે ચોક્કસ યાદ રહે જ છે. પોતાના વિષયમાં ખૂબ નિષ્ણાંત શિક્ષક ઘણી વાર બાળકોના મન સુધી ન પણ પહોંચે એવું પણ બને ખરું.

**ડૉ. સોનલ દેસાઇ**
આચાર્યા,
વી.ડી. દેસાઇ (વાડીવાળા
પ્રાથમિક શાળા, સૂરત

આજનો શિક્ષક એટલે સુપરમેન હોવો જ ઘટે. વિષયમાં નિપૂણતા, અન્ય વિષયોની પણ જાણકારી, ટેક્નોલોજીથી સંપૂર્ણ માહિતગાર, દેશ-દુનિયાથી સતત અપડેટ, હૃદયના  ઊંડાણથી બાળક માટે પ્રેમ, બાળકની મુશ્કેલીના સમયે કૃષ્ણની જેમ સારથી બની હંમેશા સહાયભૂત થવા માટે તૈયાર રહેનાર સફળ શિક્ષક છે. વેકેશનના સદુપયોગ બાદ સતત શાળા ખૂલવાની રાહ જોતો શિક્ષક વંદનીય છે.

હાલમાં જ સુપ્રિમ કોર્ટે શિક્ષકો માટેનો લોગો જાહેર કર્યો, જેને દરેક શિક્ષક પોતાના વાહન પર પણ લગાડી શકશે. દુનિયાના ઘણાં દેશોમાં શિક્ષકોને વધુ માનનીય દૃષ્ટીથી જોવાય છે, તેમને ઘણાં વિશિષ્ટ હકો પણ અપાયેલા છે. શિક્ષક હોવું એ ગર્વની લાગણી હોવી જોઇએ. જેની ગણના ઇશ્વરની સમકક્ષ કરવામાં આવી છે તે શિક્ષક. શિક્ષકે પણ પોતાની વાણી, વર્તન, વ્યવહાર અને વ્યક્તિત્વ તેના વ્યવસાયને ઉજાગર કરે તેવા રાખવા જોઇએ.

આજે સાતમો પગારપંચ મેળનારા શિક્ષકોમાંથી કેટલાંએ એવું કહ્યું કેઃ આવતી કાલથી અડધોથી એક કલાક શાળામાં વધુ ગાળીશ, નબળા વિદ્યાર્થીને વધારાનું માર્ગદર્શન આપીશ. મારા વિષયમાં ઊંડાણ પ્રાપ્ત કરીશ, નવી નવી ટેક્નોલોજી શીખીશ. મારા થકી શાળાને, બાળકોને, સમાજને અને રાષ્ટ્રને વધુ ઊંચાઇએ લઇ જવાનો પ્રમાણિક પ્રયત્ન કરીશ. મને મળતી હક રજાઓમાંથી થોડી રજાઓ ઓછી કરીશ અર્થાત્ શૈક્ષણિક કાર્ય કરીશ. સતત પગાર વધારો, રજાઓ જેવા વિષયો પરત્વે સજાગ શિક્ષક પોતાની ફરજ પરત્વે પણ એટલો જ સભાન હોવો જોઇએ. નિવૃત્તિ બાદ પણ પેન્શન મેળવતાં શિક્ષકોએ થોડા કલાકોનું શૈક્ષણિક કાર્ય ચાલુ રાખવું જ જોઇએ.




# ૬૦ લાખ યુવાઓ આર્ટસ કોલેજોમાં જોડાતા હોય છે!!

તાજેતરમાં યુનિવર્સિટી ગ્રાન્ટસ કમિશને તૈયાર કરાવેલા રિપોર્ટમાં એક ચોંકાવનારી વિગત એ પણ પ્રકાશમાં આવી કે ભારતમાં દર વર્ષે કોલેજ જતા યુવાઓ પૈકી ૩૬ ટકા એટલે કે અંદાજે ૬૧ લાખ જેટલા કોલેજિયનો  આર્ટસ ફેકલ્ટીમાં જોડાતા હોય છે. આર્ટસ ફેકલ્ટીનો વર્તમાન સમય-સંજોગોમાં વ્યવસાયલક્ષી માનવામાં આવતી નથી. પરંતુ, દાયકાઓથી ચાલી આવતી પરંપરા અનુસાર આર્ટસ અને કોમર્સની કોલેજો જ સૌથી વધુ સ્થપાયેલી છે.

ભારતમાં કોલેજોમાં જતા વિદ્યાર્થીઓની સંખ્યાને ફેકલ્ટી અનુસાર વર્ગીકૃત કરવામાં આવે તો વર્ષ ૨૦૧૧-૧૨માં કુલ ૬૧,૭૭,૭૩૦ વિદ્યાર્થીઓ એટલે કે કુલ યુવાધનના ૩૬ ટકા વિદ્યાર્થીઓ આર્ટસ ફેકલ્ટીની કોલેજોમાં પ્રવેશ મેળવતા હોય છે. આર્ટસ ફેકલ્ટીમાં હ્યુમેનિટીઝ, સોશ્યલ સાયન્સ, પરફોર્મિંગ આર્ટસ, હોમ સાયન્સ, ભાષાઓ વગેરેની કોલેજો સમાવિષ્ટ છે.એ પછી સૌથી વધુ વિદ્યાર્થીઓ સાયન્સ ફેકલ્ટીમાં જોડાતા હોય છે. સાયન્સ ફેકલ્ટીમાં ગત વર્ષે ભારતના ૧૮.૪૨ ટકા યુવાઓ એટલે કે કુલ ૩૧,૨૭,૦૪૨ વિદ્યાર્થીઓ જોડાયા હતા. સાયન્સ ફેકલ્ટીમાં ફિઝિક્સ, કેમેસ્ટ્રી, બાયોલોજી, મેથેમેટિક્સ, હોમસાયન્સ, કમ્પ્યૂટર વગેરે અભ્યાસક્રમોનો સમાવેશ થાય છે.

એ પછીના ક્રમે સૌથી વધુ કોલેજિયનો કોમર્સ અને મેનેજમેન્ટ કોલેજોમાં જોડાય છે. ૨૦૧૧-૧૨ના વર્ષમાં કુલ ૧૭,૦૪,૭૫૨ વિદ્યાર્થીઓ આ ફેકલ્ટીની કોલેજોમાં જોડાયા હતા. એ પછી બહુ જૂજ વિદ્યાર્થીઓ સંપૂર્ણપણે વ્યવસાયલક્ષી કહી શકાય તેવી કોલેજોમાં જોડાયા હતા. જેમાં ૨૮,૬૨,૪૩૯ (૧૬.૮૬ ટકા) જેટલા યુવાઓ એન્જિનિયરિંગ અને ટેકનોલોજી ફેકલ્ટીમાં જોડાયા હતા. મેડિકલ અને પેરામેડિકલ ક્ષેત્રમાં કુલ ૬,૬૫,૫૩૩ વિદ્યાર્થીઓ જોડાયા હતા. જ્યારે ટિચિંગ લાઇનમાં જવાવાળા વિદ્યાર્થીઓની સંખ્યા ૫,૬૯,૯૬૧ની હતી. વકીલાતના વ્યવસાયનો અભ્યાસ કરનારાઓની સંખ્યા ૩,૨૭,૧૪૬ અને એગ્રિકલ્ચર લાઇનમાં જવાવાળા બાળકોની સંખ્યા ૯૩,૧૬૬ જેટલી હતી. આ આંકડા સૂચવે છે કે ભારતીય યુવા કઈ દિશા તરફ આગળ વધી રહયા છે.

**શિક્ષણ સર્વદા**
**કારકિર્દી પુસ્તક**
ધો.૧૨ સાયન્સ, કોમર્સ પછીના
વ્યવસાયલક્ષી અભ્યાસક્રમોની
માહિતીથી ભરપૂર પુસ્તક વધુ
ઇન્ક્વાયરી માટે સંપર્ક કરો
૯૮૨૫૩૪૪૯૪૪

## સાચો શબ્દપ્રયોગ પ્રોબ્લેમ ચાઇલ્ડ નહીં, પ્રોબ્લેમ પેરન્ટ્સ હોવો જોઈએ


# બાળકો પ્રોબ્લેમેટિક કે માબાપ?

કેટલાક લોકો કેટલી આસાનીથી ખોટું બોલી શકતા હોય છે! એમાંય જો તમારા પરિવારમાં કે તદ્દન નિકટના વર્તુળમાં આવી વ્યક્તિઓ હોય તો કેવું અનકમ્ફર્ટેબલ ફીલ થાય! અલબત્ત, તમને એવી આદત ન હોય તો. નાનીનાની બાબતોમાં ખોટું બોલવું કે હકીકતને મારીમચડીને રજૂ કરવી કે વાતમાં મીઠુંમરચું ભભરાવીને કહેવી એ કેટલાક લોકોની પ્રકૃતિ જ બની ગઈ હોય છે. અને દુ:ખની વાત એ છે કે કેટલાક લોકોને તો એ ખ્યાલ જ નથી આવતો કે તેઓ આ ખોટું બોલી રહ્યા છે!

વ્યક્તિ કેટલી પ્રામાણિક કે સાચું બોલનારી છે એનો ખ્યાલ એ જયારે કોઈ વાતનો અહેવાલ આપી રહી હોય કે કોઈ સ્થિતિનું વર્ણન કરી રહી હોય ત્યારે પારખી શકાય છે. ટ્રેનમાં એક પુરુષ મોબાઇલ પર વાત કરી રહ્યો હતો. સામેની વ્યક્તિએ શાયદ તેને પૂછ્યું કે તમે ક્યાં છો? એ પુરુષે જવાબ આપ્યો કે હું ઓફિસમાં છું! એ ફોન મૂકીને તેણે બીજો કોઈ નંબર જોડ્યો અને આ વખતે તે સામે છેડેની વ્યક્તિને કહી રહ્યો હતો કે હું ટ્રેનમાં અમુક સ્ટેશને પહોંચ્યો છું. તેણે જે સ્ટેશનનું નામ લીધું એને આડે હજી ચાર સ્ટેશનો હતાં! ખોટું કરી રહ્યો હોય એવું તેને જરા પણ લાગતું નહોતું.

પણ ધારો કે હવે એ જ વ્યક્તિ રાત્રે ઘરે જાય છે અને તેને ખબર પડે છે કે તેનો કોલેજિયન દીકરો સવારથી ગયો છે અને હજી સુધી ઘરે પાછો ફર્યો નથી તો દીકરો આવશે ત્યારે તેનું વલણ કેવું હશે? અનુમાન કરવું મુશ્કેલ નથી. જેવો દીકરો ઘરમાં પગ મૂકશે કે તે સવાલોનો મારો ચલાવી તેના પર તૂટી પડશે. પેલો કંઈ પણ કારણ આપશે તો તે તેને બહાનું જ ગણશે અને વળી બરાડીબરાડીને કહેશે કે બહુ જૂઠું બોલતાં શીખી ગયો છે, બોલ ક્યાંથી શીખ્યો છે આવા ગોરખધંધો પેલો બિચારો નાનો છોકરો! તેનામાં બાપને સામું કહેવાની તાકાત ન હોય કે પપ્પા, તમારી પાસેથી જ શીખ્યો છું!

નાનપણથી બાળક તરીકે ઘરમાં માબાપને કે અન્ય વડીલોને આસાનીથી જૂઠનો આશરો લેતાં જોયાં હોય ત્યારે બાળકને પણ જૂઠું બોલવાનું તદ્દન નોર્મલ બાબત લાગે. એ તો જયારે સ્કૂલમાં સત્ય બોલવા વિશેનો કે ગાંધીજી વિશેનો કોઈ પાઠ શીખે ત્યારે બાળકને મનમાં કોન્ફ્લિક્ટ જાગે! પણ એવા



પરિવારમાં એ પ્રશ્નનો જવાબ પણ તેને મળી જાય : અરે, ગાંધીબાપુની વાતો ચોપડીમાં સારી લાગે. બાકી હવે તેમના જમાના ગયા... આ જમાનામાં એવી વેવલાગીરી કરવા જાઈશ તો રહી જાઈશ જયાં છો ત્યાં અને તારા દોસ્તારો બધા ક્યાંના ક્યાં પહોંચી જાશે!

પરંતુ આનાથી તદ્દન જુદા જ પ્રકારના પરિવારમાં પણ બાળક જૂઠું બોલતું જોવા મળે ત્યારે સવાલ થાય કે આ કોની અસર? એ સ્થિતિમાં ઘરના લોકો કહેશે કે આ બધું સ્કૂલમાંથી શીખે છે, દોસ્તો પાસેથી શીખે છે. પરંતુ બાળમાનસના અભ્યાસીઓ કહે છે કે બાળક જે કંઈ લક્ષણો કે આદતો શીખે છે એ મોટે ભાગે ઘરમાંથી જ શીખે છે! અને ખરેખર, નજર દોડાવીએ તો બાળકની એ આદતનું કારણ ઘરના વાતાવરણમાંથી જ મળી આવે : ઘરમાં બહુ આકરી શિસ્તનું વાતાવરણ હોય. જરા પણ આમથી એમ ન થાય એવા આગ્રહો હોય. કોઈની નાનીઅમથી પણ ભૂલ થાય તો મોટો હોબાળો મચી જતો હોય. આ સ્થિતિમાં બાળકથી કોઈ ભૂલ થઈ જાય અને એની જાણ ઘરમાં થઈ જાય તો તેનું આવી જ બને. બાળકને એટલુંબધું અપમાન, ઠપકો, માર અને ચેતવણીઓ સહેવાં પડે કે તે ખૂબ જ ડરી જાય. અને એટલે જ તેનાથી જયારે ફરી કોઈ વાર એવી ભૂલ થઈ જાય તો તે કાં તો વડીલોથી છુપાવે અથવા એના વિશે કાલ્પનિક વાર્તા ઘડી કાઢે. અને એ રીતે તે પેરન્ટ્સ કે વડીલોના પોતાના પ્રત્યેના પેલા અણગમતા વર્તાવથી બચી જાય. તેને થાય કે આ તો સરસ ઉપાય છે! જરાક અમથું ખોટું બોલી દેવાથી પપ્પામમ્મીની એ દમદાટી કે ધોલધપાટથી બચી જઈ શકાતું હોય તો તો એ સહેલો રસ્તો છે! અને એમ બાળક જૂઠનો શોર્ટકટ અપનાવતો થઈ જાય છે. આ માર્ગમાં પકડાય નહીં ત્યાં સુધી પેલી શિક્ષા સહેવી ન પડે. આમ ઘરનો વધુપડતો કડક માહોલ પણ બાળકની જૂઠું બોલવાની આદતના મૂળમાં હોઈ શકે.

હમણાં એક સુંદર વાક્ય વાંચ્યું કે બધા પેરન્ટ્સને સારાં બાળકો મળે છે, પરંતુ કેટલાંક જ બાળકોને સારા પેરન્ટ્સ મળે છે. કેટલી સાચી વાત છે! કોરી પાટી લઈને આપણા ઘરે જન્મ લેતાં બાળકોના માનસ અને તેમનાં સમગ્ર વ્યક્તિત્વને આપણાં વાણી, વર્તન અને વ્યવહારથી આપણે ઘડીએ છીએ. બીજા શબ્દોમાં કહીએ તો તેઓ જે છે અને જેવાં છે તેવાં બનાવવામાં મોટે ભાગે આપણે જ જવાબદાર હોઈએ છીએ; આમ છતાં આપણે તેમની સિદ્ધિઓ અને સફળતા સિવાય કોઈની જવાબદારી સ્વીકારીએ છીએ? કમનસીબે નહીં. લાગે છે કે આપણે પ્રોબ્લેમ ચાઇલ્ડ શબ્દ પ્રયોજીએ છીએ એના સ્થાને પ્રોબ્લેમ પેરન્ટ્સ શબ્દ કોઇન કરવો જોઈએ.

વોટ્સએપ પર એક મિત્રએ વિડિયોક્લિપ મોકલી છે : એક નાનકડું બાળક, માંડ નવદસ મહિનાનું બે પગ ઉપર બે હાથ ટેકવીને બેઠું છે. એક ખૂણામાં મંદિર અને ત્યાં મૂર્તિ પાસે ધૂપ દેખાય છે. કોઈ ધાર્મિક વ્યક્તિનું ઘર હોય એવું લાગે છે. બેકગ્રાઉન્ડમાંથી એક અત્યંત તાલીમબદ્ધ સૂરીલો અવાજ બાળકને સરગમ શીખવી રહ્યો છે. એ અવાજ તેના પપ્પાનો હોય એમ લાગે છે. એની એકએક પંક્તિ સાંભળીને બાળક તરત એ જ ઢબે, એ જ સૂરમાં એને અનુસરે છે! ક્યાંક સૂર વધારે ઉંચો ખેંચવાનો છે, ક્યાંક છોડી દેવાનો છે. બાળક સંપૂર્ણપણે એ ફોલો કરે છે. વચમાં એક વાર બાળકનું ધ્યાન કોઈક ચીજ પર જાય છે અને તે હાથ લાંબો કરીને એ માગે છે. ત્યારે પેલો અવાજ તેને કહે છે કે હમણાં નહીં, પહેલાં તું આ પૂરું કર. અને ખરેખર બાળક ફરી સરગમ પ્રેક્ટિસ કરવામાં પરોવાય છે. અને પૂરી કરે છે! પેલો અવાજ ખુશીથી શાબાશ કહે છે અને તાળીઓનો અવાજ પણ સંભળાય છે. બાળક પણ ખુશીની કિલકારીઓ કરતાંકરતાં તાળીઓ પાડવા લાગે છે. માંડ પોણાબે મિનિટની એ ક્લિપ જોઈને પ્રતીતિ થાય કે ખરેખર, બાળકનું પોટેન્શિયલ પારખનાર અને તેને યોગ્ય રીતે પોષનાર પેરન્ટ જરૂર પેલા થોડાક સારા પેરન્ટ્સની કેટેગરીમાંના હશે. તમારા બાળકને કેવા પેરન્ટ્સ મળ્યા છે.

**બાળમાનસના અભ્યાસીઓ કહે છે કે બાળક જે કંઈ લક્ષણો કે આદતો શીખે છે એ મોટે ભાગે ઘરમાંથી જ શીખે છે!**







# કડવું બોલવાની, ખોટી દખલગીરી કરવાની ટેવો સુધારો, તમારા બધા શત્રુઓ મટી જશે

**માણસ જો પોતાને ઓળખી શક્યો હોત, પોતાના વાસ્તવિક સ્વરૂપને સમજી શક્યો હોત અને પોતાના તથા સંસારના સંબંધને જાણી શક્યો હોત તો કેટલું સારું ! ત્યારે આ સંસાર નરક રહેવાના બદલે સ્વર્ગ બની ગયો હોત અને માણસ શેતાનનો ગુલામ રહેવાને બદલે સમ્રાટનો પણ સમ્રાટ બની જાત. પોતાના અનુભવના આધારે હું કહી શકું છું કે જે લોકો આત્મપરીક્ષણ કરશે તેમને વાસ્તવિક્તાનો ખબર પડશે અને જેઓ વાસ્તવિક્તાનો સમજશે તેમને પોતાના કલ્યાણનો માર્ગ પણ મળી જશે. વર્તમાન પરિસ્થિતિઓમાં પણ મોટાભાગનાનું કારણ આપણો સ્વભાવ જ હોય છે. મહોલ્લાવાળા તમને ખરાબ ગણે છે, તમારી સાથે ઝઘડો કરે છે અને ખરાબ વ્યવહાર કરે છે, તે બધાની સાથે વારાફરતી લડશો તો પણ તમને શાંતિ નહીં મળે. તમારે વિચારવું જોઈએ કે મારી અંદર કયાં કયાં દુર્ગુણો છે, જે બધાય લોકોને મારા વિરોધી બનાવી દે છે. તમારામાં જો કડવું બોલવાની, બિનજરૂરી દખલગીરી કરવાની કે લોકવિરોધી કામ કરવાની કુટેવો હોય તો તમને સુધારો. બસ, તમારા બધા જ શત્રુઓ મટી જશે.**

તમને કોઈ નોકરીએ નથી રાખતું, તો માલિકનો દોષના દો. તમારી અંદર એવી યોગ્યતા કેળવો કે નોકરી માટે તમને બધેથી આમંત્રણ મળે. સદ્‌ગુણો જ મનુષ્યોની એવી સંપત્તિ છે કે તેમના હોવાથી દરેક જગ્યાએ તેમનો આદર થાય છે, દરેકનો પ્રેમ અને સહાનુભૂતિ મળે છે. જયારે સાધુ સ્વભાવ વાળા લોકો પણ તમારો વિરોધ કરતા હોય તો જુઓ કે તમારી અંદર કયા કયા દુર્ગુણો રહેલા છે ? કેટલાક લોકોમાં એવી કમી હોય છે કે તેઓ લોકોમાં ફેલાયેલા ખોટા ભ્રમને દૂર કરી શકતા નથી અને અકારણ લોકોના કોપના ભાગીદાર બને છે. તેમણે લોકોની સામે સાચી વાત રજૂ કરવી જોઈએ અને પોતાની નિર્દોષતા સાબિત કરવી જોઈએ.

ભય રાખવાનો, ડરવાનો તથા ગભરાઈ જવાનો દુર્ગુણ એવો છે, જે બીજાઓને પોતાની ઉપર અત્યાચાર કરવા માટે પ્રોત્સાહિત કરે છે. જે નિર્ભય રહે છે અને દરેક પ્રકારની મુશ્કેલીઓનો સામનો કરે છે તેની પર કોઈ ત્રાસ કરતું નથી. કહેવાય છે કે હિંમતની સામે તલવારની ધાર પણ વળી જાય છે. ધનના અભાવ વિશે પણ આવું જ છે. જેનું સંપૂર્ણ ધ્યાન ધન ભેગું કરવાના સાધનોમાં એકાગ્ર થતું નથી તે ધનવાન બની શકતો નથી. સ્વાસ્થ્યને વધારવાની જેમનામાં પ્રબળ ઇચ્છા ના હોય તે પહેલવાન કઈ રીતે બની શકે ? બીમારીમાં કે બીજી કોઈ મુશ્કેલીમાં ફસાઈ જતાં તેમાંથી મુક્ત થવા માટે આપણી અંદર બળ હોવું જોઈએ. ઉજ્જવળ આશા અને શુભ ભવિષ્ય પર દૃઢ વિશ્વાસ આપણને મુશ્કેલીમાંથી બહાર કાઢે છે. વીસ મિત્રો ભેગાં થઈને પણ આત્મવિશ્વાસ જેટલી મદદ કરી શકતા નથી. આત્મનિર્ભરતાની જડીબુટ્ટી પીને મડદાં પણ બેઠાં થઈ જાય છે અને ઘરડા જુવાન થઈ જાય છે. તેના જેવું શક્તિશાળી બીજું કોઈ ટોનિક અત્યાર સુધી શોધાયું નથી.

તાત્પર્ય એ છે કે તમને સારી કે ખરાબ પરિસ્થિતિઓએ ઘેરી લીધા છે તે તો ફૂલ તથા પાંદડા જેવી છે. તેમના મૂળ તો તમારા આંતરિક જીવનમાં રહેલા છે. જો એ પરિસ્થિતિઓને બદલવા ઇચ્છતા હો તો તમારા જીવનમાં પરિવર્તન કરો. કષ્ટોમાંથી છુટકારો મેળવવા ઇચ્છતા હો તો ફક્ત બાહ્ય દોડાદોડ કરવાથી કોઈ લાભ નહીં થાય. એનાથી તમને કાયમી શાંતિ નહિ મળે. જયારે એ કષ્ટોના મૂળ કારણનો ઉપચાર કરવામાં આવશે ત્યારે જ તેમાંથી મુક્તિ મળશે. માત્ર ભૌતિક સુખસુવિધામાં જ રચ્યાપચ્યા રહેવાથી શાશ્વત સુખ કે આનંદ મળતો નથી. આંતરિક સુખ કે શાશ્વત આનંદની પ્રાપ્તિકરવા માટે સાધના સદ્ગુણોને વ્યવહારમાં અપનાવવા જોઇએ. જો તમે તમારા વર્તમાન જીવનથી અસંતુષ્ટ હો, ઉન્નતિ અને વિકાસની આકાંક્ષા રાખતા હો તો તમારા આંતરિક જીવનને તપાસો. તેમાં ખરાબ ટેવો, નીચ વાસનાઓ તથા દુષ્ટ પ્રવૃત્તિ હોય તો તેમને બહાર કાઢી નાખો, એનાથી જ તમારો માર્ગ સાફ થઈ જશે અને બધી મુશ્કેલીઓ દૂર થઈ જશે. તમારું આત્મબળ, દઢતા અને તીવ્ર ઇચ્છા શક્તિ વધારો તથા તમારી અંદર શુભ વૃત્તિઓ અને સદ્ગુણોનો વિકાસ કરો, એમની મદદથી ઉન્નતિના માર્ગે તમે સડસડાટ આગળ વધશો.

ભય રાખવાનો, ડરવાનો તથા ગભરાઈ જવાનો દુર્ગુણ એવો છે, જે બીજાઓને પોતાની ઉપર અત્યાચાર કરવા માટે પ્રોત્સાહિત કરે છે. જે નિર્ભય રહે છે અને દરેક પ્રકારની મુશ્કેલીઓનો સામનો કરે છે તેની પર કોઈ ત્રાસ કરતું નથી







# શિક્ષણ સર્વદાને ૧૧ વર્ષ

## પૂર્ણ કરવા બદલ હાર્દિક અભિનંદન સહ શુભેચ્છા...

Leading School of Gujarat

- શિક્ષણ સાથે સંસ્કાર
- સાંસ્કૃતિક, રચનાત્મક અને રમત-ગમતની પ્રવૃત્તિઓને પૂરતું પ્રાધાન્ય
- બોર્ડનું ઉત્કૃષ્ટ પરિણામ
- બાળકોનો સર્વાંગી વિકાસ કરતી શાળા

ભૂલકાંભવન ટ્રસ્ટ સંચાલિત

પૂર્વ પ્રાથમિક, પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક વિભાગ

## વી.ડી. દેસાઈ (વાડીવાળા) શાળા

અડાજણ રોડ, સૂરત.

# કોલેજોની ચાલાકીઓનો ભોગ ન બનો, સાવચેત રહો

હવે જયારે મોટાભાગની સંસ્થાઓમાં એડમિશન પ્રોસેસ શરુ થયાના ત્રણ ત્રણ મહિના વિતી ગયા છે, દિવાળી વેકેશન પણ પૂરૂ થવા પર છે આમ છતાં પણ હજુ ઘણી બધી કોલેજો ખાસ કરીને સેલ્ફ ફાઈનાન્સ અને પ્રાઈવેટ કોલેજોના સંચાલકો એડમિશન આપવાની મોટી મોટી અને લલચામણી જાહેરાતો કરી કરાવીને વિદ્યાર્થીઓ તથા વાલીઓને આકર્ષવાના પ્રયાસ કરી રહ્યા છે. અને કોલેજોએ સ્ટૂડન્ટ્સને કાઉન્સેલિંગ માટે બોલાવવાનું શરૂ કરી દીધું છે. એવામાં કોલેજ ઘણી વખત સ્ટૂડન્ટ્સની એડમિશન નિયત કરવા માટે તેમના ઓરિજનલ ડોક્યુમેન્ટ્સ માંગે છે પરંતુ એવું કરવું જરૂરી નથી. એઆઈસીટીઈની ગાઈડલાઈન્સ મુજબ તમારે કોઈપણ કોલેજને પોતાના ઓરિજનલ ડોક્યુમેન્ટસ આપવાની જરૂરત નથી.

યૂનિવર્સિટીઝની રેગ્યુલેટરી બોડી, યૂનિવર્સિટી ગ્રાન્ટ




કમિશન (યુ.જી.સી.)ની ગાઈડલાઈન્સ મુજબ કોઈપણ સરકારી કે ખાનગી યૂનિવર્સિટી ઓરિજનલ ફોર્મમાં ડોક્યુમેન્ટ્સ ન રાખી શકે. બધી કોલેજો માટે આ ગાઈડલાઈનને માનવી જરૂરી છે.

## ઓરિજનલ ડોક્યુમેન્ટ્સ રાખવાની મંજૂરી નથી :

યૂજીસીના એક નોટિફિકેશનમાં કહેવાયું છે કે, કમિશનનું માનવું છે કે, એડમિશન દરમિયાન સ્ટૂડન્ટ્સના ઓરિજનલ સર્ટિફિકેટ્સ રાખવાથી તે ડીમ્ડ ટુ બી યૂનિવર્સિટીઝ, કેન્ડિડેટ્સની બીજી કોલેજોમાં જવાની તકોને સીમિત થઈ જાય છે. આ યૂનિવર્સિટીઝને એવું કરવાનું મંજૂરી નથી. કોઈપણ યૂનિવર્સિટી પોતાની પાસે ઓરિજનલ સ્કૂલ કે ઈન્સ્ટિટ્યૂશન લીવિંગ સર્ટિફિકેટ, માર્ક શીટ, કાસ્ટ સર્ટિફિકેટ અને અન્ય ડોક્ટુમેન્ટસ રાખી શકે નહીં.

## એડમિશન પહેલા ફીસ લઈ શકાય નહીં :

તેની સાથે જ યૂજીસી કોઈપણ સંસ્થાને સ્ટૂડન્ટના એડમિશન પહેલા ફીસ લેવાની મંજૂરી નથી આપતું. કોઈ માલામાં કોઈ સ્ટૂડન્ટ ક્યાંક બીજે સિલેક્ટ થાય અને પહેલી સંસ્થામાં એડમિશન ન લે તો યૂનિવર્સિટી પ્રોસેસિંગ ફીસના ૧૦૦૦ રૂપિયાથી વધુ કાપી શકે નહીં. બાકી રહેલી ફીસ સ્ટૂડન્ટને પાછી આપવાની હોય છે.

જો તમે પણ આ વખતે કોઈ સંસ્થામાં એડમિશન લેવા જઈ રહયા છો તો યૂજીસીના આ બે નિયમોને ધ્યાનમાં રાખો. જો કોઈ સંસ્થા કે યૂનિવર્સિટી આ ગાઈડલાઈન્સનું પાલન નથી કરી રહી તો તમે તેની ફરિયાદ કરી શકો છો. મોટા ભાગના કિસ્સામાં એવું બને છે કે છેતરાયેલા વાલીઓ અને વિદ્યાર્થીઓ આવા મુદ્દે સક્ષમ સત્તાધીશો સુધી ફરીયાદ કરવાનું ટાળે છે. ઘણાં કિસ્સાઓમાં એવું પણ જાણવા મળ્યું કે ફરીયાદ ક્યાં કરવી તેની પણ માહિતી વાલીઓ કે વિદ્યાર્થીઓને હોતી નથી. આવી પરિસ્થિતિમાં શિક્ષણ સર્વદા પખવાડિક તમને મદદ કરી શકે છે. યુનિવર્સિટી ગ્રાન્ટસ કમિશનથી લઈને સ્થાનિક યુનિવર્સિટીઓ સમક્ષ કોઈપણ વાલી તેમની સાથે થયેલી છેતરપીંડી કે અન્ય વ્યવહાર અંગેની ફરીયાદ કરી શકે છે.




## ગ્લોબલ કરિયર એટલે એન્વાર્યનમેન્ટ એન્જિનિયરિંગ

ધો.૧૨ સાયન્સ પાસ કરીને એન્જિનિયરિંગમાં પ્રવેશ લેવા ઇચ્છતાં મોટાભાગના વિદ્યાર્થીઓ મિકેનિકલ, કોમ્પ્યુટર જેવી બ્રાન્ચો પસંદ કરતાં હોય છે, પરંતુ છેલ્લા કેટલાક સમયથી હવે ધીમે ધીમે એન્વાર્યનમેન્ટ બ્રાન્ચનું મહત્વ વધી રહ્યું છે. માત્ર ગણતરીની કોલેજમાં ચાલતી બ્રાન્ચમાં ગણતરીની બેઠકો હોવા છતાં હવે ધીમે ધીમે વિદ્યાર્થીઓને આ બ્રાન્ચનું મહત્વ સમજાતું થયું છે.

ભારત સહિત સમગ્ર વિશ્વમાં ગ્લોબલ વોર્મિંગના સમયમાં એન્વાર્યનમેન્ટનું મહત્વ પણ અનેકગણું વધી જતું હોય છે. કોઇપણ પ્રોજેક્ટની શરૂઆત કરતાં પહેલા એન્વાર્યનમેન્ટ એટલે કે પર્યાવરણની મંજૂરી હોવી ફરજિયાત છે. જેના લીધે હવે પર્યાવરણ એન્જિનિયરિંગનું મહત્વ પણ અનેકગણું વધી રહ્યું છે. ચીલાચાલુ બ્રાન્ચમાં પ્રવેશ લેવા કરતાં હવે વધુને વધુ વિદ્યાર્થીઓ એન્વાર્યમેન્ટ બ્રાન્ચ પસંદ કરતાં થયા છે. એન્વાર્યનમેન્ટ એન્જિનયર બન્યા બાદ નોકરીની તકો પણ વધતી હોવાના લીધે વિદ્યાર્થીઓમાં આ બ્રાન્ચ ફેવરિટ બની રહી છે.

નોકરીઓની તક ખૂલી છે હવે તમામ સેક્ટરમાં હવે એન્વાર્યનમેન્ટની મંજૂરી જરૂરી બની છે. જેના કારણે સરકારી અને પ્રાઇવેટ સેક્ટરમાં પણ નોકરીઓની તકો ખૂલી છે. એન્વાર્યનમેન્ટ ઓડિટર, એનાલિસીસ અને કન્સલ્ટન્ટ તરીકે પણ હવે જોબ મળી શકે તેમ છે. ઉપરાંત દરેક કંપનીઓએ ફરજિયાત એન્વાર્યનમેન્ટ ઓડિટ કરાવવું પડે છે. જેના લીધે વધુને વધુ એન્વાર્યનમેન્ટ ઇજનેરોની જરૂરયાત ભી થાય તેમ છે. હાલમાં મર્યાદિત બેઠકો જ હોઈ રાજયમાં ઓછી સંખ્યામાં એન્વાર્યમેન્ટ એન્જિનિયરો બહાર નિકળે છે તેની સામે બજારમાં એન્વાર્યનમેન્ટ એન્જિનિયરોની માંગ વધુ પ્રમાણમાં હોઈ ચોક્કસ પણે તેમના માટે સારી તકો રહેલી છે.

### ભવિષ્યમાં વધુ તકો ઉભી થશે

હવે અનેક વિદ્યાર્થીઓ એન્વાર્યનમેન્ટ ઇજનેર થયા બાદ પોસ્ટ ગ્રેજયુએટનો કોર્સ કરતાં થયા છે. ફાર્માસ્યુટીકલ, કેમિકલ કે અન્ય કોઇપણ પ્રકારની કંપની હોય તો તેઓએ ફરજિયાત એન્વાર્યનમેન્ટ એન્જિનિયર રાખવા પડે છે. જેના કારણે હાલ કરતાં ભવિષ્યમાં વધારે પ્રમાણમાં એન્વાર્યનમેન્ટ એન્જિનિયરોની જરૂરિયાત ભી થાય તેમ છે.

આ સિવાય શહેરોમાં મ્યુનિસિપલ કોર્પોરેશનમાં ડ્રેનેજ, વોટર સપ્લાઇ સહિતના કામ કરતાં પહેલા એન્વાર્યનમેન્ટ એટલે કે પર્યાવરણનું ધ્યાન રાખવું જરૂરી છે. આ સિવાય સેન્ટ્રલ પોલ્યુશન કંટ્રોલ બોર્ડમાં પણ નોકરીની અનેક તકો ભી થવાની શક્યતા છે. આમ ચાર વર્ષ પછી જયારે હાલની બેચ બજારમાં આવશે ત્યારે તેમના માટે નોકરીની વિપુલ તકો ઉપલબ્ધ હશે. હાલમાં ઓછી બેઠકોના લીધે મર્યાદિત માત્રામાં જ એન્વાર્યનમેન્ટ એન્જિનિયરો તૈયાર થાય છે અને ભવિષ્યમાં બજારમાં તેમની માંગ વધુ હોવાની શક્યતા છે.

## ઉચ્ચ અભ્યાસની ઉજ્જવળ તક રાંદેર રોડની પ્રેસિડન્સી સ્કૂલના આંગણે !


■ પ્રો. એન. એમ. કારિયા, ટ્રસ્ટીશ્રી પ્રેસિડન્સી સ્કૂલ

રાંદેરરોડ સ્થિત પ્રેસિડન્સી એજ્યુ. ટ્રસ્ટ સંચાલિત પ્રેસિડન્સી સ્કૂલમાં S.N.D.T. યુનિ., મુંબઇ દ્વારા ડિસ્ટન્સ એજ્યુ. માટેનું માન્ય કેન્દ્ર ફાળવવામાં આવ્યું છે. જેમાં કોઇપણ બહેન ધો.૧૨ થી ઓછું ભણીને ઊઠી ગયેલ હોય અને ઉંમર ૧૮ વર્ષ કે તેથી વધુ હોય તો તે એક પ્રવેશ પરીક્ષા પાસ કરીને ઘરે બેઠાં બી.એ. કે બી.કોમ.નો ક્રમશઃ કોર્સ કરી શકે છે. જેની પરીક્ષા S.N.D.T. યુનિ., મુંબઇ દ્વારા લેવામાં આવશે. પરીક્ષાનું કેન્દ્ર પ્રેસિડન્સી સ્કૂલ, ન્યુ રાંદેરરોડ સુરત રહેશે. જેનું પરિણામ યુનિ. દ્વારા આપવામાં આવશે. કોઇ બહેન ધો.૧૨ પાસ હોય તો તેમણે પ્રવેશ પરીક્ષા આપવી પડતી નથી. આ કોર્સ ફક્ત બહેનો માટે જ છે. બહેનો ઉચ્ચ અભ્યાસ કરી પોતાના ઇચ્છિત નોકરી-વ્યવસાય દ્વારા પગભર થઇ શકે, કુટુંબમાં મદદરૂપ થઇ શકે તેમ જ સમાજમાં માનભર્યું સ્થાન પ્રાપ્ત કરી શકે, તેવા ઉમદા હેતુથી મહર્ષિ કરવેએ ૧૦૦ વર્ષો પહેલાં આ યુનિ.ની સ્થાપના કરી હતી. જે પાછળથી શ્રીમતી નાથીબાઇ દામોદરદાસ ઠાકરસી (S.N.D.T.) નામાધીન થઇ. આ પરીક્ષાઓ માટે ગુજરાતી, અંગ્રેજી, હિન્દી અને મરાઠી માધ્યમ પૈકી કોઇપણ માધ્યમથી પરીક્ષા આપી શકાય. ઉપરાંત એમ.એ.ની ડિગ્રી પણ ઘરે બેઠાં મેળવી શકાય. હાલ યુનિ. દ્વારા બહેનો માટે ઘણા પ્રકારના વ્યવસાયલક્ષી કોર્સો પણ શરૂ કરવામાં આવ્યા છે. જેની વિશેષ જાણકારી માટે પ્રેસિડન્સી સ્કૂલના ટ્રસ્ટી અને ડિસ્ટન્સ એજ્યુ.ના તાડવાડી સેન્ટરના સુપ્રિન્ટેન્ડન્ટ શ્રી પ્રા. એન.એમ. કારીયા તથા સ્કૂલના આચાર્યા કુ. દીપિકાબેન શુક્લનો સંપર્ક સાધવાનું જણાવવામાં આવે છે. સુરત ખાતે બહેનોને રસપૂર્વક માહિતી મળતી હોવાથી, ઘણીબધી બહેનો છેલ્લા ચાર વર્ષથી આ કેન્દ્ર પરથી પરીક્ષાઓ આપી પોતાના ઉજ્જવળ ભવિષ્ય તરફ આગેકૂચ કરી રહી છે.

અમોને એ વાતનો આનંદપણ છે કે આ વર્ષે શાળાના વાલી બહેનોમાંથી ૧૮ બહેનોએ આ કોર્સ પૂર્ણ કરી B.A./B.Com. ની ડિગ્રી હાંસલ કરી છે આગામી જૂનથી પ્રેસિડન્સી સ્કૂલમાં S.N.D.T. યુનિ.ના B.C.A./M.C.A. ડાયેટ અને ફુડન્યુટ્રેશનના વર્ગો પણ શરૂ થનાર છે. આમ સ્ત્રી/કન્યા કેળવણીમાં અગ્રેસર રહી પ્રેસિડન્સી સ્કૂલ સામાજિક ઉત્તરદાયિત્વ અદા કરવાનું સુંદર કાર્ય કરી રહી છે.

**ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક બોર્ડનું નેશનલ ઓપન સ્કુલિંગનું અડાજણ, સુરત ખાતેનું અધિકૃત કેન્દ્ર પણ કાર્યાન્વિત જે અન્વયે ધો.૧૦ અને ધો.૧૨ કોમર્સની પરીક્ષાઓ ઘરે બેઠા આપી શકાય. વધુ માહિતી માટે શાળાનો સંપર્ક કરો.**

**"ધો.૧૨ થી ઓછું ભણીને ઊઠી ગયેલ હોય અને ઉંમર ૧૮ વર્ષ કે તેથી વધુ હોય તો તે એક પ્રવેશ પરીક્ષા પાસ કરીને ઘરે બેઠાં બી.એ. કે બી.કોમ.નો ક્રમશઃ કોર્સ કરી શકે છે. જેની પરીક્ષા S.N.D.T. યુનિ., મુંબઇ દ્વારા લેવામાં આવશે. પરીક્ષાનું કેન્દ્ર પ્રેસિડન્સી સ્કૂલ, ન્યુ રાંદેરરોડ સુરત રહેશે."**




## શિક્ષણ સર્વદાને ૧૧ વર્ષ પૂર્ણ કરવા બદલ હાર્દિક શુભકામનાઓ

# સાધના વિદ્યાભવન ટ્રસ્ટ



**સાધના સોસાયટી, વરાછા રોડ, સુરત.**

શ્રી સાધના વિદ્યાભવન સંચાલિત


- માધ્યમિક તથા ઉચ્ચતર માધ્યમિક કન્યાશાળા
- શ્રી સમુબાઇ હરિલાલ ઝવેરી બાળભવન
- શ્રી પ્રભુભાઇ મકનજી ભક્ત પ્રાથમિક શાળા

**હિરાબાગ, વરાછા રોડ, સુરત.**

- શ્રી શાંતાબેન નાથુભાઇ કતારગામવાળા બાળભવન
- શ્રી રામભાઇ મનોરભાઇ પટેલ પ્રાથમિક શાળા
- શ્રી કીર્તિકુમાર ચીમનલાલ કોઠારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળા



**ફાયર સ્ટેશન સામે, સિધ્ધકુટીર આશ્રમ, વરાછા રોડ, સુરત.**



- શ્રી સિધ્ધકુટીર બાળભવન
- શ્રી હરિપ્રસાદ પ્રભાશંકર પંડ્યા પ્રાથમિક શાળા
- શ્રી સિધ્ધકુટીર અંગ્રેજી માધ્યમ બાળભવન તથા પ્રાથમિક શાળા
- સાધના કોમ્પ્યુટર ઇન્સ્ટીટ્યુટ
- સાધના સ્કુલ ઓફ સાયન્સ (એ.સી.)

## સફળ સુકાની



**શ્રી મહેન્દ્રભાઇ કતારગામવાળા**

## એક નજર...

● ૧૨૦૦૦થી વધુ વિદ્યાર્થીઓને શિક્ષણ આપતું શાળા સંકુલ. ● સ્કાઉટ એન્ડ ગાઇડ, એન.સી.સી., સ્કેટીંગ, એરોબિક્સ, ડાર્ટ, કરાટે, વોલીબોલની એક્ટીવીટી શરૂ કરનાર પ્રથમ સંસ્થા ● રેલ, ભુકંપ, વાવાઝોડા, રક્તદાન, રાહત કેમ્પ જેવી સામાજીક પ્રવૃત્તિમાં અગ્રેસર ● ૭૦૦૦થી વધુ મુલ્યવાન, ઇતરવાનચના પુસ્તકો ધરાવતી વરાછાની એકમાત્ર સંસ્થા ● ઓડિયો વિઝ્યુલ પદ્ધતિ દ્વારા શિક્ષણ

મેડીકલ કાઉન્સિલ ઓફ ઇન્ડિયાએ માન્ય કરેલી

# ચાઇનાની મેડીકલ કોલેજો

| S/N | INSTITUTIONS | ENROLLMENT |
|---|---|---|
| 1. | CAPITAL MEDICAL UNIVERSITY | 100 |
| 2. | JILIN UNIVERSITY | 100 |
| 3. | DALIAN MEDICAL UNIVERSITY | 100 |
| 4. | CHINA MEDICAL UNIVERSITY | 100 |
| 5. | TIANJIN MEDICAL UNIVERSITY | 100 |
| 6. | SHANDONG UNIVERSITY | 100 |
| 7. | FUDAN UNIVERSITY | 100 |
| 8. | XINJIANG MEDICAL UNIVERSITY | 100 |
| 9. | NANJING MEDICAL UNIVERSITY | 100 |
| 10. | JIANGSU UNIVERSITY | 100 |
| 11. | WENZHOU MEDICAL UNIVERSITY | 100 |
| 12. | ZHEJIANG UNIVERSITY | 100 |
| 13. | WUHAN UNIVERSITY | 100 |
| 14. | HUAZHONG UNIVERSITY OF SCIENCE & TECHNOLOGY | 100 |
| 15. | XI'AN JIAOTONG UNIVERSITY | 100 |
| 16. | SOUTHERN MEDICAL UNIVERSITY | 100 |
| 17. | JINAN UNIVERSITY | 100 |
| 18. | GUANGXI MEDICAL UNIVERSITY | 100 |
| 19. | SICHUAN UNIVERSITY | 100 |
| 20. | CHONGQING MEDICAL UNIVERSITY | 100 |
| 21. | HARBIN MEDICAL UNIVERSITY | 60 |
| 22. | BEIHUA UNIVERSITY | 60 |
| 23. | LIAONING MEDICAL UNIVERSITY | 60 |
| 24. | QINGDAO UNIVERSITY | 60 |
| 25. | HEBEI MEDICAL UNIVERSITY | 60 |
| 26. | NINGXIA MEDICAL UNIVERSITY | 60 |
| 27. | TONGJI UNIVERSITY | 60 |
| 28. | SHIHEZI UNIVERSITY | 60 |
| 29. | SOUTHEAST UNIVERSITY | 60 |
| 30. | YANGZHOU UNIVERSITY | 60 |
| 31. | NANTONG UNIVERSITY | 60 |
| 32. | SOOCHOW UNIVERSITY | 60 |
| 33. | NINGBO UNIVERSITY | 60 |
| 34. | FUJIAN MEDICAL UNIVERSITY | 60 |
| 35. | ANHUI MEDICAL UNIVERSITY | 60 |
| 36. | XUZHOU MEDICAL COLLEGE | 60 |
| 37. | CHINA THREE GORGES UNIVERSITY | 30 |
| 38. | ZHENGZHOU UNIVERSITY | 60 |
| 39. | GUANGZHOU MEDICAL UNIVERSITY | 60 |
| 40. | SUN YAT-SEN UNIVERSITY | 60 |
| 41. | SHANTOU UNIVERSITY | 60 |
| 42. | KUNMING MEDICAL UNIVERSITY | 60 |
| 43. | SOUTHWEST MEDICAL UNIVERSITY | 60 |
| 44. | NORTH SICHUAN MEDICAL UNIVERSITY | 60 |
| 45. | XIAMEN UNIVERSITY | 60 |
| TOTAL | | 3470 |

શિક્ષણ સર્વદાને ૧૧ વર્ષ પૂર્ણ કરવા બદલ હાર્દિક શુભકામનાઓ

# VIVEKANAND COLLEGE

Jahangirpura, Near Saroli Bridge, Olpad Road, Surat - 5. Ph : 3295488.

*Vivekanand College managed by Abhinav Education Trust wishes you prosperity, happiness and a sparkling spirit on auspicious occasion of Diwali and New Year.*

- Vivekanand College for BCA
- Vivekanand College for BBA
- Vivekanand College for B.Ed.
- Vivekanand College for PTC
- Vivekanand College for Commerce

Mr. Mehulbhai Joshi (Secretory)

Mrs. Sumathi Shenoy (Director)

# એન્જિનિયરિંગના ૯૭ ટકા વિદ્યાર્થી અંગ્રેજીમાં



આજથી છ સાત વર્ષ પહેલાં ૧૨મું ધોરણ પાસ કરીને પીટીસી કરવાનો અથવા ગ્રેજ્યુએટ થઇને બી.એડ. કરવાનો ક્રેઝ હતો પરંતુ આજે પીટીસી અને બી.એડ. કોલેજો બંધ થઇ રહી છે ત્યારે પીટીસી અને બી.એડ. થઇને શિક્ષકો ખાનગી શાળાઓમાં નોકરી કરી રહ્યા છે, નજીકના સમયમાં આવી જ પરિસ્થિતિ એન્જિનિયરિંગમાં ભણતા વિદ્યાર્થીઓની થવાના અણસાર છે. એક વર્ષ અગાઉ દેશની ૫૦૦ એન્જિનિયરિંગ કોલેજના લગભગ ૩૦ હજાર વિદ્યાર્થીઓ પર થયેલાં એક સંશોધનમાં અનેક ચોંકાવનારી વિગતો બહાર આવી છે. જેમાં બહાર આવેલું મહત્વનું તારણ એ છે કે, વર્ષે દેશમાં લગભગ ૬ લાખ એન્જિનિયર્સ પાસ થાય છે, તેમાંથી ૯૭ ટકા વિદ્યાર્થીઓ અંગ્રેજી બોલી શકતા નથી.

જયારે ૬૭ ટકા વિદ્યાર્થીઓ એવા છે, જેને નોલેજ ઇકોનોમીની દુનિયામાં નોકરી માટે જરૂરી અંગ્રેજી ભાષાની જાણકારી નથી. તેથી તેઓ આઇટી, સોફ્ટવેર કે બિઝનેસ કન્સલ્ટિંગ પ્રકારની જોબ માટેના ઇન્ટરવ્યૂ પાસ નથી કરી શકતા. જયારે માત્ર ૨૦ ટકા જ એવા વિદ્યાર્થીઓ છે, જે સોફ્ટવેર જોબ્ઝ મેળવવા માટે સક્ષમ છે.

એન્જિનિયરિંગનો સમગ્ર અભ્યાસક્રમ અંગ્રેજી ભાષામાં આવે છે, તેમજ તેના સંદર્ભ ગ્રંથો પણ અંગ્રેજીમાં જ આવે છે, ત્યારે અંગ્રેજી બોલી ન શકતા અને ઓછું સમજી શકતા વિદ્યાર્થીઓ મેરિટના આધારે એડમિશન તો મેળવી લે છે, પરંતુ ત્યારબાદ આઠ સેમેસ્ટેર પાસ કરવામાં અને નોકરી મેળવવામાં તેમને તકલીફ પડે છે. જયારે ૨૦૧૩માં પાસ થયેલાં ૧.૨ લાખ વિદ્યાર્થીઓ પર લોજિક, એપ્ટિટ્યૂડ અને ઇંગ્લિશ લેંગ્વેજ સિવાયના વિવિધ મુદ્દાઓ અંગે સર્વે કરવામાં આવેલાં સર્વેમાં બહાર આવ્યું કે, ૯૧ ટકા વિદ્યાર્થીઓમાં પ્રોગ્રામિંગ અલ્ગોરિધમની સ્કીલ નથી, જયારે ૭૧.૨૩ ટકા વિદ્યાર્થીઓમાં કોગ્નિટિવ અને સોફ્ટ સ્કિલની ખામી છે. જયારે સિવિલ એન્જિનિયરિંગ અને મિકેનિકલ એન્જિનિયરિંગમાં અભ્યાસ કરતાં ૬૦ ટકા વિદ્યાર્થીઓ તેઓ જે પ્રવાહમાં અભ્યાસ કરે છે, તેની અગત્યની માહિતીથી પણ અજાણ છે. ૫૭ ટકા વિદ્યાર્થીઓમાં વિષય અને માહિતીનું વિશ્લેષણ કરવાની ક્ષમતા નથી. ૬૧ ટકા વિદ્યાર્થીઓ એવા છે, જેમનું અંગ્રેજી વ્યાકરણનું જ્ઞાન સાતમા ધોરણમાં ભણતા વિદ્યાર્થી જેટલું જ છે. માત્ર ૭ ટકા વિદ્યાર્થીઓ જ એવા છે, જે ધોરણસરનું અને નોકરી કે ઇન્ટરવ્યૂમાં પોતાના વિચારો સ્પષ્ટપણે રજૂ કરી શકે, એવું અંગ્રેજી જાણે છે. આ કારણોસર તેમના પગારધોરણ ૩૦થી ૫૦ ટકા ઘટી જાય છે. જેના કારણે આ ૯૭ ટકા વિદ્યાર્થીઓ ધારે તેવી જોબ્ઝ નથી મેળવી શકતા, અને એન્જિનિયરિંગ જેવો અભ્યાસ કર્યા બાદ તેમને ઓછા પગારની નોકરી પણ મંજૂર નથી. તેથી ભણેલા બેરોજગાર યુવાઓની સંખ્યામાં દર વર્ષે વધારો થાય છે.

## ફન્ડામેન્ટલ્સ પર વિદ્યાર્થીઓ ધ્યાન નથી આપતા

ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઓફ ટેક્નોલોજી ગાંધીનગરના એકેડેમિક અફેર્સના ડીન કહે છે કે ’હું દ્રઢપણે માનું છું કે, સારા એન્જિનિયર બનવા માટે અંગ્રેજી આવડવું જરૂરી નથી. પણ કોઇ પણ સંતોષકારક જોબ મેળવવા માટે વાતચીત અને વ્યવહારની શૈલી જાણવી જરૂરી છે. તે માટે તેમણે શીખતા શીખવું પડશે. તેમણે મેથડ પર ધ્યાન આપવાને બદલે ફન્ડામેન્ટલ્સ પર ધ્યાન આપવું જરૂરી છે. જો ફન્ડામેન્ટલ્સ પર ધ્યાન રાખશે તો મેથડ્ઝ તો આપોઆપ આવડી જશે. નવા વિદ્યાર્થીઓને જે સમસ્યા હોય છે, તે મૂળ અંગ્રેજીની નથી હોતી, વાતચીતની હોય છે.

તેના માટે અમે આઇઆઇટીમાં ત્રણ પ્રોગ્રામ્સ શરૂ કર્યા છે. પીઅર આસિસ્ટન્સ લર્નિંગ પ્રોગ્રામ, જેમાં સિનિયર વિદ્યાર્થીઓ નવા આવનારા વિદ્યાર્થીઓને અઠવાડિયામાં બેથી ચાર કલાક નવા વિદ્યાર્થીઓ સાથે વાતચીત કરશે, અને તેમની સમસ્યાઓ જાણશે, અને તેમને માર્ગદર્શન આપશે. બીજું છે, ઇંગ્લિશ સ્ટડીઝ કોર્ષ, જેમાં વિદ્યાર્થીઓ પોતાની ઇચ્છા મુજબ જોડાઇ શકે છે. જેમાં તેઓ રોજ વાતચીત દ્વારા ઇંગ્લિશની પ્રેક્ટિસ કરી શકે છે. ત્રીજું, વિદ્યાર્થીઓ માટે હંમેશા એક નિષ્ણાત તૈયાર રહે છે, જે તેમની સાથે વાતચીત કરતાં રહે છે, અને તેમના કોમ્યુનિકેશન અને કન્વર્સેશન સ્કીલ માટે મદદ કરે છે.

## જીટીયુ પહેલા સેમેસ્ટરમાં ઇંગ્લિશ શીખવશે

વિદ્યાર્થીઓની અંગ્રેજી બોલવામાં પડતી તકલીફને ધ્યાનમાં લઇને જીટીયુના પૂર્વ વાઇસ ચાન્સેલર ડો. અક્ષય અગ્રવાલ દ્વારા ગુજરાત ટેક્નોલોજિકલ યુનિવર્સિટી હેઠળ આવતી લગભગ ૫૦૦ કોલેજને સૂચના આપવામાં આવી છે, કે અંગ્રેજી જાણતા વિદ્યાર્થીઓ અંગ્રેજી નહીં જાણતા વિદ્યાર્થીઓને અંગ્રેજી શીખવશે. ધોરણ ૧૨ સુધી વિવિધ ગ્રામ્ય વિસ્તારની શાળાઓમાં અભ્યાસ કરીને આવેલા વિદ્યાર્થીઓ અંગ્રેજી નથી જાણતા હોતાં. આ વિદ્યાર્થીઓ જો ઓછામાં ઓછા પાંચ વિદ્યાર્થીઓને અંગ્રેજી શીખવવામાં મદદ કરશે, તો તેમને કોલેજો દ્વારા સર્ટિફિકેટ આપવામાં આવશે. જીટીયુ હેઠળ આવતી એન્જિનિયરિંગ, એમસીએ, એમબીએ, ફાર્મસી અને એમફાર્મ કોલેજોના પાંચ લાખ વિદ્યાર્થીઓ માટે આ સુવિધા ઉભી કરવામાં આવી છે. જો આ સ્કીમને સારો પ્રતિસાદ મળે, વધુ વિદ્યાર્થીઓ આ સ્કીમ સાથે સંકળાય તો વિદ્યાર્થીઓની માર્કશીટમાં તેના અલગ ગુણ પણ ઉમેરાશે.

**SAINIK SCHOOL BALACHADI, JAMNAGAR**
(UNDER MINISTRY OF DEFENCE)
(CBSE Affiliated – English Medium Boys Residential School) (Estd. In 1961)

**ALL INDIA SAINIK SCHOOLS ENTRANCE EXAM WILL BE OMR BASED**
**ADMISSION NOTICE FOR CLASS VI & IX : SESSION 2018-19**
**(ONLY FOR BOYS)**

**AIM**
1. Sainik School Balachadi (Jamnagar), an English Medium Boys Residential Public School affiliated to CBSE, prepares boys for 10+2 (Science Stream) Examination. The primary aim of the School is to prepare boys academically, physically and mentally for entry into the National Defence Academy, Pune / Indian Naval Academy for officer cadre of the Armed Forces. Character, Team Spirit, Dedication to purpose, a patriotic outlook and the desire to serve the country with efficiency are the qualities sought to be promoted by the School.

**DATE OF BIRTH**
2. For Class VI – **Born between 02 July 2007 to 01 July 2008 (Both days inclusive).**
3. For Class IX – **Born between 02 July 2004 to 01 July 2005 (Both days inclusive) and should be studying in class VIII in a recognized school.**

**RESERVATION**
4. 15% of the total seats are reserved for SC and **7.5%** seats for ST.
5. Out of the remaining seats (77%), **67%** of the seats will be reserved for boys from the Gujarat State, Diu and Daman, Dadra and Nagar Haveli. Balance **33%** left over of seats will be thrown open to boys from other States and Union Territories in the ratio of their male population. Any unutilised seats in this category will be merged with home state seats.
6. **25%** seats are reserved for wards of Defence personnel including ex-servicemen.

**TOTAL NUMBER OF VACANCIES (APPROXIMATE)**
7. **Class VI : 60**
8. **Class IX : 05**
**} May change based on actual availability of vacancies at the time of admission.**

**SCHOLARSHIP**
9. Different types of scholarships are given by Central & State Government depending upon the Parents' monthly Income.

**IMPORTANT DATES**
10. **Sale of Application Form : 16 Oct 2017 to 30 Nov 2017 (Online application form)**
11. **Last Date for receipt of application : 05 Dec 2017**
12. ***Entrance Exam : 07 January 2018 (Sunday)***

**EXAMINATION CENTRES**
13. **Army Public School, Near Hanuman Camp, Sahibaug, Ahmedabad**
14. **Sainik School Balachadi, Taluka – Jodiya, Jamnagar**
15. **Mahidharpura English Medium Urban School, Sahyog Society, Sumul Road, Surat**

**REGISTRATION CHARGES (ONLINE PAYMENT)**
16. For General / Defence : **Rs. 400/- (Rupees Four Hundred only)**
17. For SC / ST : **Rs. 250/- (Rupees Two Hundred Fifty only)**
18. **PROSPECTUS AND ONLINE APPLICATION FORM IS AVAILABLE ON SCHOOL WEBSITE** www.ssbalachadi.org **For any information related to admission process please call at 02893-246226, 02893-246229, 9428817004, 8690557216**

વિદ્યાવિહાર ટ્રસ્ટ સંચાલિત
**શેઠ શ્રી પ્રાણલાલ હીરાલાલ બચકાણીવાળા વિદ્યામંદિર**
ખરવરનગર, ખટોદરા, સુરત - ૩૯૫૦૦૨. ફોન : ૨૩૩૨૭૧૮
**શિક્ષણ, સંસ્કાર અને સર્વાંગી વિકાસ સાધતું શૈક્ષણિક સંકુલ**

- સંપૂર્ણ સહકાર સાથે સતત નોલેજ અપગ્રેડ કરતો સ્ટાફ
- સુવિધા સંપન્ન પ્રયોગશાળાઓ
- અદ્યતન સોફ્ટવેર-હાર્ડવેર સજ્જ કમ્પ્યૂટર લેબ
- જ્ઞાનના ભંડાર સમું વિશાળ પુસ્તકાલય
- માત્રને માત્ર શિક્ષણ અને વિદ્યાર્થી હિત જેના હૈયે વસેલું છે એવું સંચાલક મંડળ

ધો.૧૧-૧૨ સાયન્સ, કોમર્સના ગ્રાન્ટેડ વર્ગો

પ્રમુખ
શ્રી નિર્મલભાઈ વખારીયા

ઉપપ્રમુખ
શ્રી રજનીભાઈ બચકાણીવાલા

મંત્રી
પ્રવીણભાઈ પી. જરીવાલા
હર્ષદભાઈ રૂઘનાથવાળા

માન્ય ટ્રસ્ટી શ્રીઓ

| | | |
|---|---|---|
| શ્રી જ્યોતિન્દ્રભાઈ લેખડિયા | શ્રી રવિન્દ્રભાઈ વેપારી | શ્રી વસંતભાઈ ગોનાવાલા |
| શ્રી ચતુરલાલ સિંગાપુરી | શ્રી ભરતભાઈ ખરવર | શ્રી સૂર્યકાંતભાઈ ચીમના |
| શ્રી પન્નાલાલ બચકાણીવાલા | શ્રી કિરીટભાઈ જરીવાલા | શ્રી પરષોત્તમભાઈ ગોનાવાલા |
| શ્રી અશોકભાઈ જરીવાલા | શ્રી કંચનલાલ વખારીયા | શ્રી દિલીપભાઈ ઘમણવાલા |
| શ્રી ઉમેદભાઈ જરીવાલા | શ્રી કાંતિભાઈ બંદરિયા | શ્રી ચંદ્રવદનભાઈ હાથીવાલા |

| બાળભવન | માધ્ય. અને ઉ.મા. | પ્રાથમિક |
|---|---|---|
| આચાર્યા | આચાર્યા | આચાર્યા |
| શ્રીમતી રશીદાબેન સોનાશેઠ | ડૉ. રીટાબેન ફુલવાલા | શ્રીમતી લીનાબેન ગોસ્વામી |

# IIT ની સમકક્ષ આવતી સંસ્થા IISER

To promote high quality scientific education, research and training, Ministry of Human Resource Development (MHRD), Government of India, has set up seven Indian Institutes of Science Education and Research (IISERs) at Berhampur, Bhopal, Kolkata, Mohali, Pune, Thiruvananthapuram and Tirupati.

**પ્યોર સાયન્સમાં ભણવું હોય, સાયન્ટીસ્ટ બનવું હોય તો ધો.૧૨ સાયન્સ પછી Indian Institute of Science Education and Research માં પ્રવેશ લઇને ભણવું જોઇએ**

**BS-MS Dual Degree Programme**

It is a five year dual degree program for bright and motivated science students who have passed (10+2) level. The program integrates classroom learning with research and provides ample scope for multidisciplinary interactions. The first two years of the program consist of core courses in basic sciences, the third and fourth years are dedicated to specialization in chosen science subjects and the fifth year includes a research project. The training during the program enables students to pursue a career in academia, R&D institutes and science based industries.

**Eligibility**

There are three channels of admission. Candidates will be admitted to IISER only through these channels.

Kishore Vaigyanik Protsahan Yojana (KVPY) channel

Joint Entrance Examination of Indian Institutes of Technology (IIT-JEE) channel

State and Central Boards Channel (SCB) channel

These channels will be referred to as KVPY, IIT-JEE and SCB respectively

Indian nationals, and students belonging to PIO or OCI category are eligible to apply provided they satisfy the eligibility criteria described below.

**KVPY Channel**

Candidates having a valid KVPY fellowship commencing from 2016-17 academic session are eligible to apply for admissions. Additional cut off criteria may be applicable.

**IIT-JEE Channel**

Candidates in General category securing a rank within 10000 in the Common Rank List (CRL) of JEE Advanced 2016 are eligible to apply. For candidates belonging to reserved category (OBCNC, SC, ST, PD), their category rank would be used. Additional cut off criteria may be applicable.

**SCB Channel**

Students who have passed (10+2) level with science stream in 2015 or 2016 with marks equal or above the cut off percentage in their respective boards as given in the table below are eligible to apply. For the candidates belonging to the Non-Creamy Layer of the Other Backward Classes (OBCNC) and Persons with Disability (PD) categories, there is a 5% relaxation. The cut-off percentage for the Scheduled Castes (SC), the Scheduled Tribes (ST) and Kashmiri Migrants (KM) candidates is 55% in (10+2) level for all boards.

Students applying through SCB channel will have to appear in the IISER Aptitude Test which will be conducted at various centres across the country. To calculate your percentage of marks obtained use your board's method.


કાંઠા વિભાગ યુવા કોળી સમાજ

■ કાંઠા વિસ્તારના ગામોમાં રચનાત્મક અને વિકાસશીલ કાર્યો માટે સતત પ્રયત્નશીલ.
■ યુવાનો માટે કારકિર્દી ઘડતરના કાર્યક્રમોનું આયોજન.
■ સામાજિક જનજાગૃતિ માટે હંમેશા કટિબધ્ધ.

''પરિવર્તન ટ્રસ્ટ''

કોમ્યુનિટી હોલ, મુ.પો. ખજોદ, તા. સીટી (ચોર્યાસી), જી. સુરત - ૩૯૫ ૦૦૭.



SARDAR VALLABHBHAI PATEL EDUCATION SOCIETY MANAGED
FACULTY OF ENGINEERING TECHNOLOGY & RESEARCH (F.E.T.R.)
[Affiliated with Gujarat Technological University (G.T.U.) & Approved by A.I.C.T.E.]



- F.E.T.R. has secured 1sr Rank at Zone level and 2nd Rank at G.T.U. (State) Level with 97.55% in May 2015.
- F.E.T.R. has secured 3rd Rank at Zone Level with 91.59% in Dec. 2015.
- F.E.T.R. has achieved "INDO GLOBAL ENGINEERING EDUCATION EXCELLENCE AWARD-2015" by IGCCIA, Pune.
- Financial help to needy students by means of different SCHOLARSHIPS.
- Effective teaching learning process and modern infrastructure with well equipped laboratories.
- Experienced, qualified, competent and devoted staff members.
- Transportation facility is available from Surat and Bardoli.
- Hostel facilities are available for girls & boys.

Degree Engineering Courses offered at F.E.T.R.

| Courses | ACPC Seats | Management Seats | Total Seats |
|---|---|---|---|
| Chemical Engineering | 45 | 15 | 60 |
| Civil Engineering | 45 | 15 | 60 |
| Computer Science & Engineering | 45 | 15 | 60 |
| Electrical Engineering | 90 | 30 | 120 |
| Mechanical Engineering | 90 | 30 | 120 |

Bardoli-Navsari Road, Isroli (Tajpore)
Ph.: 9228000867, 92280003867, (02622) 290933 Website: www.fetr.ac.in

Shri R. S. Patel, Chairman — Shri B. V. Patel, Managing Trustee — Shri M. L. Patel, Vice President — Shri N. N. Patel — Shri M. H. Patel, Secretary — Dr. L. B. Chaudhari, Principal


## CA એટલે માત્ર કાળા નાણાંને ધોળા કરવા એવું નહીં

સી.એ. એટલે કાળા નાણાંને ધોળા કરવા એવું નહીં પરંતુ હવે સી.એ. થયેલા ઉમેદવારોએ તેમની સામાજિક જવાબદારીઓ પણ નિભાવવાની છે. કમસેકમ સી.એ. થયા પછી એટલું ધ્યાન રાખવું કે એવી પરિસ્થિતિ ઉભી ન થાય કે કોઇના મા-બાપને વૃદ્ધાશ્રમમાં મુકવા જવું પડે.

દેશમાં જી.એસ.ટી. અમલી બન્યા બાદ સી.એ. વ્યવસાયિકોની માગ વધી છે. તેમનું મૂલ્ય ડબલ થઇ ચૂક્યું છે. જી.એસ.ટી.નું સરળીકરણ અને લોકોને સમજાવટનું કામ સી.એ. સિવાય અન્ય કોઇ વ્યાવસયિક કરી શકે તેમ નથી. આવી સ્થિતિમાં વિદ્યાર્થીઓએ પણ સી.એ. અભ્યાસક્રમ પરત્વે પોતાનો અભિગમ બદલવો જોઇએ કે સી.એ. એટલે કાળા નાણાં ધોળા કરી આપે તે જ નહીં બલ્કે દેશનું અર્થતંત્ર ઠીક કરી શકે તેવા નિષ્ણાંતો એટલે સી.એ. જીએસટી બાદ સી.એ. વ્યવસાયિકોનું મૂલ્ય આ દેશમાં અનેક ગણું વધી ગયું છે.

સી.એ. એટલે કે માત્ર નાણાકીય બાબતોને સંભાળ રાખે તે પુરતું નથી. હવે સી.એ. થયેલા ઉમેદવારોએ પોતાની સામાજિક જવાબદારીઓ પણ અદા કરવાની છે. સમાજે તમને ઘણું આપ્યું છે. તમારે તેમનું ઋણ ચુકવવાનું છે. સીએસઆર. એટલે કે કોર્પોરેટ સોશિયલ રિસ્પોન્સીબીલિટી અંતર્ગત દરેક કંપની પાસેથી બે ટકા રકમ લેવામાં આવે છે. સી.એ. થયેલા ઉમેદવારો પોતાની કંપનીને સમજાવે કે પુરી બે ટકા રકમ આપી ન શકાય તો કમસેકમ દોઢ ટકા રકમ આપે.

# મોબાઈલ કે કાર લેતી વખતે કરીએ છીએ એટલું રિસર્ચ બાળકના પ્લેગ્રુપ બાબતે કરીએ છીએ ખરા?

થોડા દિવસ પહેલાં નવી મુંબઈમાં એક ક્રેશ (પારણાઘર)માં બનેલી ભયંકર ઘટનાની વિડિયોક્લિપ જોઈને ધ્રૂજી ઉઠાયું. દસ મહિનાની ફૂલ જેવી બાળકીને ક્રેશમાં મૂકીને મમ્મી-પપ્પા નોકરી પર ગયાં હતાં. ખારઘરમાં આવેલું ક્રેશ એ વિસ્તારમાં જાણીતું છે. પતિપની બન્ને કામ કરતાં હોય અને ઘરે બાળકનું ધ્યાન રાખનાર કોઈ ન હોય ત્યારે બાળકને સાચવવા માટે ક્રેશ આવશ્યક સેવા બની જાય છે. પૂર્વા પ્લેસ્કૂલ અને ક્રેશ આ જ કારણે ખારઘરમાં ખાસ્સું જાણીતું બનેલું છે. પરંતુ દસ મહિનાની રિતિશા અને તેના પરિવાર માટે એ એક ટોર્ચર ચેમ્બર પુરવાર થયું. એક જ દિવસમાં એ બાળકીને ક્રેશની કેરટેકરે મારી છે, જમીન પર ફેંકી છે, ફંગોળી છે અને જે જંગાલિયતભરી રીતે હેન્ડલ કરી છે એ જોઈને આપણે ત્યાં શરૂ થયેલા આ નવા કલ્ચરની વિશ્વસનીયતા વિશે ઘેરી શંકા જાગે એવું છે. એ તો ભલું થયું કે ક્રેશમાં ધ્વ્સ્ કેમેરા લગાવેલો હતો અને એ ચાલતો હતો. વળી ક્રેશની માલિકણ દ્વારા એની સાથે કંઈ પણ ચેડાં કરાય એ પહેલાં જ પેલા યંગ કપલે પોલીસફરિયાદ કરીને એ ફુટેજ જોવાની માગણી કરી દીધી. અને એ ફુટેજ જોઈને ચોક્કસ જે કોઈ પેરન્ટ્સ પોતાનાં બાળકોને ક્રેશમાં મૂકતા હશે



એ બધાનાં કાળજાં કંપી ઊઠ્યાં હશે.

આપણે ત્યાં શહેરી, એજ્યુકેટેડ અને પ્રોફેશનલ લોકોની લાઇફ દુનિયાના કોઈ પણ મેટ્રો સિટીના વર્કિંગ કપલ્સથી ઝાઝી જુદી નથી રહી. ન્યૂ યોર્ક કે સિડનીમાં રહેતાં યંગ વર્કિંગ કપલ્સ જેમ પોતાના બાળકને ક્રેશ કે ડેકેર સેન્ટરમાં રાખે અને રાત્રે ઘરે જતી વખતે પિક અપ કરી લે એ જ રીતે મુંબઈ, દિલ્હી કે બેન્ગલોરમાં રહેતાં અર્બન ઇન્ડિયન વર્કિંગ કપલ્સ પણ પોતાનાં બાળકોને ક્રેશમાં મૂકતાં નજરે પડે છે. અલબત્ત, ભારતીય સંયુક્ત કુટુંબની પરંપરા હજી અમુક અંશે જીવતી છે એટલે જેમને ત્યાં સગવડ છે ત્યાં તો દાદાદાદી કે નાનાનાની જ બાળકની જવાબદારી સંભાળી લે છે. આ જ કારણે ક્રેશ કે ડેકેરનો કન્સેપ્ટ આપણે ત્યાં પ્રમાણમાં એટલોબધો પ્રચલિત નથી. આમ છતાં પોતાનાં ઘર છોડીને બીજા શહેરોમાં કામ કરતાં અને રહેતાં યંગ વર્કિંગ કપલ્સની જિંદગીમાં બાળકનું આગમન થાય છે ત્યારે ક્રેશ તેમના જીવનનું એક અનિવાર્ય અંગ બની જાય છે. આ જ કારણ છે કે મુંબઈ જેવા મોટા શહેરમાં કે પુણે જેવા નાના શહેરમાં ક્રેશ કે ચિલ્ડ્રન્સ ડેકેર સેન્ટર્સ ધમધમવા લાગ્યાં છે.

પરંતુ આખો દિવસ એક જીવતાજાગતા બાળકનું ધ્યાન રાખવાની કે સંભાળ લેવાની જવાબદારી જેમના પર પેરન્ટ્સ સોંપે છે એ લોકો એ કામ કરવા માટે કેટલા સજ્જ છે કે એ સેવા આપવા માટે ક્વોલિફાઇડ છે કે નહીં એ જાણવાની આપણે ત્યાં કોઈ વ્યવસ્થા જ નથી! અરે, આવડું મોટું જવાબદારીનું કામ માથે લેનારને પણ એમાં એક ધંધાથી વિશેષ કંઈ જણાતું નથી! આવા ક્રેશ કે ડેકેર સેન્ટર્સમાં અથવા તો પ્લેગ્રુપ જેવી સ્કૂલોમાં પણ જે પ્રકારનો સ્ટાફ રાખવામાં આવે છે એ જોઈને ચોંકી જવાય છે. હકીકતમાં ક્રેશના કે પ્લેગ્રુપના માલિક કે સંચાલકની આ ભયંકર બેદરકારી કહેવાય કે પોતાને ભરોસે આવેલાં નાનાં, નિર્દોષ અને અબુધ બાળકોની સારસંભાળ લેવા તેઓ જે માણસોને રાખે છે તેમની કોઈ લાયકાત કે પાત્રતાની ચકાસણી જ નથી કરતા. ઓછા પગારે મળી જતા તદ્દન વાહિયાત અને અયોગ્ય માણસોને પણ નોકરીએ રાખી લેતા હોય છે.

અરે, નોકરોની જ વાત શા માટે? આવા ક્રેશમાલિકો કે સંચાલકોની પણ પાત્રતા કે વિશ્વસનીયતાનું શું? જે સંચાલક પોતાને ભરોસે મુકાયેલાં ભૂલકાંઓ પર નજર નથી રાખતાં એનો વિશ્વાસ કરાય? પેલી નાની બેબીના ચહેરા પર અને પીઠ પર પડેલા ઉઝરડા વિશે જ્યારે આ ક્રેશની માલિક બાઈને પૂછવામાં આવ્યું ત્યારે તેણે પણ તદ્દન ઉડાઉ જવાબ આપી દીધેલો કે બાળકીને પોતાની મેળે જ રમતાંરમતાં કંઈક વાગી ગયું હશે! હકીકતમાં એ બાળકીને ગંભીર ઈજા પહોંચી છે (આયાએ તેને જમીન પર જે રીતે પટકી હતી એમાં ગંભીર ઈજા ન થાય તો જ નવાઈ) અને તેને હૉસ્પિટલમાં દાખલ કરવી પડી છે. આ લખાય છે ત્યારે આયા પોલીસકસ્ટડીમાં છે, પરંતુ ક્રેશની માલિકનો પત્તો નથી. તે પોતાનું ઘર લોક કરીને ભાગી ગઈ છે! બાળકીનાં મમ્મીપપ્પાએ જણાવ્યું છે એ મુજબ પોલીસે પણ ક્રેશમાલિક વિરુદ્ધ ફરિયાદ લેવામાં ગલ્લાંતલ્લાં કરેલાં!

બાળકીની મમ્મીએ મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાનને મળીને આ કિસ્સામાં કડક પગલાં લેવાની વિનંતી કરી છે અને મુખ્ય પ્રધાને તેને પ્રતિસાદ પણ આપ્યો છે. મહારાષ્ટ્રનાં મહિલા અને બાળવિકાસ ખાતાનાં પ્રધાન પંકજા મુંડેએ રાજ્યમાં બધા જ ક્રેશમાં ધ્વ્સ્ ફરજિયાત રાખવાની સૂચના આપી છે. વળી એનું ફુટેજ પણ એક મહિના સુધી રાખવાની સૂચના આપી છે. પરંતુ નિયમો અને કાયદાઓને ઘોળીને પી જવાનું આપણે ત્યાં આસાન છે. એવામાં જાગ્રત તો બાળકોને ક્રેશમાં મૂકનાર માબાપે જ રહેવાનું છે.

આજે આપણે એક મોબાઇલ કે કાર લેવી હોય તોપણ ખાસ્સું રિસર્ચ કરીએ છીએ, એના પ્લસમાઇનસ પોઇન્ટ્સની એનેલિસિસ કરીએ છીએ. તો બચ્ચાંને રાખનાર સેવા બાબતે પણ કાળજી કરવી જરૂરી નથી? એ કોણ વ્યક્તિ છે? તેનું બેકગ્રાઉન્ડ શું છે? તેને ત્યાં સ્ટાફ કેવો છે? એવીબધી બાબતોની જાણકારી ત્યાં જતાં અન્ય બાળકોનાં માબાપ પાસેથી મેળવવી જરૂરી છે. હેલ્થ અને હાઇજીનની દ્રષ્ટિએ એ જગ્યા કેટલી સલામત છે, ત્યાં સિક્યોરિટી બરાબર છે કે નહીં એ બધી બાબતોનો તાગ ત્યાં જાતે જઈને મેળવવો જોઈએ. સંચાલક અને સ્ટાફ સાથે વાતચીત કરીને પણ તેમનાં વાણીવર્તન, વ્યવહાર અને માનસિકતાનો અંદાજ આવી શકે. આ બધા ઉપરાંત ત્યાં પોતાના બાળક પર આપણે નજર રાખી શકીએ એવી સવલત ઉપલબ્ધ છે કે નહીં એ પણ જાણવું જરૂરી છે. હવે આ બધી બાબતોની ચીવટ રાખનારા ક્રેશની ફીઝ કે સર્વિસચાર્જ કદાચ વધુ હોવાનાં, પરંતુ પોતાના જિંદગીમાં સૌથી વધુ મૂલ્યવાન એવા બાળકની જિંદગીની સલામતીનો સવાલ હોય ત્યારે બીજી કોઈ બાબતમાં કરકસર કરીને પણ આ બાબતે કોઈ બાંધછોડ ન કરવી એ પાઠ આવા કિસ્સાઓ પરથી લઈ શકાય.

# સુજોક એક્યુપ્રેશર થેરાપી વૈશ્વિક સ્વયંભુ લોક સ્વીકૃતિ

સુજોક એક્યુપ્રેશર થેરાપી હવે વૈકલ્પિક ચિકિત્સા પદ્ધતિઓ પૈકી એક્યુપ્રેશર પદ્ધતિની આ વૈજ્ઞાનિક શાખા હવે વૈશ્વિક સ્તરે અગ્રિમ સ્થાન પ્રાપ્ત કરવા તરફ અગ્રેસર છે એનું મુખ્ય કારણ એ જ છે કે વિશ્વભરમાંથી લોકો દ્વારા સુજોક સારવાર પદ્ધતિને સ્વીકૃતિ મળી રહી છે.

## સુજોક એક્યુપ્રેશર થેરાપી, આરોગ્ય વિષયક નાની-મોટી તકલીફોની સચોટ સારવાર




૧૯૮૫માં પ્રો. પાર્ક, જે.વું. (કોરીયા) દ્વારા સ્થાપિત સુજોક એક્યુપ્રેશર થેરાપીની ચોકસાઇ અને પવિત્રતાને જાળવી રાખવા માટે ઇન્ટરનેશનલ સુજોક એસોસીએશન (આઇ.એસ.એ.)ની સ્થાપના કરવામાં આવી છે, આ એસોસીએશનના નેજા હેઠળ હાલમાં સુજોક ચિકિત્સા પદ્ધતિ વિશ્વના ૪૨ દેશોમાં કાર્યરત છે અને તેનો બહોળા પ્રમાણમાં ઉપયોગ થવા માંડ્યો છે.

આજની માનવજાતિની નાની મોટી શારીરિક તકલીફોના ઇલાજમાં સુજોક થેરાપી શ્રેષ્ઠત્તમ પરિણામો આપી રહી છે. વિવિધ પ્રકારની દવાઓ તો બજારમાં ઉપલબ્ધ છે પરંતુ, તેનાથી થતી ગંભીર આડઅસરોથી લોકો હવે જાગૃત થયા છે અને તેને પરીણામે બિનઉપદ્રવી તેમજ કોઇપણ પ્રકારની આડઅશર રહીત સારવાર પદ્ધતિ સુજોક તરફ લોકો આકર્ષાઇ રહ્યા છે.

સુજોક સારવાર પદ્ધતિની સૌથી મોટી વિશેષતા એ જ છે કે આ પદ્ધતિમાં કોઇપણ પ્રકારની દવા કે ઔષધિનો ઉપયોગ કરવામાં આવતો નથી આમ છતાં એ ખૂબ જ ઝડપથી અસરકારક રીતે માનવીને રાહત પહોંચાડી રહી છે. સુજોક ચિકિત્સા પદ્ધતિ અત્યંત સહજ, સરળ, કિફાયતી તો છે જ પરંતુ, કોઇપણ પ્રકારની આડઅસર રહિત તેમજ માત્ર શારિરીક જ નહીં પરંતુ, માનસિક તથા મનોશારીરિક તકલીફોમાં પણ ખૂબ જ લાભપ્રદ નિવડે છે.

આ પદ્ધતિમાં નિદાન આપણા શરીરમાં વહન થતી ઉર્જાઓના બંધારણને આધિન હોય છે. આ નિદાન કરી ચૂંબક દ્વારા, બીજો દ્વારા, કલર થેરાપી દ્વારા, નિક્ષ દ્વારા, મોક્ષા દ્વારા, દિશાયુક્ત મસાજ વગેરે દ્વારા દર્દીના શરીરની ઉર્જામાં થયેલા અસંતુલનને સમતોલ કરવામાં આવે છે. આ ઉર્જા પરિવર્તનથી થતી માનસિક તથા મનો-શારિરીક તકલીફોને મૂળથી જ ખતમ કરી શકાય છે.

તો આવો, આ કુદરતી ચિકિત્સા પદ્ધતિને અપનાવી, દવાઓના દુષ્પ્રભાવથી પરે......., સાચા અર્થમાં સ્વસ્થતા પ્રાપ્ત કરીએ.

આ મુજબની તકલીફોમાં સુજોક થેરાપી વડે ચમત્કારિક પરીણામો મેળવી શકાય છે.

**શારિરિક તકલીફ જેમ કે સાંધાના દુખાવો, નસ દબાવાની તકલીફ, પાચનતંત્રની તકલીફ, સ્નાયુના દર્દ અને પેરાલિસીસ**

**માનસિક તથા મનોશારીરિક તકલીફો જેવી કે થાઇરોઇડ, ડાયાબિટીશ, એસીડીટી, માઇગ્રેન, એલર્જી, મોટાપા, ખરતાં વાળ, ચામડીની તકલીફ, અસ્થમા, ગર્ભધારણ તકલીફ, હોર્મોનલ ઇમ્બેલેન્સ વગેરે તકલીફોમાં સુજોક પદ્ધતિ સફળ નિવડી રહી છે.**

# અહીં મળી શકે સુજોક

## સુરત સહિત ગુજરાતના સુજોક થેરાપી સેન્ટર્સની યાદી

## સારવાર

| SR.NO. | SUJOK THERAPIST NAME | SUJOK THERAPY CENTER ADDRESS | CONTACT NO. | EMAIL ID |
|---|---|---|---|---|
| 1 | Nitin Narwani | International Sujok Acupressure, 23,24, Ground Floor, Sheetal Shoping center, Old L.B.Cinema, Bhatar Road, Surat, Gujarat-395007 | 9426222437 | narwani28@gmail.com |
| 2 | Nitin Narwani | Shri Krushna Kripa Charitable Trust, A 5071-5076, Kohinoor Textile Market, Ring Road, Surat, Gujarat. | 9426222437 | narwani28@gmail.com |
| 3 | Dhannesh Gurage | International Sujok Acupressure, 23,24, Ground Floor, Sheetal Shoping center, Old L.B.Cinema, Bhatar Road, Surat, Gujarat-395007 | 9426876856 | dhanneshgurage@gmail.com |
| 4 | Dhannesh Gurage | Shri Karuna Sagar Mandir, Umra, Surat, Gujarat. | 9426876856 | dhanneshgurage@gmail.com |
| 5 | NAMAN VORA | Prem Prakash Ashram, City light, Surat. Gujarat-395007 | 97256 88885 | naman.osho@gmail.com |
| 6 | VIMMI PARAMJIT MALHOTRA | Prem Prakash Ashram, City light, Surat. Gujarat-395007 | 9173395683 | ------ |
| 7 | Pravin R. Gurage | Shail Sanjivani Health Care, Nr. Dindoli Police Station, Opp. Sai Temple, Dindoli, Surat, Gujarat 394210 | 9824828681 | pg9924828681@gmail.com |
| 8 | MANOJ J TARSARIYA | A 9,10 PARAS SOCIETY KATARGAM ROAD SURAT 395004 (GUJ) | 98795 49383 | kalash777@yahoo.co.in |
| 9 | NIDHIBEN BHAVESHBHAI VANPARIA | A2, 502, INDRALOK COMPLEX, KARGIL CHOK, PIPLOD, SURAT | 90333 47929 | ------ |
| 10 | MAULIK BHATT | C 42, AADITYA NAGAR ROW HOUSE, BADKODRA, ANKLESHWAR [GUJ] | 99091 86251 | ------ |
| 11 | JALPABEN BHAVIKBHAI PATEL | MONA CLINIC, NR. WATER TANK, NR. GAWSHALA, A.K ROAD, SURAT 395008 [GUJ] | 98254 64555, 75676 23221 | ------ |
| 12 | PINAL BHANDARI | Shri Krushna Kripa Charitable Trust, A 5071-5076, Kohinoor Textile Market, Ring Road, Surat, Gujarat. | | ------ |
| 13 | PINAL BHANDARI | A/403 SWAGAT COMPLEX, PARWAT PATIYA, SURAT [GUJ] | | ------ |
| 14 | VIDHYA BHUSAN ARORA | U-6, EXCELLUS BUSINESS SPACE, OPP. SHIV SOMESHWER ENCLAVE, BHIMRAD CANAL ROAD, ALTHAN, SURAT | 98251 22767 | vidyabhushanarora24@gmail.com |
| 15 | PIYUSHKUMAR BAKULBHAI PATEL | U-6, EXCELLUS BUSINESS SPACE, OPP. SHIV SOMESHWER ENCLAVE, BHIMRAD CANAL ROAD, ALTHAN, SURAT | 9427184403 | patel.piyush7171@gmail.com |
| 16 | NILAY SONI | SUJOK ACUPRESSURE CENTER, ZALA ROAD, OPP: BANK OF BARODA, CITY CENTER COMPLEX, DHANGDHRA, DIST SURENDRANAGAR, SAURASTRA, 363310 | 8460321740 | nilaysoni008@yahoo.com |
| 17 | RITU KALRA | 704, SAJANI APT. CITYLIGHT SURAT, GUJARAT | 9879159429 | ------ |
| 18 | KARANSING SURAJRAM GAMIT | AT POST MANDVI TA: MANDVI DHOBANI NAKA MOTA KUBHARWAD DI: SURAT [GUJ] | 84695 24455 | ------ |
| 19 | MAYABEN HARISHSINH THAKOR | 48/664 GUJARAT HOUSING BOARD, SHASTRI NAGAR, NR. DESAI MEDICAL, KHATODRA, SURAT. GUJARAT. | 9429004302 | ------ |
| 20 | VALLABHBHAI RANCHHODBHAI VAGHANI | 216, 2ND FLOOR, LAXMI COMPLEX, DADAR NO 4, NR. LAXMI HOTEL, NR. KAMAYA COMPLEX, VARACHA ROAD, SURAT GUJARAT. | 99740 10300 | ------ |
| 21 | BHAVAN JUNEJA | 85, ISHWAR NAGAR, BHATAR, SURAT [GUJ] | 99251 30043 | ------ |
| 22 | SANJAY MUNNILAL SHARMA | HOUSE NO 174, GAYATRI NAGAR-1, KATARGAM, SURAT. GUJARAT | 74057 31811 | ------ |
| 23 | KULSUM H. WAHEDKALAM | 5/6, AJMERI FLATS, OPP: FAIZ TOWER, NR. MOHAMMADI MASJIT, NR. DADA MOTORS, NEW RANDER ROAD, SURAT, GUJARAT 395009 | 97241 98957 96011 77712 | ------ |
| 24 | UDIT H. CHORAWALA | 5/6, AJMERI FLATS, OPP: FAIZ TOWER, NR. MOHAMMADI MASJIT, NR. DADA MOTORS, NEW RANDER ROAD, SURAT, GUJARAT 395009 | 98252 99140 | udithphone@gmail.com |

# કોમ્પ્યુટર એન્જિનિયરિંગ ક્યારેય મંદી નહીં આવે એવું ક્ષેત્ર

વિદેશોમાં વર્ષોથી કોમ્પ્યુટરનો ઉપયોગ શરૂ થયો છે. પરંતુ ભારતમાં હજુ જોઈએ તેટલો ઉપયોગ કરાતો નથી. દુનિયામાં જેટલા કોમ્પ્યુટર એન્જિનિયરોની જરૂર છે તેના કરતાં ચોથા ભાગના પણ બહાર પડતા નથી. મોટાભાગના લોકો કોમ્પ્યુટર એટલે કે પી.સી. અને મોનીટર એવું માનતાં હોય છે. પરંતુ કોમ્પ્યુટરનો અર્થ અને ઉપયોગ વિશાળ છે.

દુનિયાની કોઈપણ સ્વયં સંચાલિત વસ્તુ કોમ્પ્યુટર વિના શકય નથી. ગુજરાતમાં બે વર્ષ પહેલા ડિગ્રી એન્જિનિયરિંગમાં પ્રવેશ લેવા ઈચ્છતાં વિદ્યાર્થીઓ મોટાભાગે કોમ્પ્યુટર બ્રાન્ચ પર જ પસંદગી ઉતારતાં હતા. પરંતુ વચ્ચેના સમયમાં મંદીના કારણે કોમ્પ્યુટર એન્જિનિયરિંગમાં ડિમાન્ડ ઓછી થઈ હતી.

ફરીવાર હવે કોમ્પ્યુટર બ્રાન્ચ હોટ ફેવરિટ બનતી જાય છે. કોમ્પ્યુટર ઈજનેરી ક્ષેત્ર સાથે સંકળાયેલા તજજ્ઞો માને છે કે આગામી ૨૦ વર્ષ સુધી કોમ્પ્યુટર બ્રાન્ચ પસંદ કરનારા વિદ્યાર્થીઓને કોઈ મુશ્કેલી આવે તેમ નથી. કારણ કે ભારતમાં હજુ તેનો પૂરતો ઉપયોગ જ શરૂ થયો નથી. આ સિવાય વિદેશમાં તો દિનપ્રતિદિન કોમ્પ્યુટરની ડિમાન્ડ વધતી જાય છે.

કોમ્પ્યુટર બ્રાન્ચનું વર્તમાન તાજેતરમાં ફેસબુક અને માઈક્રોસોફટના એક્સપર્ટની ચર્ચામાં એવી વિગતો બહાર આવી હતી કે દુનિયામાં ચાર લાખ કોમ્પ્યુટર પ્રોગ્રામરોની જરૂરિયાત સામે માત્ર એક લાખ મળે છે. ભવિષ્યમાં તકો સતત વધતી રહેવાની છે. કોમ્પ્યુટર ઈજનેર બન્યા બાદ વિદ્યાર્થીઓ કોઈપણ આઈઆઈટી કે અન્ય સંસ્થાઓમાં પ્રવેશ લઈને એમ.ટેક અને પછી પી.એચડી સુધીનો અભ્યાસ કરી શકે છે.

કોમ્પ્યુટરમાં બે રીતે વિદ્યાર્થીઓ આગળ વધી શકે છે એક તો રિસર્ચ પ્રોગ્રામિંગ અને નેટવર્કિંગ એન્જિનિયરિંગ. અભ્યાસ પૂરો કર્યા પછી માઈક્રોસોફટ, ઓરેકલ, ગુગલ, ફેસબુક, ફલીપકાર્ડ, એમેઝોન સહિતની



મલ્ટિનેશનલ કંપનીઓમાં સારા પગારથી નોકરીઓ મેળવી શકે છે. અભ્યાસ પછી વિદ્યાર્થીઓ વ્યકિતગત અથવા તો એક કરતાં વધુ વિદ્યાર્થીઓ ભેગા મળીને બિઝનેસ પણ શરૂ કરી શકે છે. કોમ્પ્યુટર બ્રાન્ચનું ભવિષ્ય ભારતમાં હજુ પણ મોટાભાગના લોકો કોમ્પ્યુટર એટલે કે ઘરમાં પડેલું પી.સી. અને મોનિટર એવો અર્થ કરે છે. પરંતુ દુનિયામાં ચાલતી તમામ ઓટોમેટિક વસ્તુ એટલે કે સ્વયંસંચાલિત વસ્તુઓમાં કોમ્પ્યુટરની જરૂર પડે છે. ન્યૂક્લિયર રિએક્ટર સહિતની પ્લાન્ટોમાં માઈક્રો કોમ્પ્યુટરની જરૂર પડતી હોય છે. આપણા દેશમાં કોમ્પ્યુટરનો ઉપયોગ જેટલો થવો જોઈએ તેટલો થયો નથી. જેના કારણે કોમ્પ્યુટર બ્રાન્ચનું ભવિષ્ય ઉજ્જવળ છે અને રહેશે. વિદેશમાં હાલ તમામ ચીજવસ્તુઓ ઉપરાંત રોજબરોજનું જીવન કોમ્પ્યુટર પર આધારિત છે. આપણે ત્યાં પણ ભવિષ્યમાં આ સિસ્ટમ લાગુ થાય તેવી શકયતા હોવાના કારણે વધુને વધુ કોમ્પ્યુટર એન્જિનિયરોની જરૂરિયાત ભી થાય તેમ છે.

હાલમાં ધો.૧૨ પાસ કરીને ડિગ્રી ઈજનેરીમાં પ્રવેશ માટે તૈયાર થતાં વિદ્યાર્થીઓએ કોઈપણ પ્રકારની મુંઝવણ વિના અને કોમ્પ્યુટરના ભવિષ્યની ચિંતા કર્યા વિના આ બ્રાન્ચની પસંદગી કરી શકે છે.


શિક્ષણ સર્વદાને ૧૧ વર્ષ પૂર્ણ કરવા બદલ
હાર્દિક અભિનંદન સહ શુભેચ્છા...

ગુણવત્તાયુક્ત અને શ્રેષ્ઠ શિક્ષણ આપતી
સુરતની ઓળખસમી સંસ્થા

**સુરત એજ્યુકેશન સોસાયટી**

સ્થાપના : ૧૯૬૫
૧૦/૬૨૬, હવાડીયા ચકલા, અંબાજી રોડ, સુરત. ફોન : ૨૫૯૪૫૪૧, ૨૫૯૪૨૦૬

**સંચાલિત સંસ્થાઓ**

એમ.જી. સિંગાપુરી ગર્લ્સ હાઇસ્કૂલ
ગોપીપુરા, સુરત.
■ સુરત પ્રાયમરી શાળા
■ ગોપીપુરા કલ્લોલ કુંજ

સલાબતપુરા હાઇસ્કૂલ
હનુમાન ચાર રસ્તા, ગોપીપુરા, સુરત.

ધ બ્રાઇટલેન્ડ ઇંગ્લિશ મિડીયમ હાઇસ્કૂલ
સુમુલ ડેરી રોડ, સુરત.

આઇ.સી. ગાંધી હાઇસ્કૂલ
સુમુલ ડેરી રોડ, સુરત.
■ સ્વ. સી.વી. રેશમવાળા પ્રાથમિક શાળા
■ શાંતિનિકેતન કલ્લોલ કુંજ

શેઠ સી.ડી. બરફીવાલા
કોલેજ ઓફ કોમર્સ
સુમુલ ડેરી રોડ, સુરત.

મહિધરપુરા અર્બન ઇંગ્લિશ મિડીયમ હાઇસ્કૂલ
સુમુલ ડેરી રોડ, સુરત.
■ બ્રાઇટલેન્ડ ઇંગ્લિશ મિડીયમ સ્કૂલ
■ બ્રાઇટલેન્ડ પ્રી. પ્રાયમરી ઇંગ્લિશ મીડીયમ સ્કૂલ

શ્રી શંભુભાઇ વી. પટેલ કોલેજ ઓફ
બી.બી.એ. એન્ડ બી.સી.એ.
સુમુલ ડેરી રોડ, સુરત.

આધ્યસ્થાપક સ્વ. પૂ. શ્રી શંભુભાઇ વ. પટેલ

શ્રી કમલેશભાઇ એમ. પટેલ
ઉપાધ્યક્ષશ્રી

શ્રી નિતીનકુમાર પી. મહેતા
મંત્રીશ્રી

શ્રી સનિલભાઇ વી. પટેલ
સહમંત્રીશ્રી


## કેરિયર ગાઈડન્સ સેમિનાર યોજવા હોય તો સંપર્ક કરો

**સર્વદા ન્યુઝ :** દેશભરમાં વિવિધ રાજ્યોના તેમજ સેન્ટ્રલ બોર્ડમાં ચાલુ શૈક્ષણિક વર્ષનું પ્રથમ સત્ર પૂર્ણ થઇ રહયું છે. ત્યારે બોર્ડના પરીક્ષાર્થીઓ તેમજ વાલીઓ શૈક્ષણિક કારકિર્દીના મહત્વના વર્ષે પરીક્ષાની તૈયારીઓથી શરૂ કરીને કારકિર્દી ઘડતર બાબતે વધુ ચિંતિત બન્યા છે.

આવી સ્થિતિમાં બોર્ડના વિદ્યાર્થીઓ તેમજ તેમના વાલીઓને કારકિર્દી ઘડતર અંગે યોગ્ય અને સચોટ માર્ગદર્શન મળી રહે તેવી વ્યવસ્થા શિક્ષણ સર્વદા પરિવારે કરી રહ્યું છે. કોઈપણ શાળા, સંસ્થા, ક્લાસીસ, સમાજ, સોસાયટી, ગ્રુપ તેમના વિદ્યાર્થીઓ માટે કારકિર્દી માર્ગદર્શન પરિસંવાદ યોજવા ઇચ્છે તો શિક્ષણ સર્વદા (૯૮૨૫૩ ૪૪૯૪૪) નો સંપર્ક કરી શકે છે. હાલમાં જ્યારે કારકિર્દીના અનેક વિકલ્પો આપણા રાજ્ય તેમજ રાષ્ટ્રમાં ઉપલબ્ધ છે ત્યારે વિદ્યાર્થીને તેની ક્ષમતા અનુસાર વ્યવસાયલક્ષી અભ્યાસક્રમમાં પ્રવેશ મળે તે માટે માગદર્શન તેમજ સાચી માહિતી અત્યંત જરૂરી છે જે શિક્ષણ સર્વદા તરફથી આપવામાં આવશે. શિક્ષણ સર્વદાનો કેરિયર ગાઇડન્સ પરિસંવાદ અંદાજે અઢીથી બે કલાકનો હોય છે જેમાં દોઢ કલાક જેટલો સમય વક્તવ્ય તથા અડધો કલાક ઓપન હાઉસનો રાખવામાં આવે છે. ઓપન હાઉસમાં વાલીઓ તથા વિદ્યાર્થીઓ મૂઝવતા પ્રશ્નોની જાણકારી મેળવી શકશે.

શિક્ષણ સર્વદા કારકિર્દી પરિસંવાદમાં ધો.૧૦, ધો.૧૨ સાયન્સ અને ધો.૧૨ કોમર્સ પછી ઉપલબ્ધ વિકલ્પો, વૈશ્વિક કારકિર્દીના વિકલ્પો, પ્રવેશ પ્રક્રિયા, ફીનું ધોરણ સહિતની જાણકારીઓ આપવામાં આવે છે. સૌથી અગત્યનું એ પણ છે કે હાલ અભ્યાસ કરી રહેલા વિદ્યાર્થીઓ કે જેઓ આગામી વર્ષે પ્રવેશાર્થી બનવાના છે તેમને ચાલુ વર્ષે છેલ્લું મેરિટ કેટલા માર્ક અને કેટલા ટકાએ અટક્યું છે તેની પણ વિગતો સેમિનારમાં આપવામાં આવે છે. આવી સ્થિતિમાં જેમણે આયોજન કરવું હોય તેમણે અગાઉથી તારીખ બુક કરી રાખવાની રહેશે.

બોર્ડની પરીક્ષાઓ પૂર્વે વિદ્યાર્થીઓ માટે કેરિયર ગાઇડન્સ પરિસંવાદ અત્યંત ઉપયોગી બની રહેશે તેની ખાતરી શિક્ષણ સર્વદા પરિવાર આપે છે. આપની સંસ્થાના વિદ્યાર્થીઓને માટે આજે જ પરિસંવાદની તારીખ બુક કરાવો. સંપર્ક કરો. તંત્રી શિક્ષણ સર્વદા, જયેશ બ્રહ્મભટ્ટ, મોબાઇલ નંબર ૯૮૨૫૩ ૪૪૯૪૪.

# કોઇપણ ડિગ્રી સાથે પરફોર્મિંગ આર્ટસની ડિગ્રીમાં પણ ભણી શકાય

## બેચલર ઇન પરફોર્મિંગ આર્ટ્સ (બી.પી.એ.) કોર્સ દક્ષિણ ગુજરાતની એક માત્ર સાર્વજનિક કોલેજ ઓફ પરફોર્મિંગ આર્ટ્સ (સ્કોપા), નાનપુરા હાઈસ્કૂલ પરિસર, સુરતમાં થઇ શકે

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સીટીની [illegible] સરાહનીય અભિગમ દાખવીને પરફોર્મિંગ આર્ટ્સ (સંગીત, નાટક અને નૃત્ય) અને ફાઈન આર્ટ્સ (લલિત કલાઓ) માટે સમાંતર સ્નાતક અભ્યાસને મંજૂરી આપી છે. આમ હાલમાં બી.એ., બી.કોમ., બીબીએ, બીસીએ કે એવા કોઈ પણ સ્નાતક કક્ષાના પહેલાં, બીજા કે ત્રીજા વર્ષના વિદ્યાર્થીઓ તેની સાથોસાથ બી.પી.એ. (બેચલર ઇન પરફોર્મિંગ આર્ટ્સ)નો કોર્સ પણ કરી શકશે. તે માટેની પ્રાથમિક જરૂરિયાત માત્ર ધો. ૧૨ પાસ હોવાની છે. હાલ આ કોર્સ દક્ષિણ ગુજરાતની એક માત્ર સાર્વજનિક કોલેજ ઓફ પરફોર્મિંગ આર્ટ્સ (સ્કોપા), નાનપુરા હાઈસ્કૂલ પરિસર, સુરતમાં થઇ શકે છે, તો ફાઈન આર્ટસનો કોર્સ ખુદ યુનિવર્સીટી ચલાવે છે. આ એક ગ્રેજ્યુએટ ડિગ્રીનો અભ્યાસક્રમ છે.

અન્ય કોઇપણ ડિગ્રી, પી.જી. ડિગ્રીમાં અભ્યાસ કરી રહેલા કોઇપણ ઉમેદવાર તેમના રેગ્યુલર ડિગ્રીના શિક્ષણ સાથે કલાનું શિક્ષણ મેળવીને વધુ સારી કારકિર્દી મેળવી શકાય છે. પરફોર્મિંગ આર્ટ્સનો કોર્સ કર્યા બાદ સ્ટેજ, ટીવી અને સિનેમા સહીત અનેક મીડિયામાં તેજસ્વી કરિયર બની શકે છે, તો સેંકડો શાળાઓને કલા શિક્ષકની હાલ જરૂર છે. આ કોર્સ કરનાર સૌને જોબ પ્લેસમેન્ટ મળી શકે છે.

ટોચના એન્જિનિયર, ડોક્ટર અને મેનેજર પણ કલા તરફની અભિરુચિ ધરાવે જ છે, આમ સફળ કેરિયર પછી પણ કલાનું શિક્ષણ સ્વીકારનાર સૌ કોઈ, કોઈ પણ ઉંમરે આ કોર્સમાં જોડાઈ શકે છે.

# શિક્ષણ સર્વદાને સહકાર આપતા રહેજો

શિક્ષણ સર્વદા પખવાડિકએ તા.૧લી નવેમ્બર ૨૦૧૭ના અંક સાથે ૧૨માં વર્ષમાં પ્રવેશ કર્યો. આ પ્રસંગે શિક્ષણ સર્વદા શહેરના વહીવટીતંત્રોના અધિકારીઓ, શાળા સંચાલકો, આચાર્યો, શિક્ષણશાસ્ત્રીઓ, શિક્ષકો સહિત તમામનો હાર્દિક આભાર પ્રગટ કરતા નમ્ર અપીલ કરે છે તે છેલ્લા ૧૧ વર્ષ દરમિયાન શિક્ષણ સર્વદાને જે પ્રકારે ઉમળકાભર્યો પ્રતિસાદ આપ્યો છે તેવો હવે પછીના વર્ષમાં પણ આપતા રહે. તા.૧લી નવેમ્બરના અંકમાં શિક્ષણ સર્વદા દિપોત્સવી અંક સાથે કેટલાક મહત્વના મુદ્દાઓ પર વિશિષ્ટ વાંચન પીરસ્યું છે. દર વર્ષની જેમ આ વર્ષે પણ શિક્ષણ સર્વદાને જાહેર ખબર સ્વરૂપે મદદરૂપ થતા શાળા સંચાલકો, આચાર્યો, વિજ્ઞાપનકારોને પણ શિક્ષણ સર્વદાના સંવર્ધન માટે ફૂલ નહીં તો ફૂલની પાંખડી સમાન સહકાર આપ્યો છે તેની નોંધ લેવામાં આવે છે. તમામ વિજ્ઞાપન દાતાઓનો અમે સહર્ષ આભાર વ્યક્ત કરીએ છીએ. આ શહેર સહિત સમગ્ર દક્ષિણ ગુજરાતના શિક્ષણ જગત માટે શિક્ષણ સર્વદાએ પ્રજ્વલિત કરેલી જ્યોત હંમેશા માટે શિક્ષણની એવી તકોને ઉજાગર કરશે.

**શ્રી સત્ય સાઇ એજ્યુકેશન ટ્રસ્ટ**

C/o. જે.એચ.બી. સરદાર ઇંગ્લીશ સ્કુલ, સુગમ સોસાયટી, અડાજણ પાટીયા, સુરત.

Website : www.ssetschool.org
E-mail : ssettrust@gmail.com

While Others Dream, We Accomplish

Mobile App : ssetschool
Ph. : (0261) 2774002

**Schools at Palanpur Patia Campus - Ph. : (0261) 2766426 / 2766413 / 2765399**

**B.D. Desai Balmandir**
Email : bddesaibalmandir09@gmail.com
Mobile App : SSET - BDD

**SSER Pre Primary & Primary English School**
Principal : Mrs. Forumben H. Dalal
Email : ssetengschool@gmail.com
Mobile App : SSET

**P.B. Desai Primary School**
Principal : Mrs. Ankitaben Naik
Mobile App : SSET - PBD
E-mail : pbd.sset@gmail.com

**I.N. Tekrawala High School**
Email : inthigher@gmail.com
Mobile App : SSET - INT

**H.M.B. Sardar High School**
Principal : Mrs. Jyotiben Parikh
E-mail : hmbsardar007@gmail.com
Mobile App : SSET - HMB

**Schools at Adajan Patia Campus - Ph. : (0261) 2766378**

**J.H.B. Sardar High School** Principal : Mrs. Pinkyben R. Kalia | E-mail : jhbsardareng@gmail.com | Mobile App : SSET - JHB

નર્સરીથી ધો.૧૨ (આર્ટસ, કોમર્સ, સાયન્સ અને ટેકનિકલ) અંગ્રેજી અને ગુજરાતી માધ્યમમાં લગભગ ૬,૦૦૦ જેટલા વિદ્યાર્થીઓ, ૨૫૦ જેટલા કોલીફાઇડ કર્મચારીઓ, નો ડોનેશન સ્કુલ, સરકારશ્રીના ફી માળખા મુજબ ફી લેતી શાળાઓ.

**શ્રી સત્ય સાઇ એજ્યુકેશન ટ્રસ્ટ તથા શાળા પરિવાર**



શ્રી નરોત્તમભાઇ જે. પટેલ
પ્રમુખશ્રી (ટ્રસ્ટીશ્રી)



ડૉ. જીવણભાઇ એમ. પટેલ
મંત્રીશ્રી



શ્રી ચતુરભાઇ જે. પટેલ
શિક્ષણ સમિતિ કન્વીનરશ્રી (ટ્રસ્ટીશ્રી)



રેશ્મા એમ. પટેલ
પ્રાથમિક વિભાગ / માધ્યમિક વિભાગ / ઉચ્ચત્તર માધ્યમિક વિભાગ આચાર્યા

॥ सा विद्या या विमुक्तये ॥

**શિક્ષણ સર્વદાને ૧૧ વર્ષ પૂર્ણ કરવા બદલ હાર્દિક શુભકામનાઓ**

**શ્રી ઉત્તર ગુજરાત એજ્યુકેશન ટ્રસ્ટ, સુરત**

સંચાલિત

**શેઠ શ્રી વી.એચ. લખી વિદ્યાસંકુલ**

જમનાબા અમથારામ પટેલ (વરવાડા) પૂર્વ-પ્રાથમિક શાળા
પુરીબેન છગનભાઇ પટેલ (લાંઘણજ) શારદાનિકેતન પ્રાથમિક શાળા
કર્મવીર સાંકળચંદ કાળીદાસ પટેલ માધ્યમિક ઉચ્ચ. માધ્યમિક વિદ્યાલય
શ્રી ઉત્તર ગુજરાત B.B.A., B.C.A. કોલેજ

ભટાર વિસ્તારમાં ધો.૧૦, ધો.૧૨ સાયન્સ અને કોમર્સનું શ્રેષ્ઠતમ પરિણામ ધરાવતી શાળા

ધો.૧૦નું પરિણામ ૯૦.૧૦%

ધો.૧૨ કોમર્સનું પરિણામ ૯૦.૦૦%

ધો.૧૨ સાયન્સનું પરિણામ ૮૨.૦૦%

વિજ્ઞાન પ્રયોગશાળા | રંગમંચ | કોમ્પ્યુટર લેબ | પુસ્તકાલય અને વર્કશોપ | શાળા પુસ્તકાલય | પ્રસાધન તેમજ પાર્કિંગ સુવિધા | ઓડિયો વિઝ્યુઅલ થિયેટર | રમત-ગમતની સુવિધાઓ | નાસ્તાની સુવિધા | કે.જી. પ્રયોગશાળા | એરકંડીશન ઓડીટોરીયમ

# મગજ તર્ક સિવાયની કોઈ પણ ભાષા સમજી શકતું જ નથી અને કુદરત હંમેશા એવા દાખલાઓ આપ્યા જ કરે છે, જે અતાર્કિક હોય છે

***જીવન એટલે શું? ખુદનો ચહેરો જોવા માટે અરીસા પાસે જવું પડે છે, ને દંભી માનવી નરી આંખે ખુદાને જોયાનો દાવો કરે છે. પોતાની મુશ્કેલીઓ સામે માણસનું ક્યાં કશું વળે છે? ને એ બીજાનું ભવિષ્ય જાણતો હોવાનું કહી ઉપર ચડે છે. અહીં તો બધા જ પોતાને જે ગમે એ જ સાચું ગણે છે, કોઈ ન ગમતી વાત કહી જાય, તો લોકોના પેટમાં બળે છે. નવા વિચારો સામે માનવી એક અભેદ દીવાલ ચણે છે, ભણતરના નામે લોકો બીજું કઈ નહીં પણ ઉઠાં ભણે છે. પોતાની માન્યતાની તલવાર લઈને અહીં બધા લડે છે, પણ અંત સુધી ખબર નથી કે એ પોતે જ પોતાને નડે છે. જીવન ટકાવવા માટે જોઈએ એટલા વેન્ટીલેટરો મળે છે, પણ જન્મ અને મરણના રહસ્યની ચાવી હજી ક્યાં જડે છે?***

***: મૃગાંક શાહ***

ભગવાનમાં શ્રદ્ધા એ વ્યક્તિગત બાબત છે. વળી ભગવાનમાં શ્રદ્ધા હોય તો કોઈ ગુરુમાં માનવું કે ન માનવું એ પણ વ્યક્તિગત બાબત છે. હા, એક વણમાગી સલાહ આપવાનો લોભ રોકી શકતી નથી. જે ગુરુ એવો દાવો કરે કે પોતે ભગવાનને જોયા છે કે પોતાની પાસે ચમત્કારિક શક્તિ છે, એમનાથી ચેતતાં રહેવું સારું. આ બાબતમાં મારું તો માનવું છે કે 'ખાલી ચણો વાગે ઘણો અને 'ઢમ ઢોલ માંહે પોલ મહદ અંશે સાચું ઠરે છે. મોટા દાવાઓ લાંબે ગાળે મોટા કૌભાંડ સ્વરૂપે બહાર આવતા હોય છે. મારી વાતના સમર્થનમાં સ્વામી વિવેકાનંદના ગુરુ રામકૃષ્ણ પરમહંસનો એક પ્રસંગ મદદે આવે એમ છે. એક વાર એક સાધુ એમને મળવા આવ્યા. સાધુને થયું કે લાવ હું મારી સિદ્ધિઓની બડાશ હાંકી રામકૃષ્ણ પરમહંસને આંજી દઉં. એમણે રામકૃષ્ણ પરમહંસને કહ્યું : 'મેં વર્ષોની સાધના પછી એક અનન્ય સિદ્ધિ પ્રાપ્ત કરી છે .રામકૃષ્ણ પરમહંસ કહ્યું : 'એમ?, કઈ સિદ્ધિ? સાધુએ કહ્યું : 'વર્ષોની સાધના પછી, હું ડૂબ્યા વગર પાણી પર ચાલી શકું છું. સાધુને અપેક્ષા હતી એ એમની આ સિદ્ધિને રામકૃષ્ણ પરમહંસ બિરદાવશે અને પ્રભાવિત થઇ જશે, પણ બન્યું સાવ ઉંધું. સાધુની બડાશ સાંભળી રામકૃષ્ણ પરમહંસે સામો સવાલ કર્યોઃ 'આટલાં વર્ષોની સાધના અને તપશ્ચર્યા પછી તમે આ સિદ્ધિ મેળવી ? પાણી પર ચાલવાની જરૂર શી છે? એને માટે તો હોડી છે જ! એના કરતાં તો એવી સિદ્ધિ પ્રાપ્તપ્રકરવા મથામણ કરવી હતી ને કે જેનાથી બે ગરીબ માણસોનું પેટ ભરાય કે બે માંદા માણસો સાજા થઇ શકે?

અખબારોમાં રોજ મરણનોંધ અને શ્રદ્ધાંજલિઓ છપાય છે. રોજ આપણે એ વાંચીએ છીએ અને વાંચતી વખતે એક ક્ષણ પૂરતી આપણી માનસિક સ્થિતિ બદલાઈ જાય છે. મરનાર ભલે આપણું કોઈ સગું કે સંબંધી નથી, તે છતાંય થોડીક ક્ષણો માટે આપણને સહાનુભૂતિ થઇ જાય છે. સાથે સાથે એવો પણ વિચાર આવી જાય છે, કે ક્યારેક આપણો ફોટો પણ અહીં છપાશે. આ વિચાર આપણને થથરાવી જાય છે, પણ બહુ ઓછી ક્ષણો માટે. છાપાનું પાનું પલટાઈ જાય કે તરત આપણે આપણા રોજબરોજના કામકાજના વિચારોમાં ફરી ખોવાઈ જઈએ છીએ. શ્રદ્ધાંજલિઓમાં કોઈ અજાણ્યા યુવક કે બાળકનો ફોટો જોઇને આપણને ખૂબ જ ઝાટકો પણ લાગે છે. આટલી ઓછી વયે કોઈ માણસ કેવી રીતે મરી શકે? મૃત્યુ વિશેનું ચિંતન આપણને એક વાત તો વિચારતાં કરી જ દે છે કે અહીં ક્યારે પણ, કશું પણ થઇ શકે છે. ભવિષ્યમાં શું થવાનું છે એની કોઈને જ કશી ખબર નથી ને તોયે કાળા માથાનો માનવી પોતાને સર્વોચ્ચ ગણીને સતત એવા ખયાલોમાં રાચ્યા જ કરે છે, કે એ જે ધારે છે, એ કરીને જ રહે છે. કુદરત ખૂબ દયાળુ છે. એ આપણને કંઈ કેટલાય દાખલાઓ સતત આપ્યા જ કરે છે, એ સમજાવવા માટે કે ભાઈ, તારા હાથમાં કશું જ નથી. તું ખોટી ડંફાસો હાંકવાનું રહેવા દે, પણ માનવી કુદરતની વાત એક કાને સાંભળીને બીજા કાનેથી કાઢી જ નાખે છે. કોઈ નજીકનો સંબંધી ભરયુવાનીમાં અને ફિઝિકલી એકદમ ફિટ હોવા છતાં અચાનક એક દિવસ હાર્ટએટેકમાં મરણ પામે છે. આવું બને છે, ત્યારે આપણે બોલતાં હોઈએ છીએ કે આવું કેવી રીતે બની શકે એ જ સમજ નથી પડતી. અણધારેલી ઘટનાઓ જીવનમાં સતત ઘટતી રહે છે, ને તોય માણસ કુદરતની એ શીખ માનતો જ નથી, કે ધાર્યું ધણીનું થાય. હા, આપણે બધાં એવું બોલીએ છીએ ખરાં, પણ માનતાં નથી. જે થયું એનાં કારણો શોધવા મગજ તરત મંડી પડે છે. માણસ દૃઢપણે એવું માને છે કે દરેક ઘટના પાછળ કોઈ કારણ હોવું જ જોઈએ અને એ પાછું એવું હોવું જોઈએ, જે એની બુદ્ધિમાં ઉતરે. મગજ તર્ક સિવાયની કોઈ પણ ભાષા સમજી શકતું જ નથી અને કુદરત એવા કેટલાય દાખલાઓ આપ્યા જ કરે છે, જે અતાર્કિક હોય છે. શું થોડાક મહિનાઓ પહેલાં મોટામાં મોટા અને વિદ્વાન શિરોમણિ અર્થશાસ્ત્રીને પણ એવી ખબર હતી કે અચાનક નોટબંધી જાહેર થશે? વિજય માલ્યાએ દેશમાંથી બહાર ભાગી જવું પડશે એવું કોઈએ ભવિષ્ય ભાખેલું? મહાભારતના યુદ્ધ વખતે જયારે મહાન યોદ્ધા અર્જુનનો રથ કુરુક્ષેત્રના રણમેદાનમાં વચ્ચે આવીને ભો રહ્યો અને રણશિંગું ફૂંકાયું ત્યારે એવી કોઈને ખબર હતી કે અર્જુન શસ્ત્રો હેઠાં મૂકીને પાણીમાં બેસી જશે? અરે પંડિતોના પંડિત અને વિદ્વાનોમાં શિરોમણિ એવા ઋષિ વશિષ્ઠ મુનિએ એવું ભવિષ્ય ભાખેલું કે પુષ્ય નક્ષત્રમાં આવતી કાલે શુભ ચોઘડિયામાં રામનો રાજ્યાભિષેક થશે. રાજ્યાભિષેક તો જવા દો, રામને ચૌદ વર્ષ વનવાસ જવું પડ્યું. કોઈકે સાચું જ કહ્યું છેઃ ' આ પળોનો ખ્યાલ રાખજો; યુગ તો એનું સંભાળી લેશે.

માણસ સમાજે ઘડેલી ઘટમાળ અને માન્યતાઓના કેદમાં આજીવન બંધાયેલો હોય છે. ક્યારેક સમાજ, કુટુંબ, નિશાળ કે નોકરી આ માન્યતાઓની જેલમાં ચોકીદાર બની જતા હોય છે. આજની શિક્ષણ પદ્ધતિ ડોક્ટર્સ, એન્જિનયર્સ, ડેન્ટિસ્ટસ, એમ.બી.એ., ફિઝિયોથેરેપિસ્ટ્સનું માસપ્રોડક્શન કરનારી ફેક્ટરી સમાન છે. આવી શિક્ષણ સંસ્થાઓ પોતાની રીતે વિચારવાની ટેવ, પ્રશ્ન પૂછવાની આદત, જુદો મત પ્રદર્શિત કરવાની હિંમત, ભૂલ કરવાની છૂટ કે જાતને ઓળખવાનું વાતાવરણ ક્યાં પૂરું પાડે છે? વિચારશક્તિ અને કલ્પનાશક્તિ પૂરેપૂરી રુંધાઇ જાય ત્યારે માણસ 'ગ્રેજયુએટ થાય છે. કોલેજની ડિગ્રી ન તો જોબની ખાતરી આપે છે, ન જીવન જીવવાની રીત શીખવે છે. શિક્ષણ એટલે દરેક વ્યક્તિને જીવનને પોતાની રીતે જોવાનું શીખવાડે તે.


## જીવન જયોત ટ્રસ્ટ, અમરોલી, સુરત

કોલેજ કેમ્પસ, કોલેજ રોડ, અમરોલી, સુરત-૩૯૪ ૧૦૭. ફોન (ઓ) : (૦૨૬૧) ૨૪૯૯૩૮૨
E-mail : principal@amrolicollegesurat.com, Web : www.amrolicollegesurat.com

### ટ્રસ્ટ સંચાલિત સંસ્થાઓ

### વીર નર્મદ ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન

- જે. ઝેડ. શાહ આર્ટ્સ એન્ડ એચ.પી. દેસાઈ કોમર્સ કોલેજ, અમરોલી. (ગ્રાન્ટેડ) બી.કોમ., એમ.કોમ. (અંગ્રેજી અને ગુજરાતી માધ્યમ), બી.એ., એમ.એ. અર્થશાસ્ત્ર, અંગ્રેજી, ગુજરાતી) વિમેન્સ આફટરનૂન એડિશનલ સેલ્ફ ફાઈનાન્સ કલાસ, અમરોલી
- પ્રો. વી. બી. શાહ ઈન્સ્ટીટ્યુટ ઓફ મેનેજમેન્ટ (સ્વનિર્ભર બી.બી.એ. કોલેજ)
- આર. વી. પટેલ કોલેજ ઓફ કોમર્સ (સ્વનિર્ભર બી.કોમ. - અંગ્રેજી માધ્યમ)
- વી. એલ. શાહ કોલેજ ઓફ કોમર્સ (સ્વનિર્ભર બી.કોમ - ગુજરાતી માધ્યમ)
- સુટેક્ષ બેંક કોલેજ ઓફ કોમ્પ્યુટર એપ્લીકેશન એન્ડ સાયન્સ (સ્વનિર્ભર બી.સી.એ. કોલેજ)


### ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ સંલગ્ન

- એસ. પી. બી. હાઈસ્કુલ, અમરોલી
- એચ. પી. દેસાઈ પ્રાથમિક વિદ્યાલય, અમરોલી
- પી. જી. શાહ બાળમંદિર (કોલેજ કેમ્પસ)
- આર. એમ. દેસાઈ પ્રાયમરી સ્કુલ (અંગ્રેજી માધ્યમ)
- 'સધ્યારો' ઈંગ્લીશ મીડીયમ હાઈસ્કુલ, અમરોલી
- વી. એફ. શાહ પ્રાયમરી સ્કુલ (ગુજરાતી માધ્યમ)
- શ્રી જી. જી. મુંદડા માધ્યમિક શાળા (ગુજરાતી માધ્યમ)
- પી. જી. શાહ બાળમંદિર (સરસ્વતી શૈક્ષણિક સંકુલ)
- એમ. જી. શાહ ઉ. મા. શાળા અમરોલી (વિજ્ઞાન પ્રવાહ)
- જીવન જયોત મોન્ટેસોરી ટીચર્સ ટ્રેનીંગ કોલેજ
- એલ. એમ. દેસાઈ (મોટા વરાછા) જનરલ હોસ્પિટલ અને પી. એમ. આર. શાહ (માલવાડાવાળા) પ્રસુતિ ગૃહ

**ભરતભાઇ વી. શાહ** પ્રમુખ — **ગીરધરગોપાલ મુંદડા** ઉપપ્રમુખ

**અશ્વિનભાઇ પટેલ - અનુજભાઇ શાહ** માનદ્‌મંત્રી





# ફોરેન્સિક સાયન્સ મોડર્ન અને રોમાંચક વ્યવસાય બની ચૂક્યું છે



લગભગ ૮૦૦ વર્ષ પહેલા ચીનના એક નાના ગામમાં બધા નગરજનોને ચોકમાં હાજર રહેવાનું ફરમાન કરવામાં આવ્યું. તે સમયના ગામોમાં લગભગ બધા જ ઘરોમાં લોકો ચામડાના સિવણકામ માટે વપરાતી મોટી સોય રાખતા. શેરલોક હોમ્સ સ્ટાઈલમાં ગામના ચોકમાં આંટાફેરા મારી રહેલો જે યુવક પોતાની જાતને શાણો જાસુસ સમજી રહ્યો હતો, તેણે બધાને પોતપોતાની સોય લાવી, ઓટલા ઉપર થોડા થોડા અંતરે ગોઠવવાનું કહયું. સવાલ ગામમાં બે કલાક પહેલા થયેલા મર્ડરનો આરોપી શોધવાનો હતો, એટલે નગરજનોએ પણ સહયોગ આપી પોતપોતાની સોય ગોઠવી અને પંદરમી મિનિટે આ યુવાને એક ચોક્કસ સોય તરફ ઈશારો કર્યો. એ સોય જે માણસની હતી તે ગભરાઈ ગયો અને રડતા રડતા ગુનો કબૂલી લીધો. આમ ૧૩મી સદીમાં ફોરેન્સિક સાયન્સના પાયા નંખાઈ ગયા. ખરેખર તો આ ઘટના પહેલા પણ મર્ડરર, ચોર, મિલાવટખોર જેવા ગુનેગારોને પકડવા વિજ્ઞાનની મદદ લેવાતી જ હતી પણ સૌથી જુના સચવાયેલા લેખિત દસ્તાવેજો જે મળી આવ્યા છે તેના આધારે ચીનમાં ૧૨૪૮માં લખાયેલું પુસ્તક, ૯ગુનાનો પર્દાફાશઃ ફોરેન્સિક સાયન્સનું પહેલું પુસ્તક મનાય છે. મૃત્યુ ગળું દબાવીને થયું છે કે પાણીમાં ડુબાડી? મૃત્યુ પાછળનું કારણ અકસ્માત, આપઘાત કે પછી કતલ હતું તે વિષેની વિસ્તૃત જાણકારી લેખકે આ પુસ્તકમાં આપી છે. ઉપર વર્ણવેલા કેસમાં પણ જાસુસે ગામવાળાની સોયને જોઈને તુક્કો નહિ પણ નકરું વિજ્ઞાન કેવી રીતે ઉપયોગમાં લીધું તે વિષે લેખકે ફોડ પાડ્યો છે. (જવાબ વૈજ્ઞાનિક હોવા છતાય બહુ જ સરળ છે. થ્રિલરમિસ્ટ્રી વાંચનારાઓના મગજમાં જો કેસ સોલ્વ થઇ ગયો હોય તો લેખના અંતમાં આપેલા આઈડી પર મેઈલ કરીને જણાવવું. (જો ભેજાનું દહીં કર્યા બાદ પણ જવાબ ન જડે તો પણ મેઈલ કરજો, જવાબ આપવામાં આનંદ થશે)

રોમન સામ્રાજય વખતે ગુનેગારને પકડવા, ગુનેગાર અને આરોપ મુકનારની દલીલો આજની કોર્ટની જેમ જ પબ્લિક સામે પ્રસ્તુત કરાતી. નિર્ણય આપનાર આ જનતાનું જૂથ ૯ ફોરમઃ તરીકે ઓળખાતું અને તેના પરથી ફોરેન્સિક શબ્દ અપભ્રંશ પામ્યો.

જુના કાળમાં વ્યવસ્થિત ધારાધોરણ પાળતી પ્રમાણભૂત ફોરેન્સિક ટેકનિક્સ નહોતી એટલે ઘણાંખરા ગુનેગારો હાથમાંથી છટકી જતા. ક્રિમીનલ ઈન્વેસ્ટીગૅસ મોટેભાગે ગુનેગારને મારીટીપી કબુલાત કરવા પર જ નિર્ભર રહેતું. જોકે ગુનાખોરી માટે વિજ્ઞાનની મદદ લેવાનો વિચાર પ્રાચીન યુગના માનવીઓને પણ ઘણી વાર આવતો અને તેઓ તેને અજમાવતા પણ ખરા. પણ તેનો વ્યાપ ઘણો મર્યાદિત રહેતો. જેમકે ઈસુ પૂર્વે ૩૦૦ વર્ષ પહેલા જયારે રાજા હેઈરોએ પોતાના વૈજ્ઞાનિક આર્કિમીડીઝને પોતાનો સોનાનો મુગટ ચકાસવા આપ્યો ત્યારે આર્કિમીડીઝે બાથટબમાં સ્નાન કરતા સોનાની ઘનતા ચકાસવા તરણશક્તિનો સિધ્ધાંત ઉપયોગમાં લેવાનો વિચાર કર્યો. પોતાની આ શોધથી તે પોતે એટલો પ્રભાવિત થઇ ગયો કે કહેવાય છે કે તે બાથટબમાંથી ઉઠીને નિર્વસ્ત્ર જ રસ્તા પર યુરેકા! યુરેકા!(મેં શોધી નાખ્યું) કહેતો દોડ્યો હતો. રાજા હેઈરોને શંકા હતી કે પોતાના કપટી સોનીને આપેલા સોનામાં તેને ચાંદી ભેળવી મુગટ તૈયાર કર્યો છે એટલે તેનું ખરાપણું તપાસવા આર્કિમીડીઝને અપાયું હતું. આર્કિમીડીઝ મુગટનો આકાર બદલીબગાડી શકે તેમ નહોતો માટે સોનાના મુગટને પીગળાવ્યા વગર જ તેને આ કાર્ય સિદ્ધ કરવાનું હતું જેનો વૈજ્ઞાનિક રીતે સચોટ તોડ તેને બાથટબમાં ન્હાતા ન્હાતા મળી ગયો હતો.

પૌરાણિક ચીન અને ભારતીય સંસ્કૃતિમાં ગુનેગારના મોઢામાં સુકા ચોખા ઠુંસવામાં આવતા અને પછી તે ચોખા થૂંકી નાખવા કહેવામાં આવતું. આ જાતના ટેસ્ટની માન્યતાનો પાયો એ હતો કે ગુનેગારનું મોઢું ગભરામણ અને ગીલ્ટના કારણે સુકાઈ જતું હોય છે અને તેને થૂંકી કાઢેલા ચોખામાં થુંકનું પ્રમાણ નહિવત હોય છે. જો આરોપીના મોઢામાં વધુ પ્રમાણમાં ચોખા ચોંટી રહી જવા પામે તેનો અર્થ તે જ સાચો ક્રિમીનલ છે!!

આવી ચિલાચાલુ પદ્ધતિઓથી છુટકારો અપાવા અને સાચા અર્થમાં ફોરેન્સિક સાયન્સ કહી શકાય તેવી પદ્ધતિઓ ૧૬મી સદીમાં ફ્રેંચ આર્મીના સર્જન એમ્બ્રોઈસ પેરીએ વિકસાવી કાઢી. તેને ઘણા મૃતદેહોનો સિસ્ટમેટિક અભ્યાસ કરી પોતાના અવલોકન નોંધ્યા. બે ઈટાલિયન તબિબોએ પણ મરણ પછી શરીરના કોશોમાં થતા ફેરફારો નોંધી, મોડર્ન પેથોલોજીના પાયા નાખ્યા. વર્ષો તુક્કાઓ લડાવ્યા પછી હવે ફોરેન્સિક વિજ્ઞાને સાચી દિશા પકડી હતી પણ મંઝીલ હજી ઘણી દુર હતી. .

હવે આરોપીઓના બયાન અને કબુલાત કરતા પુરાવા પર વધુ ભાર અપાવા માંડ્યો હતો, કારણકે પુરાવાઓ વૈજ્ઞાનિક પદ્ધતિથી ભેગા કરાતા અને તે કદી જુઠ્ઠું ન બોલતા. પણ લોકલ મેમુથી બુલેટ ટ્રેનની ગતી ફોરેન્સિક વિજ્ઞાને ઈ.સ. ૧૮૫૮થી પકડી. સર વિલિયમ હર્ષલ નામના કુશળ ખગોળશાસ્ત્રી કમ મ્યુઝિક ડિરેક્ટર કમ બ્રિટીશ ઈન્ડિયાના કોલકાતામાં કારકુનની ફરજ બજાવતા ભેજાબાજે જમીન લેવેચના કાગળો પર ખેડૂતોના ફિંગરપ્રિન્ટસ લેવાના શરૂ કર્યા હતા. સરકાર તરફથી અપાતા પેન્શન માટેના કરારો પણ ફિંગરપ્રિન્ટના ધોરણે જ પ્રમાણભૂત ગણાતા. એવા સંજોગોમાં હર્ષલને વિચાર આવ્યો કે કેદીઓના પણ ફિંગરપ્રિન્ટસ સરકારે લઇ રાખવા જોઈએ જેથી ભવિષ્યમાં કોઈ ગુનો થાય તો ડેટાબેઝમાંથી જુના ફિંગરપ્રિન્ટ કાઢી સરખામણી કરી શકાય.

૧૮૮૦માં ડો.હેનરી ફોઉંલડસે લંડનની મેટ્રોપોલીટન પોલીસને પણ આ વિચાર અમલમાં મુકવા કહયું પણ લંડન પોલીસને ફિંગરપ્રિન્ટની વાતમાં ખાસ કઈ માલ લાગ્યો નહીં! ફોઉંલડસે કંટાળીને ચાર્લ્સ ડાર્વિનને પોતાનો આ વિચાર કહયો. ડાર્વિન હવે ઉંમરલાયક થઇ ચુક્યો હતો અને તેની તબિયત પણ ખરાબ રહેતી માટે તેને પણ આ વિચાર પર વિચાર કરવાને બદલે પોતાના ભાઈ ફ્રેન્સીસ ગોલ્ટનને આ માહિતી પર આગળ વધવાનું કામ સોંપ્યું. ગોલ્ટને ફિંગરપ્રિન્ટ પર ઘણું સંશોધન કરી તારણ કાઢ્યું કે કોઈ પણ બે વ્યક્તિઓની ફિંગરપ્રિન્ટ એકબીજાને મળતી આવવાની સંભાવના ૬૪ અબજમાં ૧ ને બરાબર છે, માટે બીજા શબ્દોમાં નહીવત છે.!! ગોલ્ટને અલગ અલગ ફિંગરપ્રિન્ટનો ઝીણવટભર્યો અભ્યાસ કરી ચોક્કસ પેટર્ન બનાવા માંડી. ગોલ્ટનનું ફિંગરપ્રિન્ટ ઉપરનું પુસ્તક આગળ જતા ફોરેન્સિક સાયન્સ માટે મહાગ્રંથ પુરવાર થવાનું હતું.

આર્જેન્ટિનાના ચીફ પોલીસ ઓફિસરે ૧૮૯૨માં ગોલ્ટનના પુસ્તકની મદદથી ફિંગરપ્રિન્ટનો ઉપયોગ કરી પહેલી વાર ખૂનીને પકડી પાડ્યો!! આ તરફ ભારતમાં તો ૧૮૯૭નું સુધી ફિંગરપ્રિન્ટ બ્યુરોની સ્થાપના થઇ ચુકી હતી જેમાં હવે પછીના ગુનાઓ માટે ફિંગરપ્રિન્ટની જ મદદ લેવાશે એમ નક્કી કરી જનતાના ફિંગરપ્રિન્ટના દસ્તાવેજ બનાવના શરુ થઇ ગયા હતા. આ કોલકાતા ખાતેના બ્યુરોના એક્સપર્ટસ અઝીઝુલ હક અને હેમચન્દ્ર બોઝે ઘણા અભ્યાસ પછી ફિંગરપ્રિન્ટ વર્ગીકરણની એટલી સચોટ પદ્ધતિ ઘડી નાખી કે સ્કોટલેન્ડ યાર્ડ અને લંડન પોલીસે પણ જયારે ફિંગરપ્રિન્ટનો ઉપયોગ ફોરેન્સિક સાયન્સ તરીકે કરવાનો નિર્ણય ૧૯૦૧માં લીધો ત્યારે હક અને બોઝે વિકસાવેલી પદ્ધતિ તેમને અપનાવી પડી!! ૧૯મી સદીના અંતમાં સર આર્થર કોનન ડોયલે પોતાની થ્રિલર નવલકથાઓમાં ઉભું કરેલું કાલ્પનિક પાત્ર શેરલોક હોમ્સ પોતાના કાળ કરતા ઘણા આગળના સમયના ફોરેન્સિક સાયન્સનો કાલ્પનિક ઉપયોગ પોતાના કેસ સોલ્વ કરવામાં કરતું! શેરલોક હોમ્સના કાલ્પનિક પાત્રે ગાડીના ટાયરની પ્રિન્ટ, જૂતા અને ચપ્પલની પ્રિન્ટ, હેન્ડરાઈટીંગ એનાલિસીસ વગેરેનો ઉપયોગ કરી પોલિસના મગજની બારીઓ પણ ખોલવા માંડી હતી.

ગોકળગાયની મંદગતિએ આગળ વધી રહેલા ફોરેન્સિક સાયન્સે અચાનક ડી.એન.એ. ફિંગરપ્રિન્ટીંગ ટેકનોલોજી અને આધુનિક વૈજ્ઞાનિક ઉપકરણોના વિકસતા ઝડપ પકડી, અને આજે હવે ૨૧મી સદીમાં તો લેટેસ્ટ ટેકનોલોજીની મદદથી કાનુન કે હાથ ઈતને લંબે હો ગયે હૈ કી ક્રિમિનલ્સનું છટકવું હવે શક્ય જ નથી. હવે એકદમ અવાવરી જગ્યાએ પણ ખૂન થયું હોય જેના સાક્ષી ફક્ત અમુક જીવડા, વંદા, ગરોળી, માખી અને ફૂલપત્તા હોય તો પણ ડિટેકટીવ્ઝે એવી ટેકનિક્સ વિકસાવી કાઢી છે કે તેઓ માખીઓ અને ફૂલો પાસેથી ઘટનાનું સાચું બયાન લઇ ખૂનીને પકડી શકે છે. આજે ફોરેન્સિક સાયન્સ હેઠળ ફોરેન્સિક બોટની, કેમેસ્ટ્રી, એન્થ્રોપોલોજી, આર્કીઓલોજી, એન્ટોમોલોજી, લીમ્નોલોજી, લિન્ગવિસ્ટિક્સ જેવી વિવિધ પેટાશાખાઓ વિકસી ગઈ છે કે હવે ગુનાખોરી ડામવા સાથે સાથે બૌદ્ધિક વિદ્યાર્થીઓ માટે કરિયરના પણ ઘણા ઓપ્શન્સ ખુલી ગયા છે.



# અમેરિકા વીઝાનો ઈન્ટરવ્યુ વખતે ત્યારે શું ધ્યાનમાં રાખશો?



**ચોરની બે તો શાહુકારની ચાર.**

અમેરિકાના વીઝા મેળવવાની લાયકાત ન ધરાવતા અને નોનઇમિગ્રન્ટ વીઝા પર અમેરિકામાં પ્રવેશીને ત્યાં કાયમ રહેવાનો ઇરાદો ધરાવતા અરજદારો અને કોન્સલર ઓફિસરોને આ લટી કહેવત બરાબર લાગુ પડે છે. યેનકેન પ્રકારેણ ઓફિસરોને છેતરીને અરજદારો વીઝા મેળવવાના પ્રયાસો કરે છે, પણ અનુભવી અને ચબરાક ઓફિસરો તેમના પેંતરાઓને પકડી પાડે છે.

**ઓસામા બિન લાદેનની ભેટ**

૨૦૦૧ની ૧૧ સપ્ટેમ્બરના રોજ ઓસામા બિન લાદેન દ્વારા કરવામાં આવેલા આતંકવાદી હુમલાઓને કારણ અમેરિકાના નાક જેવાં ન્યુ યોર્કના વર્લ્ડ ટ્રેડ સેન્ટર્સનાં બે બહુમજલી મકાનો જમીનદોસ્ત કરવામાં આવ્યાં અને અમેરિકાની ઇમિગ્રેશનની ખુલ્લા દ્વારની નીતિ શૂન્ય સહિષ્ણુતામાં ફેરવાઈ ગઈ. આતંકવાદીઓનાં અમાનુષી કૃત્યોને કારણે સેંકડો નિર્દોષ લોકોના જીવ ગયા હતા. કરોડો રૂપિયાની નુકસાની થઈ હતી અને આખું વિશ્વ હાહાકાર કરી ગયું હતું. ત્યાર બાદ અમેરિકાની સરકારે વીઝાના અરજદારોને વીઝા આપવા કે નહીં એનો નિર્ણય લેતાં પહેલાં ફરજિયાત ઇન્ટરવ્યુ માટે હાજર રહેવાનું ઠરાવ્યું.

**ઇન્ટરવ્યુની ભીતિ**

મોટીમોટી કંપનીઓના ડિરેક્ટરો જેઓ તેમને ત્યાં નોકરી માટે અરજી કરતી વ્યક્તિઓના દિવસરાત ઇન્ટરવ્યુ લેતા હોય છે તેઓ તેમને જયારે વીઝા લેવા માટે ઇન્ટરવ્યુ આપવાનો હોય છે ત્યારે ભીતિ અનુભવતા હોય છે. આ ગભરાટ જેમની દાનત ખોરી હોય અને જેઓ એક પ્રકારના વીઝા મેળવીને અમેરિકામાં બીજા પ્રકારના વીઝા દ્વારા થઈ શકતું કાર્ય કરવાનો ઇરાદો ધરાવતા હોય તેમના માટે બમણો થઈ જતો હોય છે. જેઓ અંગ્રેજી લખીવાંચી શકતા હોય છે, પણ જેમને બોલવાનો મહાવરો નથી હોતો તેઓ પણ વીઝા મેળવવા જતાં થથરાટ અનુભવે છે. ઇન્ટરવ્યુમાં સૌથી વધુ અકળામણ તો ફાઇનેન્શિયલ ડોક્યુમેન્ટ્સ દેખાડવાની જરૂરિયાતને કારણે અનુભવાતી હોય છે. મોટા ભાગના વીઝાના અરજદારોની અરજીઓ ગભરાટને કારણે અને પૂરતી તૈયારી કર્યા વગર ઇન્ટરવ્યુ માટે ગયા હોવાને કારણે નકારવામાં આવતી હોય છે.

**ઇન્ટરવ્યુમાં ચકાસણી**

સામાન્ય રીતે કોન્સલર ઓફિસરો અરજદારને તેણે માગેલા વીઝા આપવા કે નહીં એનો નિર્ણય અરજદારોએ વીઝાના અરજીપત્રકમાં જે વિગતો ભરી હોય છે, અરજદારનો પાસર્પોટ શું દેખાડે છે એ જોઈને અને અરજદારના મુખના હાવભાવ, બોલવાની ઢબ, વ સ્ત્રપરિધાન વગેરે જોઈને કરતા હોય છે. ઇન્ટરવ્યુમાં થોડા સામાન્ય જણાતા સવાલો બધા જ અરજદારોને કરવામાં આવે છે અને એકાદબે સવાલ દરેક અરજદારને લગતા અંગત કરવામાં આવે છે. આટલામાં જ અનુભવોના આધારે કોન્સલર ઓફિસરો તેમનો નિર્ણય લઈ લેતા હોય છે. બહુ મોટી સંખ્યામાં ભારતીયો કોન્સલર ઓફિસરોને દેખાડવાના દસ્તાવેજો બનાવટી લઈ જતા હોય છે. આ કારણસર કોન્સલર ઓફિસરો બને ત્યાં સુધી દસ્તાવેજો જોવાનું જ ટાળતા હોય છે, પણ ઘણી વાર શંકા જતા તેઓ દસ્તાવેજોની પાકી ચકાસણી કરતા હોય છે.

**ઇન્ટરવ્યુના સવાલો**

સામાન્ય રીતે વિઝિટર્સ વીઝાના અરજદારોને કોન્સલર ઓફિસરો નીચે મુજબના કે એના જેવા જ સવાલો પૂછતા હોય છે.

૧. તમે અમેરિકા શા માટે જવા ઇચ્છો છો?

૨. અમેરિકામાં ક્યાં જશો? ક્યાં રહેશો? કેટલા દિવસ રહેશો? શુંશું કરશો? શુંશું જોશો? ખર્ચો કોણ આપશે? તમારી સાથે બીજું કોણ આવવાનું છે?

૩. અમેરિકામાં તમારું અંગત સગું યા મિત્રો છે? તેઓ ત્યાં શું કરે છે? તેમનું સ્ટેટસ શું છે? એટલે કે તેઓ અમેરિકન સિટિઝન છે, ગ્રીનકાર્ડધારક છે. જો ટૂંક સમય માટે ત્યાં ગયા હોય તો કયા વીઝા પર ગયા છે? ત્યાં કોને ત્યાં, શું કામ કરે છે?

૪. તમે ઇન્ડિયામાં શું કરો છો? તમારી વાર્ષિક આવક કેટલી છે? પરણેલા છો? બાળકો છે? તેઓ શું કરે છે? તમારી પત્ની/પતિ, માતા/પિતા, ભાઈ/બહેનો ક્યાં છે અને શું કરે છે?

૫. તમે ઇન્ડિયા પાછા આવશો એની ખાતરી શું છે? શા માટે પાછા આવશો? અહીં તમારું એવું શું છે જે તમને ઇન્ડિયા પાછા ખેંચી લાવશે?

**ઇન્ટરનેટ પરની માહિતી**

વીઝાના ઘણા અરજદારો ઇન્ટરનેટ પર મુકાયેલી વીઝાના ઇન્ટરવ્યુ વિશેની માહિતી વાંચતા હોય છે અને એ માહિતીના આધારે પોતાના ઇન્ટરવ્યુ માટેની તૈયારી કરતા હોય છે. ઇન્ટરનેટ પર જે માહિતી મૂકવામાં આવે છે એ સંપૂર્ણ નથી હોતી. માહિતી મૂકનાર વ્યક્તિ કોણ છે? તેની લાયકાતો શું છે? તેના સંજોગો કેવા હતા? આ બધી વાતો તેણે જણાવેલી નથી હોતી. જો જણાવી હોય તો એ સંપૂર્ણ નથી હોતી. માનવીનો સ્વભાવ બડાશ મારવાની અને દેખાડો કરવાની લાલચ રોકી નથી શકતો. જેમના વીઝા નકારવામાં આવ્યા હોય છે તેઓ મોટા ભાગે પોતાની અણઆવડત છુપાવીને કોન્સલર ઓફિસરોને ખોટી રીતે ભાંડતા હોય છે. આ બધી વાતનો ખ્યાલ રાખવો જોઈએ. ઇન્ટરનેટ પર જે ગાઇડન્સ વાંચવા મળે છે એ સંપૂર્ણ નથી હોતું. એના પર આધાર રાખનારા લોકોએ ઘણી વાર પસ્તાવું પડે છે.

Best Wishes to Shikshan Sarvada...
Introducing a Door to Excellence, for your Genius
UNNATI ENGLISH ACADEMY
Wishes you Happy New Year...
DON'T LET YOUR DREAMS BE DREAMS
Unnati ENGLISHACADEMY
A JOURNEY TO EXCELLENCE

Unnati English Academy, Opp. Raghuramji Party Plot, Near Umrigar School, Parle Point, Surat - 395007
0261-2222499, 76210-22499

શિક્ષણ સર્વદાને શુભેચ્છા...
SDRUMS Knowledge Wisdom
શેઠ ધનજીશા રૂસ્તમજી ઉમરીગર મેમોરિયલ શાળા
તમામને દિપાવલી અને નૂતન વર્ષાભિનંદન...
• શિક્ષણ તો માતૃભાષામાં જ
• મારી તમારી સૌની ગમતી ઉમરીગર શાળા એટલે શિક્ષણ, સુવાસ, સંસ્કાર અને સંસ્કૃતિનો ઉત્તમ સમન્વય
• ભાર વગરનું ભણતર
• ઓડિયો વિઝ્યુઅલ અને મલ્ટીમીડીયા પ્રોજેક્ટરની અદ્યતન સુવિધા
• વિશાળ મેદાન, કોમ્પ્યુટર વર્ગખંડ, પુસ્તકાલય જેવી અદ્યતન સુવિધાઓ
• અનુભવી શિક્ષકો દ્વારા શિક્ષણ
• જુદી-જુદી ઇત્તર પ્રવૃત્તિઓ દ્વારા શિક્ષણ

ગોકુલ રો-હાઉસની પાછળ, ઉમરા, સુરત.
ફોન : (૦૨૬૧) ૨૨૨૭૦૭૬, ૨૨૨૦૫૪૫

## એમ.બી.એ. ભણતા વિદ્યાર્થીઓએ આ પાઠ શીખવા જેવો છે

# ખરો લિડર એ જ જે સંસ્થામાં પોતાની ગેરહાજરી વર્તાવા દેતો નથી



## ઈન્ફોસીસના નારાયણ મૂર્થિ અને બેંકિંગ એક્સપર્ટ કે.વી. કામથની કાર્યપદ્ધતિ વચ્ચેની ભેદરેખા સમજવા જેવી

કે.વી.કામથ. પૂરું નામઃ કુંદાપુર વામન કામથ. વતનઃ મેંગલોર, કર્ણાટક. જન્મ તારીખઃ ૨ ડિસેમ્બર ૧૯૪૭. અલબત્ત, એક કલ્ટ, કલ્ચર કે કોર્પોરેટ ધર્મ વિકસાવનાર લીડરને ઉંમર વર્ષ હોતાં નથી. કામથ આઝાદ હિન્દુસ્તાનની સૌથી મોટી કોર્પોરેટ સક્સેસ સ્ટોરી છે પણ જેટલું માનપાન, પર કોલમ સેન્ટીમીટર અખબારી સ્પેશ, ખબરિયા ચૈનલો પરની પૈનલ ડિસ્કશનનો ટાઈમ બીજી સક્સેસ સ્ટોરીઓને મળ્યો છે તેટલો કામથને મળ્યો નથી. ૧૯૫૫માં, આઝાદીનાં સાત વર્ષ પછી હિન્દુસ્તાનની સરકાર અને વિશ્વ બેન્કને ખ્યાલ આવ્યો કે ભારતની ગ્રોથ સ્ટોરીને ગતિ આપવી હોય તો ઉદ્યોગોને સહયોગ આપી શકે તેવી એક બેન્ક ઉભી કરવી જોઈએ. અને એ ખ્યાલ ઈન્ડસ્ટ્રીયલ ક્રેડિટ એન્ડ ઈન્વેસ્ટમેન્ટ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા(આઈસીઆઈસીઆઈ) નામની ફાઈનાન્સિયલ ઈન્સ્ટીટ્યુટમાં પરિણમે છે. ૧૬ વર્ષ પછી ૧૯૭૧માં ચોવીસ વર્ષનો એક તરવરતો છોકરો અમદાવાદમાં તાજો એમબીએ થઈને તેમાં નોકરી મેળવે છે. કુંદાપુર વામન કામથ ટ્રેઈની છે અને તે જે વિભાગમાં તાલિમ લઈ રહ્યો છે તે પ્રોજેક્ટ ફાઈનાન્સ ડિવિઝન છે. કામથ સારા લીડર એટલા માટે છે કેમ કે તે સારા લર્નર(તાલિબ) છે. તમે જયાંથી શીખવાનું બંધ કરી દો છો ત્યાંથી લીડર તરીકે મટી જાવ છો. ઈન્ફોસીસમાં નોન એક્ઝિક્યુટિવ ચેરમેન તરીકે રહીને પોતે કશું કરી શકતા નથી કે શીખી શકતા નથી તે રિયલાઈઝ થયા પછી કામથ કંપનીને નિખાલસતાથી કહે છે કે ઈન્ફોસીસને તેના જૂના લીડર નારાયણ મૂર્થિની જરુર છે...(મૂર્થિએ આ જ કારણથી વિશાલ સિક્કાને ટકવા દીધા લાગતા નથી!) બેંકર તરીકે પૂરી દુનિયામાં નામના કરનાર એક લીડરને પોતાની મર્યાદા સમજાય છે તે તેની સફળતા છે. વાસ્તવિકતા એ છે કે ઈન્ફોસીસને એક જ લીડર ચલાવી શકે છે અને તે છે મૂર્થિ. બેંકિંગ ઈતિહાસ કહે છે કે ભારતમાં બેંકિંગ ક્ષેત્રમાં ટેકનોલોજી કામથ લઈ આવ્યા છે. કામથે ઘરની બાજુમાં એટીએમ નાંખ્યું છે અને લોન આપવામાં કાગળિયાંઓની મર્યાદાઓને તોડી નાંખી છે. એનપીએ વસૂલવાની તાકાતી ફોર્મૂલા તેમણે બેંકોને શીખવી છે અને મંદિરમાં પ્રસાદ ધરતી હોય તે રીતે કામ કરતી સરકારી બેંકોને કામ અને ધંધો કરતાં શીખવાડ્યું છે. લીડર શીખે છે અને શીખવાડે છે. કામથ એટલા માટે સક્સેસ સ્ટોરી નથી કે તેમણે અઢીસો કરોડની બેંકને અઢી લાખ કરોડની માર્કેટ વેલ્યૂ પર મૂકી આપી છે. તે એટલા માટે સફળ લીડર છે કેમકે, તેમણે નવી લીડરશીપ વિકસાવી છે. પોતાની ગેરહાજરીમાં, નિવૃત્તિમાં સંસ્થા કે કંપની પેરાલિટીક બની ન જાય તેનું તેમણે સંપૂર્ણ ધ્યાન રાખ્યું છે. લીડર એ હોય છે કે જે પોતાની ગેરહાજરી વર્તાવા દેતો નથી. તેના જવાથી કોઈ ખોટ પડતી નથી... આઈસીઆઈસીઆઈમાંથી સીઈઓ તરીકે રિટાયર થયા પછી કામથને પાછા બોલાવવાની નોબત આવી નથી.

કોઈ એક માણસની આભા, પ્રભાવ અને જોરતલબી સંસ્થા, સરકાર, કંપની કે મુવમેન્ટને ખતમ કરી નાંખી શકે છે. લીડર નવા લીડરો પેદા કરે છે અને દરેક તબક્કે, દરેક સ્તરે લીડર હોવો જોઈએ તેમ તે માને છે. કોઈ પણ સંસ્થા કે કંપની કે સરકાર ત્યારે જ જીતે છે, ત્યારે જ માર્કેટમાં સ્પર્ધા કરી શકે છે જયારે તેની પાસે લીડરોની એક કસાયેલી ફૌજ હોય છે. આઈસીઆઈસીઆઈએ કામથ નામનો લીડર આપ્યો અને કામથે ચંદા કોચર નામની હોનહાર લીડર આપી છે. ઈન્ફોસીસ મૂર્થિની આભામાંથી નીકળી નથી અને મૂર્થિઓના આધાર

(અનુસંધાન પાના નં.૧૮ પર)

શિક્ષણ સર્વદાને ૧૧ વર્ષ પૂર્ણ કરવા બદલ હાર્દિક શુભકામનાઓ...

Madhavbaug Vidhyabhavan
Managed by Madhav Education and Medical Trust
New Kosad Road, Amroli, Surat-394107.
Ph. : 99799 14147, 0261-2496736
E-mail : mbvamroli@gmail.com
Website : www.madhavbaugsurat.com

Gujarati Medium Jr. Kg. to Std.12th (Com.) (GSEB)

English Medium (GSEB)
Jr.Kg. to Std.10

- Transport facility
- Activity based learning
- Talent exposure for students
- Big playground with sports equipments

Full Day Science
Std. 11th & 12th
(Gujarati Medium - GSEB)

- Qualified staff
- A.c. Classrooms
- Fully equipped laboratory
- A.C. Computer Lab.
- Modern library

પ્રમુખશ્રી ભરતભાઇ પટેલ | ટ્રસ્ટીશ્રી સવજીભાઇ પટેલ | સંચાલકશ્રી જયેશભાઇ પટેલ

શિક્ષણ સર્વદાને ૧૧ વર્ષ પૂર્ણ કરવા બદલ હાર્દિક શુભકામનાઓ...

શ્રી શારદા વિદ્યામંદિર
&
SHARDA ENGLISH ACADEMY

Managed by Saurashtra Education Trust
Singanpor, Causeway Road, Surat.
Ph : 76220 05354, 2515354
E-mail : shardaeng.academy@gmail.com
Website : www.ssvmsurat.com

Gujarati Medium Jr. Kg. to Std.12th (Com.) (GSEB)

English Medium (GSEB)
Jr.Kg. to Std.12 (Com.)

પ્રમુખશ્રી ડૉ. ઝીણાભાઇ ખેની | મંત્રીશ્રી સવજીભાઇ પટેલ | સંચાલકશ્રી જેમિનભાઇ પટેલ

શિક્ષણ સર્વદાને ૧૧ વર્ષ પૂર્ણ કરવા બદલ હાર્દિક શુભકામનાઓ...

દીપ દર્શન વિદ્યાસંકુલ
મેનેજ્ડ બાય : સ્વ. કાનજીભાઇ હરજીવનદાસ પટેલ એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ
દેલાડવા રોડ, ડિંડોલી, સુરત.
ફોન : (૦૨૬૧) ૨૯૦૨૮૦૬
Website : www.deepdarshan.org



Gujarati Medium Jr. Kg. to Std.12th (Com., Sci.) (GSEB)

English Medium (CBSE)
Jr.Kg. to Std.12 (Com.)

ટ્રસ્ટીશ્રી બાબુભાઇ રાખોલીયા | પ્રમુખશ્રી જેઠાભાઇ વાઢેર | ડાયરેક્ટર દશરથભાઇ પટેલ
ડાયરેક્ટર તુષારભાઇ પટેલ | એજ્યુકેશનલ એડવાઇઝર સવજીભાઇ પટેલ | એજ્યુકેશનલ એડવાઇઝર વલ્લભભાઇ પટેલ

# પેરામેડિકલ ક્ષેત્રે આકર્ષક તક એટલે બી.એસસી. મેડિકલ ટેકનોલોજી

તબીબ ક્ષેત્રે રોગનું નિદાન ખૂબ મહત્વનું છે તેથી આ ક્ષેત્રમાં કારકિર્દી મમટેની અનેક શક્યતાઓ ઉભી થઈ છે. રોગના નિદાન માટે વિવિધ વિષયોનું જ્ઞાન, વિશિષ્ટ પ્રકારના આધુનિક સાધનોનો ઉપયોગ અને અનુભવની જરૂર રહે છે તે માટે આ બધી જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને વીર નર્મદ દ.ગુ. યુનિ. દ્વારા બી.એસસી. મેડિકલ ટેકનોલોજી જેવા ડિગ્રી કોર્ષનું નિર્માણ કરવામાં આવ્યું છે.બી.એસસી. મેડિકલ ટેકનોલોજી એ એક ડિગ્રી કોર્સ છે. આ કોર્સમાં પ્રવેશ લેનારને હ્યુમન એનાટોમી, ફિઝિયોલોજી, માઈક્રોબાયોલોજી વિશે માહિતી આપવામાં આવે છે ત્યારબાદ બીજા અને ત્રીજા વર્ષમાં બાયો કેમેસ્ટ્રી, ક્લીનિકલપેથોલોજી, પેરાસીટોલોજી, ક્લીનિકલ માઈક્રો એન્ડ ઈમ્યુનોલોજી, બ્લડ બેંકિંગ, એડવાન્સ ઈન્સ્ટ્રુમેન્ટેશન એન્ડ લેબોરેટરી મેનેજમેન્ટ વગેરે વિષયોનું પૂરેપુરૂ શિક્ષણ આપવામાં આવે છે.

બી.એસસી. મેડિકલ ટેકનોલોજી કોર્સનું નિર્માણ એવી રીતે કરવામાં આવ્યું છે કે જે માત્ર તબીબ ક્ષેત્રે નહીં પરંતુ તે સિવાયના અન્ય પોસ્ટ ગ્રેજ્યુએટ, એપ્લાઈડ સાયન્સ લેવલના અભ્યાસક્રમોમાં જવા માટેની ક્ષમતા પૂરી પાડે છે.મેડિકલ ટેકનોલોજીમાં ગ્રેજ્યુએશન કર્યા બાદ વિવિધ પ્રકારની તકો જેવી કે લેક્ચરરશીપ રીસર્ચ ડેવલપમેન્ટ, લેબોરેટરી ટેકનિશ્યન, સીએસએસડી ઈન્ચાર્જ, બ્લડ બેંક, કવોલિટી કન્ટ્રોલ, સ્પર્મ બેંક, હેલ્થ સેન્ટમાં જોબને લાયક ગણાય છે. આવનાર સમયમાં પેરામેડિકલ ક્ષેત્રે હજારોની સંખ્યામાં તજજ્ઞોની જરૂર પડવાની હોઈ કારકિર્દીની આ સર્વોત્તમ તક બની રહેશે.

## કેવું લાગ્યું શિક્ષણ સર્વદા?

છેલ્લા છ વર્ષથી શિક્ષણ સર્વદા અમે નિયમિત રીતે પ્રકાશિત કર્યું છે. શિક્ષણ જગતમાં ખાસ કરીને વિદ્યાર્થીઓને ઉપયોગી થાય તેવી માહિતીને પ્રાયોરિટી આપીને પ્રકાશિત કરી છે. એ પછી શૈક્ષણિક સંસ્થાઓને સમાચારો ઉદારતાથી પ્રકાશિત કર્યા છે. કારકિર્દી માર્ગદર્શનની નવી કેડી કંડારીને ૧૭૪ જેટલા કારકિર્દી માર્ગદર્શન સેમિનારોમાં ૪૧૦૦૦થી વધુ વિદ્યાર્થીઓને પ્રત્યક્ષ રીતે કારકિર્દીના વિકલ્પોની માહિતી પૂરી પાડી છે. આની સાથોસાથ શિક્ષણ સર્વદાએ સતત પોતાના સમાચારોની અને ભાષાની ગુણવત્તા સુધારવાના સતત પ્રયાસો કર્યા છે. શ્રેષ્ઠ પ્રિન્ટીંગ તેમજ સારો કાગળનો વપરાશ કરીને વાચકોને પૂરેપૂરું વળતર આપવાનો દરેક પ્રયાસ કર્યો છે.

શિક્ષણ સર્વદા વધુને વધુ વાચકપ્રિય બનવા માગે છે. આથી ૮માં વર્ષમાં આગેકૂચ કરતા અમે આપના તટસ્થ પ્રતિભાવની અપેક્ષા રાખીએ છીએ. કેવું લાગ્યું શિક્ષણ સર્વદા? આપના પ્રતિભાવો અમને અહીં મોકલી શકો. શ્રી સાઇ કોર્પોરેશન, નાનપુરા ટીમલિયાવાડ, સુબોધ બેકરીની સામે, સુરત, ૩૯૫૦૦૧. જે અમને સુધારણા માટેની તક પૂરી પાડશે. ઇમેલ **email : shikshansarvada@gmail.com**


શિક્ષણ સર્વદાને ૧૧ વર્ષ પૂર્ણ
કરવા બદલ હાર્દિક શુભકામનાઓ

કાંઠા વિભાગ નવનિર્માણ મંડળ

ડી.સી. પટેલ નવનિર્માણ એજ્યુકેશનલ કેમ્પસ

ન્યુ સિટીલાઇટ રોડ, ભરથાણા (વેસુ), સુરત - ૩૯૫૦૧૭.
ફોન : (૦૨૬૧) ૨૨૬૦૦૦૩, ૨૨૬૨૯૫૧, ૬૫૬૫૦૧૦

ડી.આર. પટેલ એન્ડ આર.બી. પટેલ કોમર્સ કોલેજ

સી.બી. પટેલ કોમ્પ્યુટર કોલેજ (B.C.A.)

નવનિર્માણ ઇન્સ્ટિટ્યૂટ ઓફ મેનેજમેન્ટ

ટી.એન. પટેલ પી.ટી.સી. કોલેજ

જમનાબેન નરોત્તમભાઇ મોતીરામ પટેલ સાયન્સ કોલેજ

નંદુબા ઇંગ્લીશ એકેડેમી

મહેન્દ્રભાઇ આર. પટેલ, ઉપપ્રમુખ અને ટ્રસ્ટી
સુનીલભાઇ એન. પટેલ, પ્રમુખ
મનસુખભાઇ ટી. પટેલ, ઉપપ્રમુખ
વિજયભાઇ બી. પટેલ, મંત્રી
હિતેન્દ્રભાઇ ડી. પટેલ, ટ્રસ્ટી
મોહનભાઇ બી. પટેલ, સહમંત્રી
નાનુભાઇ ટી. પટેલ, ટ્રસ્ટી
પંકજભાઇ જી. પટેલ, ટ્રસ્ટી
પંકજભાઇ એન. પટેલ, ટ્રસ્ટી
નવનીતભાઇ એમ. પટેલ, માનદ્ હિસાબનીસ


## ઈન્ફોસીસના નારાયણ મૂર્થિ અને બેંકિંગ એક્સપર્ટ કે.વી. કામથની કાર્યપદ્ધતિ વચ્ચેની ભેદરેખા સમજવા જેવી

(સાંધણ પાના નં.૧૭ નું)

વિના તે અનાથ છે તે સાબિત થઈ ગયું છે. ઈન્ફોસીસ મૂર્થિના આદર્શો અને વિચારો પર ઉભી થયેલી કંપની છે અને એ જ તેની મર્યાદા બની ગઈ છે. વાસ્તવમાં, મૂર્થિ સફળ બિઝનેસમેન અને ફેઈલ લીડર છે! ઈતિહાસ જુઓ અને તમને સમજાશે કે જેમણે નવી લીડરશીપનો રસ્તો બનાવ્યો છે, નવી કેડરોને સ્થાન આપ્યું છે, પોતાની આભા અને મહત્તાને બદલે સમગ્રતયા સંસ્થા, ઝુંબેશ, કંપની કે વિચારને વેગ અને વજન આપ્યું છે તે લીડર તરીકે સફળ ગણાયા છે કેમકે, તેમનો વારસો એક યા બીજા સ્વરુપે સચવાઈને પડ્યો છે. જિસસ ક્રાઈસ્ટ, મહાત્મા ગાંધી, નેલસન માંડેલા, માર્ટિન લ્યુથર કિંગ મહાન એટલા માટે છે કેમકે, તેમણે વારસાને આગળ ચલાવવા માટે સ્વયંની મહત્તાને ઘટાડી છે.

૨૦૧૧માં મૂર્થિ ઈન્ફોસીસ છોડે છે અને ૨૦૧૩માં તેમને પાછા બોલાવવા પડે છે. ઈન્ફોસીસ હિન્દુસ્તાનનાં યુવાઓનાં દિલોની ધડકન છે. ઈન્ફોસીસ નારાયણ મૂર્થિ છે અને નારાયણ મૂર્થિ ઈન્ફોસીસ છે. અને કામથ નિષ્ફળ છે. કારણ કે, કામથ બે વર્ષમાં ઈન્ફોસીસનો પ્રોફિટ વધારી આપી શક્યા નથી, બેલેન્સ શીટ મજબૂત બનાવી શક્યા નથી, કેશ વધારી શક્યા નથી અને બિઝનેસ લાવી શક્યા નથી. કામથ કહે છે કે જિંદગીમાં એક કર્વ આવ્યો છે. કર્વ એટલે વળાંક. દરેક લીડરની જિંદગીમાં વળાંક આવે છે અને ત્યાંથી જ તેની મંઝિલ માટેની જુસ્તઝુ શરુ થાય છે. મૂર્થિના જીવનમાં પહેલો વળાંક સિત્તેરના દાયકામાં આવ્યો હતો. જે વખતે કામથ ટ્રેઈની તરીકે કામ કરતા હતા તે વખતે તેમણે સોફ્ટ્રોનીક્સ નામની કંપની શરુ કરી હતી અને પછી બંધ કરી દીધી હતી. ૧૯૮૧માં રુ. દસ હજારની મૂડીથી તે ઈન્ફોસીસ શરુ કરે છે અને થોડાં વર્ષોમાં તેની સક્સેસ સ્ટોરીઓ બિઝનેસ સ્કૂલોમાં ભણાવાતી થઈ જાય છે. મૂર્થિ નૈતિક અને કાયદાકીય રીતે ખોટું હોય તો બિઝનેસ કરતા નથી. દેખાવમાં પ્રોફેસર જેવા છે અને તેમની વાણી અને વ્યવહાર સંયમિત છે. ઈન્ફોસીસ મૂર્થિના સિધ્ધાંતો અને શીલની બુનિયાદ પર ઉભી થયેલી કંપની છે અને તેમનો ઓરા હજુ પણ તેની ઉપર છવાયેલો બલ્કે, આવૃત્ત છે. અને આ ઓરા ઈન્ફોસીસની નબળાઈ બન્યો છે. એપલ સ્ટીવ જોબ્સના પડછાયામાંથી બહાર આવતી નથી, સોની કોર્પ. ચેરમેનપદેથી અકિયો મોરિતા નિવૃત્ત થાય છે અને માર્કેટમાં મુશ્કેલી અનુભવે છે, વોલ્ટ ડિઝનીના અવસાન પછી કંપની ખોવાઈ જાય છે, લીડરશીપના પદાર્થ પાઠ ભણતા છોકરાંઓને કહેવામાં આવે છે કે જે કંપનીમાં તમામ જનરેશનની લીડરશીપનું સર્જન થયું હોય છે ત્યાં ટ્રાન્ઝીશન એટલે કે સત્તાનો હાથબદલો સફળતાપૂર્વક થાય છે. મૂર્થિ એ સંદર્ભે નિષ્ફળ લીડર છે.

# પ્લે સ્કૂલ્સે કિટ્ટી પાર્ટી દ્વારા આવકનો નવો સ્ત્રોત શોધી કાઢ્યો



નાનાં ભૂલકાંઓ માટે હોટેલ, રેસ્ટોરાં, ક્લબ કે ફાર્મ હાઉસમાં પાર્ટી આપવાના જમાના ગયા. હવે તો પ્લે સ્કૂલ પાર્ટીનો ટ્રેન્ડ જામ્યો છે. ૩ થી ૧૪ વર્ષનાં બાળકો ધરાવતાં મા-બાપને પણ પ્રિ-સ્કૂલમાં પાર્ટી માફક આવી રહી છે તો સ્કૂલોને પણ આવકનો નવો સ્ત્રોત મળી ગયો છે. પ્રી-સ્કુલમાં પાર્ટી પાછળ પણ એટલો જ ખર્ચ થાય છે જેટલો રેસ્ટોરાં કે ક્લબમાં થાય છે પરંતુ ત્યાં પ્રી-સ્કુલમાં બાળકોને વધુ મોકળાશ મળે છે અને વધુ એક્ટિવિટી કરવા મળતી હોવાથી માબાપમાં તેનું આકર્ષણ વધ્યું છે.

ગયા વીકએન્ડમાં જ દક્ષિણ દિલ્હીની ’પ્લેફુલ માઈન્ડ્સ લર્નિંગ સેન્ટર’ નામની પ્લે સ્કૂલમાં ચાર વર્ષની એક છોકરીની બર્થડે પાર્ટી યોજાઈ હતી. નોઈડાની પ્લે સ્કૂલમાં ભણતી આ ઢીંગલીની પાર્ટી છેક દક્ષિણ દિલ્હીમાં રાખવામાં આવી હતી કારણ કે ત્યાં પાર્ટીનું આયોજન કરવામાં સગવડતા રહે છે અને લોકેશન પણ મહત્ત્વની ભૂમિકા ભજવે છે. આ ટ્રેન્ડ મુંબઈ, બેંગલુરુ અને હૈદરાબાદ જેવાં શહેરોમાં વધી રહ્યો છે.

દેશભરમાં પ્રી-સ્કુલની ૪૫૦ ફ્રેન્ચાઈઝીનું સંચાલન કરતી શેમરોક પ્રિસ્કૂલ્સ એન્ડ શેમફોર્ડ સ્કૂલ્સના ડિરેક્ટર અમોલ અરોરા કહે છે કે, ‘મોટા ભાગના પ્રી-સ્કુલ ફ્રેન્ચાઈઝીધારકો માને છે કે તેમની પાસે જગ્યા છે તો તેમાંથી શા માટે રોકડી ન કરીએ? પ્રી-સ્કુલમાં થતી પાર્ટીથી માબાપને પણ કોઈ વાંધો નથી કારણ કે રેસ્ટોરાં જેવા સ્થળોએ યોજાતી પાર્ટી કરતાં તો અહીંનો સ્ટાફ વધારે સજાગ અને હૂંફાળો હોય છે.‘

પાર્ટી બિઝનેસ ધીમે ધીમે વેગ પકડી રહ્યો છે અને શેમરોકની આવકમાં પાંચ ટકા સુધીનું યોગદાન આપી રહ્યો છે. બે વર્ષમાં આ બિઝનેસ ચાર ગણો વધી શકે છે એમ અરોરાએ ઉમેર્યું હતું.

જે લોકોએ પ્રી-સ્કુલની સ્થાપના કરી છે તેઓ વિચારતા હતા કે આવડી મોટી જગ્યાને બપોરના બે વાગ્યા પછી અન્ય કયા ઉપયોગમાં લેવી? પણ હવે તેમને આવી પાર્ટીમાં જવાબ મળી ગયો છે.


અરોરાએ કહ્યું હતું કે, પ્રી-સ્કુલ સપ્તાહમાં ૨૦ કલાક કરતાં પણ ઓછા કલાક માટે ચાલુ રહે છે. અને પ્રી-સ્કુલમાં તમે ઈઈઝ કોચિંગ સેન્ટર ન ચલાવી શકો, આથી પાર્ટીવાળો બિઝનેસ વેગ પકડી રહ્યો છે. પ્રી-સ્કુલ શરૂ કરવા પાછળ સૌથી મોટો ખર્ચ રિયલ એસ્ટેટનો આવે છે અને જો તેને પહોંચી વળવા માટે અન્ય વ્યવસ્થા કરવામાં ન આવે તો તેનું ટકવું મુશ્કેલ છે.

શેરબજાર પર લિસ્ટેડ કંપની ટ્રી હાઉસ એજયુકેશન એન્ડ એક્સેસરીઝના રાજેશ ભાટિયા કહે છે કે, તેમના મુંબઈ સેન્ટરમાં પ્રી-સ્કુલ માત્ર પેરેન્ટ્સ માટે મહિને આવી ૧૦-૨૦ પાર્ટીઓ કરે છે. પેરેન્ટ્સ અત્યાર સુધી તો સમર કેમ્પ અને ક્રિસમસ પાર્ટી માટે પ્રિસ્કૂલ્સમાં જતાં હતાં પણ હવે બેબી શાવર પાર્ટી પણ યોજવા લાગ્યાં છે. આવી પાર્ટીનો ભાવ રૂ.૫૦,૦૦૦થી શરૂ થાય છે અને તેનો આધાર બાળકોની સંખ્યા પર રહે છે. આની સરખામણીએ ગેમિંગ સ્થળોએ યોજાતી પાર્ટીના ભાવ પણ તેની આસપાસ જ છે.

જેમ કે દિલ્હી, મુંબઈ અને હૈદરાબાદમાં બાળકો માટે પાર્ટીનું આયોજન કરતી ગેમિંગ વેન્યૂ સ્મેશ બાળક દીઠ રૂ.૧,૨૦૦ ચાર્જ કરે છે જેમાં ફૂડ, બેવરિજ અને ગેમનો ખર્ચ સામેલ છે. અમુક કિસ્સામાં ક્લબ અને ગેમિંગ સેન્ટરમાં પાર્ટી યોજવાનો ખર્ચ પ્રી-સ્કુલના ખર્ચ કરતાં પણ ઓછો હોઈ શકે છે.

શિક્ષણ સર્વદાને નૂતન વર્ષની હાર્દિક શુભેચ્છા...

માનવ સેવા એજ પ્રભુ સેવા



શ્રી દીનદયાળ સ્મૃતિ ટ્રસ્ટ સંચાલિત

**શ્રીમતી ડી.આર. રાણા વિદ્યાસંકુલ**

ગુજરાત હાઉસીંગ બોર્ડ, પાનલપુર પાટિયા, રાંદેર રોડ, સુરત.

બાળવિભાગ થી ધો.૧૨ સુધીનું શિક્ષણ

બાળકોનો સર્વાંગી વિકાસ એ જ સંસ્થાનું ધ્યેય...

વિશેષતા: ■ વગર ડોનેશનને પ્રવેશ ■ વર્ગખંડમાં મર્યાદિત સંખ્યા ■ શિક્ષણ સાથે શિસ્ત અને સંસ્કાર ■ વ્યક્તિગત અને રાષ્ટ્રીય ચારિત્ર્યનું ઘડતર ■ ભાવિ નાગરિકોને માનવી બનાવવાનો ખાસ કાર્યક્રમ ■ શિક્ષણનું ઉંચુ સ્તર ■ ધો.૧૦ અને ૧૨ સામાન્ય પ્રવાહનું બોર્ડનું પરિણામ લગભગ ૧૦૦% સુધી ■ ધો.૧૨ વિજ્ઞાન પ્રવાહનું ૯૦% થી ઉપર ■ વિદ્યાર્થીઓની સુષુપ્ત શક્તિઓને જાગૃત કરવા શાળાકીય સ્પર્ધાઓ.

સુવિધાઓ: ■ ફીઝીક્સ, કેમેસ્ટ્રી, બાયોલોજી, કોમ્પ્યુટરની વિશાળ લેબ ■ પ્રોજેક્ટર હોલ ■ ચિત્રખંડ ■ લાયબ્રેરી ■ ૫૦૦ વ્યક્તિ બેસી શકે તેવો વિશાળ સભાખંડ■ હવા-ઉજાસવાળા મોટા વર્ગખંડ ■ રમત-ગમતનું વિશાળ મેદાન

નલિનભાઇ દેસાઇ | ફકીરભાઇ ચૌહાણ | નરોત્તમભાઇ પટેલ

વિજયભાઇ રાણા | સ્નેહલતાબેન ચૌહાણ | દિપકભાઇ રાણા

# જીવનમાં જેટલી એકાગ્રતા વધુ રાખો એટલી સફળતા વધુ મળે

‘જયારે હું કોઈ પણ કાર્યને હાથમાં હોઉં છું ત્યારે એવી રીતે કરું છું કે જાણે સંસારમાં બીજું કંઈ છે જ નહીં.

પશ્ચિમના મહાન ચિંતક ઈમર્સન કહે છે, ’સફળતાનું રહસ્ય તો છે, એકાગ્રતા. યુદ્ધમાં, વેપારમાં, બધા જ પ્રકારની બાબતોમાં.’ જીવનના કોઈ પણ ક્ષેત્રમાં સફળતા પ્રાપ્તક્ષ કરવા એકાગ્રતા અનિવાર્ય છે. આ અંગે હવે યુરોપઅમેરિકામાં પ્રયોગો પણ થઈ રહયા છેઃ હોલેન્ડની ઉચ્ચતર માધ્યમિક શાળામાં આ વિશે એક પ્રયોગ કરવામાં આવ્યો. કેટલાક વિદ્યાર્થીઓને એક વર્ષ માટે શ્રી અંધારે એસ. જોઆ દ્વારા એકાગ્રતા અને ધ્યાનનું શિક્ષણ આપવામાં આવ્યું. પછી તેમણે જે સિદ્ધાંતો મેળવી સિદ્ધિઓ મેળવી હતી તેની સરખામણી અન્ય વિદ્યાર્થીઓ સાથે કરતાં એ જણાયું કે એકાગ્રતાનું શિક્ષણ મેળવેલા વિદ્યાર્થીઓના પરીક્ષામાં ઘણા સારા માર્ક્સ આવ્યા હતા. એટલું જ નહીં, પરંતુ તેઓ ઇતર, પ્રવૃત્તિઓ, ખેલકૂદ વગેરેમાં પણ આગળ રહયા હતા. ઇંગ્લેન્ડ અને યુરોપના અન્ય કેટલાક દેશોમાં પણ હવે એકાગ્રતા અને ધ્યાનનું શિક્ષણ પ્રાયોગિક ધોરણે શાળાઓમાં અપાઈ રહયું છે.

ચીનના સંતા ચાઉંગ ત્ઝુ કહે છે કે જે વ્યક્તિઓ એકાગ્રતાપૂર્વક પોતાનું કાર્ય કરે છે, તેમને સફળતા નિષ્ફળતા મળે છે. એનું દૃષ્ટાંત આપતાં તેઓ જણાવે છે કે એક વૃદ્ધ એંશી વર્ષની ઉંમરે પણ તલવારની ધાર કાઢવામાં આવી, ત્યારે તેણે કહયું કે, ’આખી જિંદગી તેણે આ કાર્ય પર જ પોતાનું ધ્યાન એકાગ્ર કર્યું હતું.’

ચાર્લ્સ કિંગલી કહે છે કે ’જયારે હું કોઈ પણ કાર્યને હાથમાં હોઉં છું ત્યારે એવી રીતે કરું છું કે જાણે સંસારમાં બીજું કંઈ છે જ નહીં.’ બધા પરિશ્રમી વ્યક્તિઓનું આ જ રહસ્ય છે.

જૈન શાસ્ત્રો પ્રમાણે એકાગ્રતા દ્વારા જ મન સ્થિર થઈ શકે, જેવી રીતે સંગીતના વાજિંત્રને ટ્યૂન કરવું પડે છે, તેવી રીતે મનને પણ એકાગ્રતા દ્વારા ટ્યૂન કરવું પડે છે.

સૂર્યનાં કિરણો જયારે લેન્સ પર પડીને કેન્દ્રીભૂત થાય છે, ત્યારે તેની નીચે રાખેલા કાગળને તે બાળી નાખે છે. તેવી રીતે મન જયારે એકાગ્ર થાય છે, ત્યારે તેમાં અદભૂત શક્તિ પ્રગટ થાય છે.

એકાગ્રતાની શક્તિને કારણે જ અર્જુન મહાન ધનુર્ધર બન્યો. ગુરુ દ્રોણે બધાને નાપાસ કર્યા પણ અર્જુનને પાસ કર્યો, કારણ કે તેણે કહયું કે હું ફક્ત પક્ષીની આંખ જ જોઉં છું અને ખરેખર તેણે પછી પક્ષીની આંખ વિંધી. તેવી જ રીતે દ્રૌપદીના સ્વયંવરમાં પાણીમાં પડતો માછલીનો પડછાયો જોઈને માછલીની આંખ વીંધી હતી.

માનવ પશુ કરતાં એની એકાગ્રતાને કારણે જ ચડિયાતો છે.

એક નાનકડો મહાવત મોટા હાથીને અંકુશમાં રાખી શકે છે, એ આ એકાગ્રતાને કારણે જ પશુપક્ષીઓમાં મનની એકાગ્રતા બહુ જ અલ્પ હોય છે. એટલે એમને સરકસમાં તાલીમ આપવી અઘરી પડે છે. એક સાધારણ વિદ્યાર્થી અને હોંશિયાર વિદ્યાર્થીમાં અંતર શેનું છે? એકાગ્રતાનું જ. જે વ્યક્તિમાં જેટલી એકાગ્રતા વધે તેટલી તે મહાન બને છે. દરેક મહાન વ્યક્તિની સફળતાનું રહસ્ય છે, એકાગ્રતા. એક મહાન કવિ, મહાન લેખક, મહાન કલાકાર, મહાન સંગીતકાર, મહાન વૈજ્ઞાનિક, મહાન વેપારી, મહાન વિદ્યાર્થી, આ બધા મનની એકાગ્રતા દ્વારા જ મહાનતાના શિખરે પહોંચ્યા છે. ટેસ્ટમેચોમાં સહુથી વધુ રન કરી વિશ્વ રેકોર્ડ કરનાર સુનીલ ગાવસ્કરે પોતાની સફળતાનું રહસ્ય બતાવતાં કહયું હતું કે તે બચપણથી જ એકાગ્રચિત્તે ક્રિકેટ રમતો તેનું એક જ ધ્યેય હતું મહાન ક્રિકેટ પ્લેયર બનવું. સાધનોના અભાવમાં તે શેરીમાં જ સાધારણ બેટથી રમતો. આમ રમતાં તેણે પડોશીઓના ઘરની બારીના કેટલાય કાચ તોડ્યા હતા!

### શિક્ષણના બેફામ સંઘીકરણ પર પહેલો કોરડોં આણંદની એસ.પી. યુનિ. પર વિંઝાયો

# શિક્ષણના બેફામ 'સંઘી'કરણ પર રોક લાગશે?

**જયેશ બ્રહ્મભટ્ટ**

ભાજપાની સરકાર જ્યારથી ગુજરાતમાં આવી ત્યારથી કેટલીક બાબતો ઉડીને આંખે વળગે તેવી જોવા મળી. આવી બાબતોમાં (૧) શિક્ષણનું નકરું સંઘીકરણ (૨) શિક્ષણનું સાવ જ ખાનગીકરણ અને (૩) શિક્ષણમાં રાજકારણ. લાયકાત વગરના લોકોને શિક્ષણ જગતના એવા પદો આપી દેવાયા કે આખરે કોર્ટે દરમિયાનગીરી કરવી પડી.

તાજેતરમાં આણંદની સરદાર પટેલ યુનિવર્સિટીના કુલપતિ પદે ભાજપ સરકારે કરેલી નિમણૂંકને કોર્ટમાં પડકારવામાં આવતા શિક્ષણ જગતમાં ખાસ કરીને ગુજરાત રાજ્યના યુનિવર્સિટી આલમમાં એટલી તો ધરપત અનુભવાઇ કે અતિશયોક્તિ અને બેફામ શાસકોને લપડાક મળી શકે છે. સરદાર પટેલ યુનિવર્સિટી ઉપરાંત સુરત સ્થિત દક્ષિણ ગુજરાતના ૭ જિલ્લાઓ વચ્ચેની એક માત્ર સ્ટેટ યુનિવર્સિટી, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના કુલપતિ પદે તાજેતરમાં થયેલી ડો. શિવેન્દ્ર ગુપ્તાની નિમણૂંકમાં પણ નીતિ નિયમો નેવે મૂકી દેવાયા. એ સમયે ખાસ્સો વિવાદ પણ જાગ્યો પરંતુ, સંવેદનવિહીન ચામડી ધરાવતા શાસકોએ વિવાદને ગણકાર્યો ન હતો. સુરતના શિક્ષણ આલમમાં બધા યસ મેન હોય એ રીતે કોઇએ ડો. ગુપ્તાની ઉપકુલપતિ પદે નિમણૂંકની સામે હરફ પણ ન ઉચ્ચાર્યો. કેટલાક વિદ્યાર્થી નેતાઓ અને સંગઠનોને બાદ કરતા યુનિવર્સિટી આલમમાં મોટા માથાં થઇને ફરતા તમામે લાયકાત નહીં ધરાવતી વ્યક્તિને વાઇસ ચાન્સેલર માની લીધા. પણ આણંદની સરદાર પટેલ યુનિવર્સિટીની વાત અલગ નીકળી. ત્યાં લાયકાત વગરના કુલપતિ સામે કોર્ટમાં પડકાર અપાયો અને પરીણામ એવું મળ્યું કે સરકાર અને શિક્ષણ વિભાગ ધ્રુજી ઉઠ્યો.

હવે તો સરકાર પણ અસ્તિત્વમાં નથી. ચૂંટણીની આચારસંહિતા લાગૂ પડી ચૂકી છે. આવી સ્થિતિમાં આણંદની સરદાર પટેલ યુનિવર્સિટીથી ઉઠેલા વિવાદે રાજ્યમાં ખાસ્સી ચર્ચા જગાડી અને દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીમાં ડો. ગુપ્તાની નિમણૂંક સામે પણ સવાલો ઉઠવા માંડ્યા છે.

નિષ્ણાંતો કહે છે કે આણંદની સરદાર પટેલ યુનિવર્સિટીમાં કુલપતિ પદે થયેલા નીતિ નિયમોના ભંગ કરતા પણ સંગીન મામલો દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીમાં ડો. શિવેન્દ્ર ગુપ્તાની નિમણૂંકના મુદ્દે જોવાય રહ્યો છે. ડો. ગુપ્તાને તો ટિચીંગ એક્સપિરિયન્સ કશો જ નથી. એટલું જ નહીં પરંતુ, સર્ચ કમિટીના સભ્યોએ ડો. શિવેન્દ્ર ગુપ્તાની નિમણૂંક પહેલા રાજ્ય સરકારને એક પત્ર પણ લખ્યો હતો કે તેમની નિમણૂંક પહેલા કેટલાક ચોક્કસ પરિબળોને ધ્યાનમાં લેવા જોઇએ. પરંતુ, શિક્ષણનું સંઘીકરવા નીકળેલા લોકોએ આંખો પર પટ્ટી મારી દીધી હોય એમ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના કુલપતિ પદે ડો. શિવેન્દ્રને ઠઠાડી દીધા. હવે સરદાર પટેલ યુનિવર્સિટીના મામલા પછી ડો. શિવેન્દ્રની ખુરશી સામે પણ જોખમ આવી ઉભું છે.

## નૈતિક્તાની વાત જ ક્યાં આવે? શિક્ષણમંત્રી વાનાણી હોય કે ઉપકુલપતિ ડો. ગુપ્તા હોય

નૈતિક્તાની હદ શું હોય? ભાજપી સરકારનું માનવામાં આવે તો કશી હદ હોતી નથી. બીજી બધી વાત છોડી દઇએ શિક્ષણ સર્વદા શિક્ષણ જગતનું અખબાર છે એટલે શિક્ષણની વાત કરીએ તો રાજ્ય સરકારમાં શિક્ષણમંત્રી પદે જ્યારે સુરતના નાનુ વાનાણીની નિમણૂંક થઇ ત્યારે એ વિવાદે ખાસ્સી ચર્ચા દેશભરમાં જગાડી હતી કે ચાર ચોપડી પાસ ગુજરાત સરકારમાં શિક્ષણ મંત્રી બની ગયા. ત્યાંથી શરૂ થયેલું નૈતિક્તાનું અધઃપતન સરકારની ટર્મ પૂરી થઇ ત્યાં સુધી ચાલ્યું. એક પછી એક પોતાની જ નૈતિક્તાની હદ ભાજપીઓએ વટાવી. છેલ્લે યુનિવર્સિટીઓના કુલપતિઓની નિમણૂંકોમાં સંઘીઓને ઠઠાડી દીધા. એટલું સમજી શકાય કે રાજકારણીઓ પાસે નૈતિક્તાની અપેક્ષા રાખી ન શકાય. પરંતુ, શિક્ષણ જગતમાં રહેતી વ્યક્તિ નૈતિક રીતે એટલી ચુસ્ત હોય કે પોતાની સામે એક નાનો વિવાદ ખડો થયો હોય તો પોતાની જગ્યાએથી રાજીનામું આપી દે. આવી અનેક ઘટનાઓ વીર નર્મદ યુનિવર્સિટીમાં બની છે. પણ હાલના કુલપતિ ડો. શિવેન્દ્ર પાસે શિક્ષણશાસ્ત્રીઓ નૈતિક્તાની અપેક્ષા કેવી રીતે રાખી શકે? જેમ ચાર ચોપડી પાસ નાનુ વાનાણીને ભલે નીટ, જેઇઇ, કે.વી.પી.વાય., એફ.એમ.જી.ઇ., એસ.એ.ટી., જીઆરઇ વગેરેમાં ટપ્પો ન પડતો હોવા છતાં ટર્મ પૂરી થાય ત્યાં સુધી શિક્ષણમંત્રી રહી શકે તો ડો.શિવેન્દ્ર કેમ યુનિવર્સિટીના કુલપતિ પદે ન રહી શકે?

**સ્ટ્રેટ શોટ**

અરે નૈતિક્તા કંઇ બજારમાં થોડી મળે છે કે તેને ખરીદીને બતાવી શકાય. એ તો વ્યક્તિના ઘડતરમાંથી જન્મે છે.

## ડો. શિવેન્દ્ર અને સલાકારોને સ્ટીંગનો ભય?!!

બોલવામાં બફાટ થઇ જાય અને કોઇ રેકોર્ડિંગ કરી લે એવા ભયથી પીડાતા હોય તેવા વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના પહેલા કુલપતિ છે ડો. શિવેન્દ્ર. કેટલાક લોકોને બાદ કરતા યુનિવર્સિટીમાં વી.સી.ને મળવા જતા મુલાકાતીઓ પાસેથી મોબાઇલ ફોન લઇને સાઇડ પર મૂકાવી દેવામાં આવે છે. આવું યુનિવર્સિટીમાં પ્રથમ વાર થઇ રહ્યું છે. તપાસ કરતા જાણવા મળ્યું કે ડો.શિવેન્દ્ર અને તેમના સુપર સહાયકો એવા ભયથી પીડાય છે કે યુનિવર્સિટીની બારાખડી નહીં જાણતા ડો. શિવેન્દ્ર કશું બોલવામાં બફાટ કરી દે અને કોઇ સ્ટીંગ કરીને ઓડીયો-વિડીયો ફરતો કરી દે તો નાલેષી મળે. લેખક છેલ્લા ૨૨ વર્ષથી યુનિવર્સિટીમાં જર્નાલિઝમ અર્થે મુલાકાતે જાય છે. અત્યાર સુધી અનેક વાઇસ ચાન્સેલર્સ જોયા ડો. શિવેન્દ્ર જેવા કુલપતિ પહેલી વખત જોવા મળ્યા. આમ કોઇ યુનિવર્સિટીના ઉપકુલપતિની આટલી નબળાઇ હોઇ શકે કે તેમને મળવા જનારા મુલાકાતીઓ, પત્રકારો, અધ્યાપકો કે અન્યોએ પોતાના મોબાઇલ ફોન બહાર મૂકી દેવા પડે?

લાસ્ટ પેજ મેટર